બફૂયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**જાન્યુઆરી-૨૦૨૩**

જમાદિઉલ્ અવ્વલ-જમાદિઉલ્ આખર
હિજરી સન : ૧૪૪૪

વર્ષ : ૨૦, અંક : ૦૧, સળંગ અંક : ૨૨૮

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૫૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે તાહિરુલ ક઼ાદરીના જૂઠા પ્રચારનો પર્દાફાશ ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 12 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 15 |
| 04 | હદાઈક઼ે બખ્શિશ (ભાગ : ૨) | 17 |
| 05 | તઝકેરતુલ અવલિયા : હઝરત શક઼ીક઼ બલ્ખી رضی اللہ عنہ | 21 |
| 06 | ક઼ાનૂને શરીઅત (ભાગ : ૨) | 23 |
| 07 | એક મઝલૂમ મુજાહિદે આઝાદી : અલ્લામા ફઝ્લે હક્ક઼ ખૈરાબાદી رحمۃ اللہ علیہ | 27 |
| 08 | શીઆ સુન્ની ભાઈ ભાઈનો નારો આપનાર સુધારક છે કે ખરાબી ફેલાવનાર ?! | 33 |
| 09 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 40 |
| 10 | ઈમાનવાળા છો તો દુનિયાને આખેરત કરતાં.... | 44 |
| 11 | ઈસ્લામમાં સ્ત્રીઓને ચાર પતિની ઈજાઝત કેમ નથી ? | 48 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## અય શફીએ ઉમમ્ તુમ પે બેહદ સલામ

અય શફીએ ઉમમ્ તુમ પે બેહદ સલામ
અય જમીલુશ્શિયમ્ તુમ પે બેહદ સલામ

જબ મદીને કે માહે તમામ આ ગયે
હો ગયા કા'બા ખમ તુમ પે બેહદ સલામ

ફ઼િક્રે ઉમ્મત મેં લબ પર દુઆએં રહી
આંખ રહતી થી નમ, તુમ પે બેહદ સલામ

ફિર મદીને મેં હમકો બુલા લિજીયે,
અય મેરે મોહતરમ ! તુમ પે બેહદ સલામ

લબપે જારી હો કલમા ઝબાં પર દુરૂદ
જબ ભી નિકલે યહ દમ, તુમ પે બેહદ સલામ

ગૌષો ખ્વાજા રઝા કે તુફૈલ અય કરીમ
રખના મેરા ભરમ, તુમ પે બેહદ સલામ

ચાહતા હૈ રઝા ''શાકિરે'' ગમઝદા
કહ દો રાઝી હૈં હમ, તુમ પે બેહદ સલામ

## હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે

# તાહિરુલ ક઼ાદરીના જૂઠા પ્રચારનો પર્દાફાશ !

**तंत्री लेख**

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! તાહિરુલ ક઼ાદરીની ગુમરાહીઓ વિશે અગાઉ પણ તમો બરકાતે ખ્વાજા મંથલીના (નવે. ૨૦૧૧ થી એપ્રિલ–૨૦૧૨)ના અંકોમાં તેમજ અમારી પ્રકાશિત કિતાબ "તાહિરુલ ક઼ાદરી હક઼ીક઼તના આઈનામાં" જોઈ ચૂક્યા છો. આજે ફરી એકવાર **તાહિરુલ ક઼ાદરીએ કેટ કેટલાં જૂઠો બોલીને એહલે સુન્નત વ જમાઅતમાં ગુમરાહીને ફેલાવવા તથા તેને હવા આપવા માટે** જે બયાન કરેલ છે તેને પ્રથમ દર્શાવીને અહલે સુન્નતના અસ્લાફ (પૂર્વજ ઉલમા બુઝુર્ગો)ની કિતાબોના આધારે તેના જૂઠોને ઉઘાડાં પાડીને તેને શક્ય તેટલી વિગતે સંપૂર્ણ હવાલાઓ સાથે રજૂ કરીએ છીએ. તાહિરુલ ક઼ાદરીનાં ડંફાશ મારતાં, જૂઠી ક઼સમો સાથે ચેલેંજ કરતાં અમુક બયાનો સાંભળી કેટલાય નાદાન ભાઈઓ, તેની ગુમરાહીમાં ફસાઈ પડયા છે, કેટલાક ખાનકાહવાળા પણ શીઆઈયત તરફ વળી ગયા છે, તેઓ આ લેખ જરૂર વાંચે. અને અસલિયતને સમજી હક્ક઼ને સ્વીકારી પોતાની આખેરત સંવારી લે. અહલે હદીષ, વહાબી, દેવબંદી, શીઆ, રાફઝી વગેરે ફિર્ક઼ાઓના એહલે સુન્નત સાથેના મતભેદને પાયાનો (અક઼ીદાનો) નહીં પણ ઉપર ઉપરનો દર્શાવી ચર્બ ઝબાનીથી ભોળી સુન્ની અવામ પર ઢોંસ જમાવવાનો પ્રયત્ન કરનાર, આ ગુમરાહી ફેલાવનાર તાહિરુલ ક઼ાદરીના હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશેના બયાનને પણ પ્રથમ વાંચો પછી તેમના જૂઠોનો પર્દાફાશ અમોએ અહલે સુન્નતના બુઝુર્ગોની કિતાબો થકી કરીને હક્ક઼ને ધોળા દિવસની જેમ સ્પષ્ટ કરેલ છે તેનો અભ્યાસ કરો અને હજી તમારા દિલમાં આવા ગુમરાહ મોલ્વી માટે કાંઈ સ્થાન હોય તો તેનાથી દિલને પાક કરો અને અહલે સુન્નતના હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે સાચા અક઼ીદાને દિલમાં જગા આપો એમાં આપણા સૌની દુનિયા તથા આખેરતની ભલાઈ છે. પોતાની ગુમરાહીઓ વિશે જગ જાહેર થવા છતાં તૌબા ન કરનાર આ હઠીલા મોલ્વીનું બયાન સાંભળો ! :

www.barkatekhwaja.net

### ★ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ વિશે તાહિરુલ ક઼ાદરીનું ગુમરાહીભર્યું બયાન ★

**તાહિરુલ ક઼ાદરીનું જૂઠી ડંફાશોભર્યું બયાન** : "૧૪૦૦ સાલમેં હઝારોં કિતાબેં ભરી પળી હૈં. હર કિતાબને આંખે ખોલકર રખ દિયા હે. ફક્ત ક્યા હે કફ્ફે લિસાન (મૌન) હે ! જો ઝબાન દરાઝી કરતે હૈં વો અહલે સુન્નતમેં નહીં રહતે. વો ઈધર ચલે જાતે હૈં. જો ઉનકી (મુઆવિયહકી) મન્ક઼બતકે ઝંડે ઉઠાતે હૈં, નારે લગાતે હૈં વો અહલે સુન્નતમેં નહીં રહતે, વો ખારજીયોં કી તરફ ચલે જાતે હૈં, **ખારજી હો જાતે હૈં**. યા રાફઝી બનો યા ખારજી બનો, યહ ભી ગલત વો ભી ગલત. અગર અહલે સુન્નત રહના હે તો હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ કા મન્સબ ફક્ત યહ હે કે નિસ્બતે સહાબિયતકી વજહસે કફ્ફે લિસાન હે. ચૂપ ! તઅનો તસ્નીઅ (મહેણાં ટોણાં) નહીં કર સકતે, લઅન તઅન નહીં કર સકતે, નિશાનએ તન્કીદ નહીં બના સકતે, કાફિર ઔર ફાસિક઼ નહીં કહ સકતે, યહાં ઈસસે મના કિયા. યહ હે અહલે સુન્નતકા અક઼ીદા ! ઈસસે બળ્હેંગે ઈસ તરફ તો રાફઝી બનેંગે, ઈધર બળ્હેંગે તો ખારજી બનેંગે. આપ ચુઝ કર લેં કયા બનતે હૈં. ૧૩૦૦ સાલ કા અહલે સુન્નત વ જમાઅતકા

ઝખીરાએ ઈલ્મ મુત્તફક઼ા ! જિસ પર ઈખ્તેલાફ નહીં. મૈં જિમ્મેદારીસે કહતા હૂં કિતાબેં પળ્હેં, ખંગાલેં કુતુબકો, ઈલ્મકે સમંદરમેં ગોતાઝની કરેં આપ તો પતા ચલે. ૧૨–૧૩ સો સાલમેં ઉસૂલે દીન ઔર ઉસૂલે અક઼ાઈદકે ઔર ઉસૂલે ફિક઼્હકે કિસી એક આલિમ ફક઼ીહ ઔર ઈમામને ઉનકા દિફઅ નહીં કિયા. યહ અક઼ીદા કહાંસે નિકલ આયા ! લોગ ઝબાન બંદ કરાતે થે ૧૩૦૦ સાલ તક અઈમ્મા, ઔર આજ યહ અક઼ીદા કહાંસે આયા કે આપ ઉન્કે નારે લગાએં, ઉનકે ઝંડે ઉઠાએં, ઔર મસ્જિદેં બજાએ મસ્જિદે અલી કે ઉનકે નામ પર રખ્ખેં ! ઉનકી શાનોં પર તરાનેં ઔર ક઼સીદે ગાએં ! ઉનકે જલસે કરેં ઔર ઉનકે ઉર્સ મનાએં ઔર યવમે નિયાઝ મનાએં ! ખુદાકે લિયે મુઝે બતા દો ! ૧૩૦૦ સાલમેં યહ અક઼ીદા મૈને અપની ઝિંદગીમેં નહીં દેખા, ઔર વો ખિતાબ કર રહે હૈં પૂરા હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ કી શાનમેં ! ઐસે લોગોંકો શર્મ આની ચાહિયે ઔર ડૂબકે મર જાના ચાહિયે. યહ બુગ્ઝ રખનેવાલે હૈં અહલે બયતસે ! યહ હરગિઝ સુન્ની નહીં હૈં, દુશ્મનાને અહલે બયત હૈં યહ લોગ ! યહ ભેળીયે અહલે સુન્નતમેં ઘુસ ગયે હૈં. ઔર દન્દનાતે ફિરતે હૈં ઔર યહ અક઼ીદા સહીહાકો ભી બર્બાદ કરેંગે. મૈં મુતનબ્બેહ (સાવધાન) કર રહા હૂં. યહી વો લોગ હૈં જો હમ પર ફત્વે લગાતે હૈં ઔર મિન્હાજુલ કુર્આન કે ખિલાફ ૨૪ ઘન્ટા મુહિમગીરી કરતે હૈં. અભી હમારે ઉલમા જો ચુપ બૈઠતે હૈં. કિસ લિયે ચૂપ બૈઠતે હૈં ?! ઐસે લોગોંકે ગિરેબાન પકળેં ઔર જૂટે મારકર ઉનકો મસ્જિદોંસે બાહર નિકલ દેં !!......... (તાહિરુલ ક઼ાદરીનું બયાન ખત્મ થયું)

**નોંધ** : એવી સ્ટાઈલમાં ચેલેંજ સાથે ખૂબ જ ભારપૂર્વક કે સામાન્ય માણસ તો અંજાય જ જાય એવા ઠઠારા ને ભપકા સાથે કેવાં કેવાં જૂઠ તાહિરુલ ક઼ાદરી પાગલ જેમ બોલે જાય છે, તેનો પર્દાફાશ અહલે સુન્નતના મોઅ્તબર આલિમે દીનના માર્ગદર્શન પરથી અત્રે રજૂ કરીએ છીએ તેને જોઈ લો ! અને તાહિરુલ ક઼ાદરીની ગુમરાહીથી બચો.

## ★ ફઝાઈલ ન વર્ણવો એવું હજારો શું ઉમ્મતની એક કિતાબમાં પણ નથી !! ★

તાહિરુલ ક઼ાદરી કહે છે : ૧૪૦૦ સાલની કિતાબો ભરેલી પડી છે (કે હઝરત અમીર મુઆવિયહની શાનના બારામાં મૌન રહેવામાં આવે) **હું કહું છું ૧૪૦૦ વરસમાંની કોઈ એક વરસની એક મહીનાની એક કિતાબમાં પણ એનો (આ વાતનો) ઉલ્લેખ નથી, કોનો ? કે જે હઝરત મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ વર્ણન કરે તે નાસબી (ખારજી હઝરત અલી رضی اللہ عنہના દુશ્મન) છે.** કફ્ફે લિસાન'' (ચૂપ રહેવું) જે છે તે એ છે કે તેમની વિરૂધ્ધ બકબક ન કરવામાં આવે, ઝિક્રે ખૈર (સારા વર્ણન)નો તો હુકમ છે ! અને વળી ઉલ્ટુ એ કે **''જો ફઝાઈલ વર્ણન કરશો તો નાસબી (ખારજી) બની જશો !'' આવું કોઈ એક કિતાબમાં નથી.** છતાં આ નિર્લજજતાની સાથે કહે છે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ વર્ણન કરશો તો નાસબી (ખારજી) બની જશો ! આટલી મહાન પોલ આ તાહિરુલ ક઼ાદરી ચલાવે છે ! અને પ્રોપેગન્ડા કરે છે કે ફઝાઈલ વર્ણન કરવાનું તો આ ઉમ્મતમાં હતું જ નહીં ! **જ્યારે કે ઉમ્મતની અંદર એક એક કિતાબ અને કિતાબમાં દસ દસ પ્રકરણો મુઆવિયહ رضی اللہ عنہની ફઝાઈલનાં મૌજૂદ છે.**

## ★ એક અતિ જરૂરી ઈમાની સ્પષ્ટતા ★

અમે અલલ એલાન કહીએ છીએ કે **જે હઝરત અલી رضی اللہ عنہના પ્રતિ બુગ્ઝ, અદાવતના કારણે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ વર્ણન કરે, સુન્નીનો એની સાથે કોઈ જ સંબંધ નથી.**



www.barkatekhwaja.net

અને તેનો **આ અંદાઝ ગૈર શરઈ છે ઘણો જ અધિક ધુત્કારાયેલો છે, મરદૂદ છે.** સુન્ની જે હઝરત મુઆવિયહ رضی اللہ عنہનો ઉલ્લેખ કરે છે તે ન તો હઝરત અલી رضی اللہ عنہથી વધારવાના માટે કરે છે, ન તો મૌલા અલી رضی اللہ عنہની સાથે બરાબરી માટે કરે છે, ન મૌલા અલી رضی اللہ عنہની અફઝલિયત, અકમલિયત, અગ્રતા તથા અઝમતના ઈન્કાર માટે કરે છે, ન મૌલા અલી رضی اللہ عنہના બુગ્ઝના માટે કરે છે. સુન્ની કેમ કરે છે ? સુન્ની એટલા માટે કરે છે કે અલ્લાહે જ્યારે અઝલમાં પોતાના નબી ﷺના સહાબા ચૂંટી કાઢયા હતા એમનામાં આ હસ્તી હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને પણ રબે ચૂંટી કાઢયા હતા. જેમને રબે, સરકાર ﷺ માટે ચૂંટી કાઢયા અને જેમને સરકાર ﷺએ પસંદ કર્યા, વહીના કાતિબ (લખનારા) બનાવ્યા. વળી એમનામાં મુસાહરતનો સંબંધ પણ છે કે એમની (હઝરત મુઆવિયહ رضی اللہ عنہની) બહેન હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا જે હુઝૂર ﷺનાં પત્ની સાહેબા છે, તે ખાલુલ મો'મિનીન (મો'મિનોના મામા) છે, તે કાતિબે વહી છે, તે મહાન મુસ્લિમ ફાતેહ (વિજેતા) છે, એના આધારે તેમનો ઉલ્લેખ કરવામાં આવે છે. **મૌલા અલી رضی اللہ عنہના મુક઼ાબલા (સરખામણી)ના માટે કદાપિ એમનો ઉલ્લેખ નથી કરવામાં આવતો.** હવે એમનો જ ઝિક્ર રોકવાના માટે નાસબી (ખારજી) હોવાનો ટોણો મારવામાં આવે છે ! કે ફઝાઈલે મુઆવિયહ رضی اللہ عنہ બયાન કરશો તો નાસબી (ખારજી) બની જશો. તાહિરે કહ્યું "જે ફઝાઈલ વર્ણન કરે તો નાસબી (ખારજી) બની જાય છે" **પણ આ વાત તદ્દન ગલત છે.** અમીરે મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલ તો આખી ઉમ્મત વર્ણન કરતી આવી છે.

www.barkatekhwaja.net

## ★ ફઝાઈલમાં પ્રકરણો, ફઝાઈલ પર કિતાબો લખવામાં આવી ★

ફઝાઈલનું એવું નથી કે આજે હવે આ બયાન કરવાં શરૂ થયાં, બલ્કે એ દરેક દૌરની અંદર એવા રહ્યાં અને પછી જ્યાં પણ જરૂરત પડી ત્યાં આ ચીજને વર્ણવવામાં આવી. અહલે સુન્નતની અંદર એક ઉલઝન જોવા મળે છે. કેટલાય વરસોથી તાહિરુલ ક઼ાદરીની આ તક઼રીરના આધાર પર, વળી તેમણે એમાં ઘણો ગલત દાવો કર્યો છે. વળી તેમણે અમુક નામો રટી લીધેલાં છે જે પણ વિષય હોય એ અમુક અકાબિર (અહલે સુન્નતના અગ્રેસર બુઝુર્ગો ઉલમા)નાં નામો લઈ લે છે કે કોણ ચેક કરવાનું છે ! કે તેમણે આવું લખ્યું છે કે નથી લખ્યું ?! કસ્તલાનીએ લખ્યું, અસ્કલાનીએ લખ્યું, બુશૈરીએ લખ્યું, રૂમીએ લખ્યું, જામીએ લખ્યું, અ઼યનીએ લખ્યું. (આવું ઠોકી આપે છે !)

તો આપણે એ પણ જોઈશું કે તેમણે કેટલાં જૂઠો બોલેલ છે, કેટલા પ્રમાણમાં ખયાનત કરી છે અને એના પર જે અમે વર્ણવીશું અલ્લાહના ફઝ્લથી તેના મરતા દમ સુધી તાહિરુલ ક઼ાદરીને ચેલેંજ પણ છે કે જે અમે એની ગલતીઓ કાઢી છે તે કહે કે મેં નથી કરી અને અસલ કિતાબ આ છે. હમણા હું મુહદ્દિષોની કિતાબો બતાવીશ જેમણે બાબ (પ્રકરણ) લખ્યાં : બાબો ફઝાઈલે મુઆવિયહ, અથવા બાબો મનાક઼િબે મુઆવિયહ رضی اللہ عنہ (મનાક઼િબ = પ્રશંસા) તો એના મુતાબિક઼ તો આખી ઉમ્મતને નાસબી માનવી પડશે !

## ★ કફ્ફે લિસાન (મૌન રહેવું) એટલે શું ? ★

એ છે કે તેમની (હઝરત મુઆવિયહ رضی اللہ عنہની) વિરૂધ્ધ બકબક ન કરવામાં આવે, ઝિક્રે ખૈરનો તો હુકમ છે, અને કફ્ફે લિસાન એટલે મુશાજરાતની અંદર એટલુ કહી દો કે, "હઝરત અલીયે મુર્તઝા رضی اللہ عنہ હક્ક઼ પર હતા અને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ખતા પર હતા." હવે એના પછી કફ્ફે લિસાન (ચૂપ રહેવાનું) છે કે આગળ કોઈ અન્ય શબ્દ ન બોલો. એટલે ટીકા ટીપ્પણ ન કરવામાં આવે, એના લેહાઝથી કફ્ફે લિસાન

(મૌન રહેવું) છે. ન એ કે એમની ફઝીલત પણ ન વર્ણવો અથવા ફઝાઈલનો ઈન્કાર કરો. અને પછી વળી ઉલ્ટુ એ કે, **"ફઝાઈલ વર્ણવશો તો નાસબી બની જશો" એવું કોઈ એક કિતાબમાં પણ નથી.** જેના માટે હવાલો એક પણ નથી છતાં કેટલી નિર્લજ્જતાથી તાહિરુલ કાદરી કહે છે કે, "હજારો ઉલમાએ સ્પષ્ટતા કરી છે !" એના પર હું કેટલાક હવાલાઓ પેશ કરવા ચાહુ છું કે કોણે કોણે ફઝાઈલ (હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના) વર્ણવ્યા. આમ તો જો કે દરેક સદીના ગણીશું તો ખૂબ જ લાંબો મસ્અલો બની જશે જેથી અમો કેવળ પ્રકરણો વર્ણવીએ છીએ :

## ★ ઈમામ તિર્મિઝીની હદીષની કિતાબોમાં હઝરત મુઆવિયહ رضی اللہ عنہના ફઝાઈલનું વર્ણન ★

આ મહાન ઈમામ ત્રીજી સદી હિજરીમાં થઈ ગયા (વફાત : હિ. ૨૭૯) આ છે એમની સુનને તિર્મિઝી, દરેક બંદો જાણે છે કે સિહાહ સિત્તામાં એનું કેટલુ ઊંચુ સ્થાન છે. સુનને તિર્મિઝીમાં કિતાબુલ મનાકિબ છે, જે બૈરૂતમાં છપાઈ છે, જેની જિલ્દ (ભાગ) નં. ૪, પેજ નં. ૫૨૬ બાબ નં. ૪૮, બાબો મનાકિબે મુઆવિયતબ્ને અબી સૂફયાન رضی اللہ عنہ. એના હેઠળ ઈમામ તિર્મિઝીએ ૩૮૪૨ હદીષ નંબર લખી, પછી ૩૮૪૩ નંબર હદીષ લખી. તો તિર્મિઝી જેવી કિતાબમાં આખુ ચેપ્ટર (પ્રકરણ, બાબ) છે. એટલે કે મુહદ્દિષો બાબ (પ્રકરણો) રચી રહ્યા છે અને ઉમ્મત સદીઓમાં લાખો કરોડો લોકો પઢતા પઢાવતા આવી રહ્યા છે. જ્યારે એની (તાહિરુલ કાદરીની) નજીક જે મનાકિબ (પ્રશંસા) વર્ણવે તે નાસબી (ખારજી) છે. અને કહે છે કે આ લોકો ક્યાંથી આવી ગયા ?! ઉમ્મતે તો કદી એવું કર્યું ન હતું ! શું ઈમામ તિર્મિઝી ઉમ્મતમાં નથી ?! તેમની કિતાબ શું પૂરી ઉમ્મતની તર્જુમાન (પ્રતિનિધિત્વ કરનારી) નથી ?! નાદાન લોકો તાહિરુલ કાદરીની નિર્લજ્જતાપૂર્વકની જૂઠી ડંફાશ મારતી રજૂઆતથી અંજાય જઈને પરેશાન થઈ જાય છે ! પણ તેમની ડંફાશની અસલિયત આ છે તે જાણો.

એવી જ રીતે ઈમામ તિર્મિઝીની બીજી એક મોટી કિતાબ છે તેનું નામ છે "અલ જામિઉલ કબીર" તેની જિલ્દ (ભાગ) નં–૬ તેની અંદર પેજ નં. ૧૫૭ અને પ્રકરણ (બાબ) નં. ૪૭, હદીષ નં. ૩૮૪૨ અને ૩૮૪૩, પ્રકરણ (બાબ)નું નામ છે : બાબો મનાકિબે મુઆવિયતબ્ને અબી સુફયાન رضی اللہ عنہما

www.barkatekhwaja.net

## ★ ઈમામ અહમદ ઈબ્ને હંબલની કિતાબમાં ફઝાઈલે મુઆવિયહ ★

એ જ પ્રમાણે હઝરતે ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ, એટલે આપ ચાર ઈમામોમાંથી છે, તેમની કિતાબ "ફઝાઈલે સહાબા" رضوان اللہ تعالیٰ علیہم اجمعین તેની જિલ્દ (ભાગ) નં. ૨, પેજ નં. ૧૧૫૫. અહીં લખ્યું છે **"ફઝાઈલે મઆવિયતબ્ને અબી સુફયાન"** رضی اللہ عنہما પહેલાંના હવાલાઓમાં "મનાકિબ" શબ્દ હતો અહીં "ફઝાઈલ" છે. તો બતાવો ! શું ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ ઉમ્મતમાં નથી ?! **તો શું તાહિરુલ કાદરીના કહેવા પ્રમાણે ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ નાસબી (ખારજી) થઈ ગયા ?!** બપોરનો સૂરજ ચમકી રહ્યો હોય છતાં કોઈ કહે કે ના ! હજી તો અંધારી રાત છે ! આ પ્રમાણે તાહિરે અહલે સુન્નતની સાથે (ધોકાનો) ધંધો અપનાવ્યો. હવે એના સિવાય હજારો કિતાબોમાં હદીષો મૌજૂદ છે, પ્રકરણ ભલે નથી પણ હદીષ તો પ્રકરણ વગર પણ હોય તો હદીષ તો હદીષ જ છે ! તો અહીં બાબ (પ્રકરણ) "બાબે ફઝાઈલે મઆવિયતબ્નિ અબી સુફયાન رضی اللہ عنہما, અને એ ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએ રચ્યું.

## ★ ઈમામ જૌઝકાની رحمۃ اللہ علیہ થકી ફઝાઈલે મુઆવિયહ رضی اللہ عنہ ★

એના પછી ઈમામ જૌઝકાની رحمۃ اللہ علیہ જેમની કિતાબ છે : "કિતાબુસ્સહા વલ મસાઈલ વલ અબાતિલ વલ મનાકિબ." આ કિતાબ કે જેની અંદર તેમણે સહીહ હદીષો પણ લખી, મશહૂર પણ લખી અને જે લોકો બયાન કરે છે બાતિલ એનો પણ નિર્દેશ કર્યો અને જે મુન્કર છે તેનો પણ નિર્દેશ કર્યો. એમાં **એમણે ફઝાઈલે અમીર મુઆવિયહ પ્રકરણ રચ્યું** અને પછી એમાં ન કોઈ બાતિલ લખી ન મુન્કર લખી, ક્યાં તો સહીહ લખી અથવા મશહૂર લખી. એની અંદર પેજ નં. ૯૨ પ્રકરણ (બાબ)નું નામ છે, **બાબિ ફઝાઈલે તલ્હા વઝ્ઝુબૈર વ મુઆવિયત વ અમ્ર** رضوان اللہ تعالیٰ علیہم اجمعین. આમાં પણ ફઝાઈલે મુઆવિયહ رضی اللہ عنہનું વર્ણન છે. આ કિતાબમાં તેમણે બાકી એટલે હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, હઝરત અમ્રના ઉપરાંત હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના બારામાં આ પ્રકરણ (બાબ)માં **છ હદીષો** લખી. પહેલી જે લખી તે હદીષ નં ૧૮૦ છે. ત્યાર બાદ લખ્યું : હાઝા હદીષુન સહીહુન અખરજહુન મુસ્લિમુન સહીહ, કે આ હદીષ સહીહ છે અને ઈમામ મુસ્લિમે એને સહીહ હદીષોમાં વર્ણવી છે. જેમાં હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના કાતિબે વહી હોવાનું વર્ણન છે.

ત્યાર બાદ હદીષ નં. ૧૮૧ પછી કહ્યું, આ હદીષ સહીહ છે. પછી હદીષ નં ૧૮૨ તેના માટે કહ્યું, આ હદીષ હસન છે. પછી હદીષ નં. ૧૮૩, તેના બાદ લખ્યું, આ સહીહ હદીષ છે અને સહીહ બુખારીથી લેવામાં આવી છે. જેમાં છે : હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہએ એક વિત્ર પઢી એના લેહાઝથી.

ત્યારબાદ હદીષ નં. ૧૮૪ એના પર લખ્યું હાઝા હદીષુન મશહૂરુન (આ મશહૂર હદીષ છે) પછી હદીષ નં. ૧૮૫ એના બાદ કહ્યું, હાઝા હદીષુન ગરીબુન. પરંતુ મૌઝૂ (બનાવટી) નથી લખ્યું, બાતિલ નથી લખ્યું, તો આ રીતે **આ પ્રકરણમાં તેમણે છ હદીષો "ફઝાઈલે મુઆવિયહ"** رضی اللہ عنہ **પર લખી** અને પછી હદીષની હૈસિયતને પણ વર્ણવી.

www.barkatekhwaja.net

## ★ ઈમામ આઝુર્રીએ ફઝાઈલે મુઆવિયહમાં દસ પ્રકરણો રચ્યાં ! ★

હવે એક કિતાબ છે, જેનું નામ છે "કિતાબુશ્શરીઅહ" બીજી રીતે પઢો તો કિતાબે શરીઅત, એના લેખક છે ઈમામ અબૂ બકર મુહમ્મદ બિન હુસૈન આઝુર્રી (જેમનો વિસાલ–૩૬૦ હિજરીમાં થયો) એટલે આ પણ કોઈ આજકાલની કિતાબ નથી ! તમે આશ્ચર્યમાં પડી જશો કે આ કિતાબમાં હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہમાં જે કિતાબ લખી એટલે કિતાબમાં કિતાબ ! જેવી રીતે બુખારીમાં હોય છે, "કિતાબુસ્સલાત" એ પ્રમાણે. તો એની અંદર બાબ (પ્રકરણ) નહીં બલ્કે લખ્યું "કિતાબુ ફઝાઈલિ મુઆવિયતબ્ને અબી સુફયાન" رضی اللہ عنہما. તો જ્યારે કિતાબ હોય છે તો કિતાબની નીચે શું હોય છે ? બાબ (પ્રકરણ). આ કિતાબમાં ઈમામ આઝુર્રીએ **દસ (બાબ) પ્રકરણો હઝરત અમીર મુઆવિયહ** رضی اللہ عنہ**ના ફઝાઈલમાં લખ્યાં છે.** અને એ **દસ પ્રકરણોમાં એક બે નહીં ૫૯ (ઓગણ સાઈઠ) હદીષો** તેમણે લખી છે. આ ચોથી સદી હિજરીમાં લખાયેલી કિતાબ છે, **તો શું એ નાસબી (ખારજી) છે ?! એમની તો અહલે સુન્નતના ઈમામોમાં ગણના થાય છે !** વળી તેમની આ કિતાબ ઈલ્મે કલામ તથા અકીદાઓના લેહાઝથી **ખૂબ જ મહાન કિતાબ** માનવામાં આવે છે. છતાં આટલી નિર્લજ્જતા આ શખ્સ (તાહિરુલ કાદરી) કરે છે ! કેમ કે પોતાની પાસે પૈસો છે અને દરેક જગાએ પ્રોપેગન્ડો થઈ

જશે અને હક્ક઼ જે છે તે છુપાય જશે ! આ રીતે તેઓ પૂરી દુનિયામાં રિફ્ઝ (રાફઝિયત) ફેલાવી રહ્યા છે કે જે ફઝાઈલે મુઆવિયહ વર્ણન કરશે તો તે આવો છે તેવો છે. જ્યારે કે ઉમ્મતની અંદર કિતાબો અને કિતાબમાં દસ દસ પ્રકરણો મૌજૂદ છે ફઝાઈલે મુઆવિયહના બારામાં !

## ★ હુઝૂર ﷺએ મુઆવિયહ رضی اللہ عنہને આપેલ દુઆઓ વિશે ★

**પ્રથમ પ્રકરણ** : હવે પ્રથમ પ્રકરણ જુઓ ! "બાબો ઝિક્રે દુઆઈન્નબિય્યિ ﷺ લિ મુઆવિયત" رضی اللہ عنہ એટલે "એ પ્રકરણનું વર્ણન જેમાં તે સર્વ દુઆઓ લખેલી છે જે દુઆઓ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને આપી." આખુ પ્રકરણ અને આ પ્રકરણ (બાબ)માં **૧૪ હદીષો** લખી છે. હવે જુઓ આ કેટલી મોટી નાઈન્સાફી છે કે ૧૪મી સદીનો અદના પીર તે કોઈને દુઆ આપી દે તો તેના વિશે કહેવાય છે કે આ ઘણો જ નસીબદાર છે કે એને પીર સાહબે દુઆ આપી દીધી ! અને જે હસ્તીને નબીઓના સુલ્તાન દુઆ આપી રહ્યા છે અને ૧૪ હદીષો કેવળ દુઆવાળી છે. એટલે અહીં પણ તેમને શરમ નથી આવતી કે સરકાર દો જહાં ﷺ જેમના માટે દુઆઓ માગતા રહે તેમની વિશે આ (તાહિરુલ ક઼ાદરી) બકબક કરતા ફરે છે. એટલા માટે હું કહેતો હતો કે તેમનો આ હુમલો તો ઉપર જઈને દરબારે રિસાલત સુધી પહોંચશે જે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની વિરૂધ્ધ બકબક કરે છે ! જો તેમને હયા હોય ઝાતે રસૂલે પાક ﷺની તો સરકારે દો આલમ ﷺએ તો આ દુઆઓ માગી, જુઓ ! દુઆની ૧૪ હદીષો જે હસ્તી માટે હોય તેનું મુક઼દ્દર જુઓ ! દુઆની ૧૪ હદીષો હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ માટે ઈમામ આઝુર્રીએ પેજ નં. ૧૯૧૦ થી ૧૯૨૩ સુધીમાં વર્ણન કરેલી છે અને દરેકના શરૂમાં અખ્બરના, હદ્દષના" વર્ણન થયેલ છે. અને પછી આગળ પૂરી સનદ મૌજૂદ છે એટલે ઈમામ આઝુર્રીએ પોતાનાથી લઈને દરબારે રિસાલત સુધી સનદો લખીને પ્રકરણ (બાબ) આ રીતે સંપૂર્ણ કર્યું છે.

www.barkatekhwaja.net

## ★ મુઆવિયહ رضی اللہ عنہને જન્નતની નબી ﷺએ બશારત આપી તેના વિશે ★

**બીજુ પ્રકરણ** : આ આગલુ પ્રકરણ (બાબ) એ શું છે ? પ્રકરણનું ટાઈટલ જોઈને તમારું ઈમાન વધુ તાજુ થઈ જશે ! શું છે ?! "બાબો બશારતિન્ નબિય્યિ ﷺ બિ મુઆવિયત رضی اللہ عنہ બિલ જન્નહ" કેટલાક લોકોને આ નારો **"હર સહાબીયે નબી ! જન્નતી ! જન્નતી !"** કેવળ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના કારણે આ નારાથી તકલીફ થાય છે ! તો અહીં તેમના વિશે તો આખુ પ્રકરણ છે ! તે પ્રકરણ કે જેમાં રસૂલુલ્લાહ ﷺએ બશારત આપી હઝરત મુઆવિયહ رضی اللہ عنہના બારામાં કે તમે જન્નતી છો. આ પ્રકરણમાં પણ ઈમામ આઝુર્રીએ હદીષ નં. ૧૯૨૪ હદીષથી લઈને હદીષ નં. ૧૯૨૯ સુધી એટલે **છ હદીષો** લખી, હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના જન્નતી હોવાના બારામાં.

## ★ હુઝૂર ﷺના મુઆવિયહ رضی اللہ عنہ સાથે સાસરી પક્ષની સગાઈ વિશે ★

**ત્રીજુ પ્રકરણ** : બાબો ઝિક્રે મુસાહરતિન્નબીય્યિ ﷺ લિમુઆવિયત બિ ઉખ્તિહી ઉમ્મે હ઼બીબત رضی اللہ عنہا. એના વિશે પ્રકરણ કે રસૂલે અકરમ ﷺનું હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہનો મુસાહરતને રિશ્તો (પત્નીના તરફનો સગાઈ સંબંધ) એટલે હઝરત મુઆવિયહનું રસૂલે પાક ﷺના "સાળા" હોવું કે તેમની

બહેન નબી અકરમ ﷺના નિકાહમાં છે, કોણ ? ઉમ્મે હ઼બીબા رضی اللہ عنہا. આ પણ કોઈ મામૂલી ફઝીલત નથી. અહીં તેમણે ફઝાઈલે મુઆવિયહ رضی اللہ عنہ કિતાબ લખી એ કિતાબમાં પ્રકરણો પહેલાં જે ચર્ચા કરી ઈમામ આઝુરી رضی اللہ عنہ એ તેમાં આ હદીષ લખી કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું, عن عبد الله بن أبي أوفى: سألت ربي أن لا أتزوج إلى أحدٍ ولا أزوّج إليه إلا كان معي في الجنة فأعطاني ذلك. **"જેમની બેટીઓ તથા બહેનો મારા ઘરમાં છે અને મારી બેટીઓ જેમના ઘરમાં છે, મેં રબથી સવાલ કર્યો કે યા અલ્લાહ ! એ સૌ જન્નતમાં મારી સાથે હોય."** હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના બારામાં પણ દુઆ થઈ કે તેમની બહેન રસૂલુલ્લાહ ﷺનાં પત્ની સાહેબા છે. તો અહીં જે મુસાહરતવાળી હદીષ છે એ જે મેં عَسَى اللّٰهُ اَنْ يَّجْعَلَ بَيْنَكُمْ وَبَيْنَ الَّذِيْنَ عَادَيْتُمْ مِّنْهُمْ مَّوَدَّةً ۚ وَاللّٰهُ قَدِيْرٌ ۚ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ "નજીક છે કે અલ્લાહ તઆલા તમારામાં અને એમનામાં જે એમનામાંથી તમારા દુશ્મન છે દોસ્તી કરી આપે અને અલ્લાહ ક઼ાદિર છે અને બખ્શિનારો મહેરબાન છે." (સૂ. મુમ્તહીના, ૬૦/૭) مَّوَدَّةً "મવદ્દા" કેવળ "મહ઼બ્બહ" નહીં બલ્કે "મવદ્દા" એટલે કે પહેલો દૌર જે અદાવતવાળો હતો અને આ ઈસ્લામની ક્રાંતિ છે કે તેઓ જ પછી ઉચ્ચ કક્ષાના મુહ઼િબ્બ (ચાહક) બની ગયા. અને અલ્લાહે કહ્યું કે અલ્લાહ મુવદ્દત (પ્રેમ) દરમિયાનમાં પેદા કરી આપશે. આ રીતે આ પ્રકરણમાં પણ તેમણે આ હદીષને લખી.

## ★ મુઆવિયહ رضی اللہ عنہને રબના હુકમથી નબી ﷺનું કાતિબે વહી બનાવવું ★

**ચોથુ પ્રકરણ :** બાબો ઝિક્રે ઈસ્તિકતાબિન્નબિય્યિ ﷺ લિ મુઆવિયત رضی اللہ عنہ બિઅમ્રિમ્ મિનલ્લાહિ عزوجل એટલે કે, "રસૂલુલ્લાહ ﷺનું અલ્લાહના હુકમ પર હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને કાતિબે વહી બનાવવું." ઈસ્તિકતાબ એટલે તેમનાથી કિતાબત તલબ કરવું (લખાવવું), હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને **વહીના કાતિબ બનાવવું લિઅમ્રિલ્લાહ ! અલ્લાહના હુકમથી !**

એક જે મિર્ઝા જહલમી છે તે હઝરત ફાતિમા رضی اللہ عنہاના મામલામાં અન્ય કેટલાય ગુમરાહોની જેમ એ પણ ભોંકી રહ્યો છે, અને ખુદ તેની વીડીયો પકડાઈ ગઈ તો મઆઝલ્લાહ ! જ્યારે તેને કહેવામાં આવ્યું કે હઝરત મુઆવિયહ رضی اللہ عنہ તો કાતિબે વહી છે તો એના પર એનું કહેવું હતું કે નબી ગલતીઓ કરતા રહ્યા છે, મઆઝલ્લાહ ! કે સર્વ કામો એમનાં એવું નથી કે સહીહ છે ! એટલે કાતિબ રાખવાને તે (નબીની) ગલતી ઠરાવી રહ્યો છે ! જ્યારે કે જે ઈજતેહાદી ખતા અંબિયાથી થાય તેના પર તેમને યથાવત નથી રહેવા દેવામાં આવતા. અલ્લાહની તરફથી સાવચેત કરી દેવામાં આવે છે. જો સરકાર ﷺ પોતાના ઈજતેહાદથી પણ રાખતા અને મઆ઼ઝલ્લાહ ! ષુમ્મ મઆઝલ્લાહ ! જો એમાં કોઈ ખતા હોત તો રબ વહી મોકલીને કહેત કે એમને કાતિબ ન બનાવો, અને તે મન્સબ અલ્લાહ તઆલા ખતમ કરાવી આપત. પરંતુ ઈમામ આઝુરી તો કહે છે **રબે વહી મોકલીને કાતિબ બનાવ્યા** છે. એટલે કેટલા બગડેલા આ લોકો છે ! ખુદ નબીઓના બારામાં ગલતીઓના શબ્દો બોલ્યા, અને પછી એ કે આખી જિંદગી તેના પર યથાવત રહ્યા અને આખરી શ્વાસ સુધી તેને કેન્સલ જ ન કર્યા. તો આ પ્રકરણમાં પણ ઈમામ આઝુરીએ હદીષ ૧૯૩૪થી લઈને **સાત હદીષો** એમાં એના પર લખી કે **હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને હુઝૂર ﷺએ અલ્લાહની વહીથી (હુકમથી) કાતિબ બનાવ્યા.**

www.barkatekhwaja.net

## ★ હઝરત મુઆવિયહ رضی اللہ عنہથી નબી ﷺનું મશવરો કરવા વિશે ★

**પ્રકરણ–૫** : જુઓ ! કેટલા વિભાગો છે, દરેક પ્રકરણનું ટાઈટલ જુઓ. બાબો ઝિક્રે મુશાવરતન્નબી ﷺ લિ મુઆવિયત رضی اللہ عنہ અટલે "નબી કરીમ ﷺનું હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ સાથે મશવરો કરવા વિશે પ્રકરણ." હવે મશવરો કરવા માટે આજે તમે કોને પસંદ કરો છો કે જેને પોતાના માટે વફાદાર સમજો છો, તેને એ લાયક સમજો છો કે તે સારી રાયવાળો છો, તો **જેની સાથે નબીઓના સુલ્તાન મશવરો કરે તે કેટલો વફાદાર છે !** તો અહીં તેમણે **એક હદીષ** ૧૯૪૧ નંબરની લખીને એ સાબિત કર્યું કે રસૂલે અકરમ ﷺ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની સાથે મશવરો કર્યા કરતા હતા. હઝરત મુઆવિયહ رضی اللہ عنہને **કાતિબે રસૂલુલ્લાહ** ﷺ તો કહેવામાં આવે છે પણ આપ **મુશીરે (સલાહકાર) રસૂલુલ્લાહ** ﷺ પણ છે. લોકો નાના નાના મુશીર હોય છે, જેમ કે મુશીર બરાએ વઝીરે આ'ઝમ, મુશીર બરાએ વઝીરે આ'લા પણ આ છે મુશીરે સુલ્તાને અંબિયા ﷺ ! હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ.

## ★ હુઝૂર ﷺના દરબારમાં મુઆવિયહ رضی اللہ عنہના મર્તબા વિશે ★★

**પ્રકરણ–૬ : બાબો ઝિક્રે** સોહબતે મુઆવિયત رضی اللہ عنہ લિન્નબિય્યિ ﷺ વમન્ઝિલતહૂ વ ઈન્દહૂ એટલે **'હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہનો સરકાર ﷺના દરબારમાં જે મર્તબો હતો એનું વર્ણન.'** અહીં હઝરત ઈમામ આઝુર્રીએ હદીષ નં. ૧૯૪૨થી લઈને અહીં **છ હદીષો** વર્ણવી. હઝરત મુઆવિયહ رضی اللہ عنہના નબી પાક ﷺની સોહબતના શરફ પર તથા આપના બારગાહે રસૂલ ﷺમાં મર્તબા પર.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہની આજીજી તથા ઈન્કેસારી ★

**પ્રકરણ–૭** : હવે વિચારો શું હોય શકે છે ?!

*દામાને બાગબાંસે કફે ગુલફરોશ તક – બિખરે પળે હૈં સૅંકળોં ઉન્વાન મેરે લિયે*

બાબો ઝિક્રે તવાદુએ મુઆવિયત رضی اللہ عنہ ફી ખિલાફતિહી એટલે **હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની ખિલાફતમાં તેમની ઈન્કેસારી તથા આજીજી.** આમાં હદીષ ૧૯૪૮થી લઈને ૧૯૫૭ સુધી સર્વ હદીષો ઈમામ આઝુર્રીએ અમીર મુઆવિયહ رضی اللہ عنہની ખિલાફતમાં આજીજીના ઉપર નકલ કરી છે. એટલે **દસ હદીષો** આપની ખિલાફતમાં તવાઝોઅ (આજીજી)ના બારામાં લખી. હવે આગલુ પ્રકરણ શું હોય શકે છે ?! એટલે દરેક પ્રકરણ અનોખા પ્રકારનુ ! જે અહલે સુન્નતના માન્યતાને સારી રીતે સ્પષ્ટ કરે છે.

## ★ અમીર મુઆવિયહ رضی اللہ عنہ થકી અહલે બયતની તાઝીમ વિશે ★

**પ્રકરણ–૮** : બાબો ઝિક્રે તાઝીમિ મુઆવિયત رضی اللہ عنہ લિ અહલિ બયતિ રસૂલિલ્લાહ ﷺ એટલે **હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہનું "અહલે બયતે રસૂલુલ્લાહ" ﷺ ની તાઝીમ કરવું.** વ ઈકરામિહી ઐયાહુમ **અને તેમનો ઈકરામ (સન્માન) કરવું** એના વિશે પ્રકરણ : આમાં પણ ઈમામ આઝુર્રીએ **છ હદીષો** ૧૯૫૮ થી ૧૯૬૩ સુધી લખી. એટલે અહલે બયતની અમીર મુઆવિયહ رضی اللہ عنہ કેટલી તાઝીમ કરતા હતા તથા કેટલી ઈજ્જત (ઈકરામ) કરતા હતા એના વિશે પ્રકરણ.

વધુ પેજ નં. ૩૯ પર



www.barkatekhwaja.net

## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

તમે કહી દો, હે કિતાબીઓ ! તમે કશું જ નથી[૨૩૭] જ્યાં સુધી તવરાત અને ઈન્જીલ અને જે કંઈ તમારી તરફ તમારા રબ તરફથી ઉતર્યું હોય[૨૩૮] તે (પોતાના માટે) લાગુ ન કરો. અને બેશક ! હે મહબૂબ ! તે જે તમારી તરફ તમારા રબ પાસેથી ઉતર્યું. તેનાથી એમનામાં ઘણાને અવળચંડાઈ અને કુફ્રમાં પ્રગતિ થશે.[૨૩૯] તો તમે કાફિરોની કશી ચિંતા ન કરો (૬૮) બેશક ! તે જેઓ પોતાને મુસલમાન કહે છે,[૨૪૦] અને એ જ રીતે યહૂદીઓ અને તારા પૂજકો તેમજ નસરાનીઓ, એમાંથી જે કોઈ સાચા હૃદયથી અલ્લાહ અને કૃયામત પર ઈમાન લાવે, અને સારા કર્મો કરે, તો તેમને કંઈ ભય છે ન કંઈ ચિંતા (૬૯) બેશક ! અમે બની ઈસરાઈલ પાસેથી વચન લીધું.[૨૪૧] અને તેમની તરફ મોકલ્યા રસૂલો. જ્યારે કદી એમની પાસે કોઈ રસૂલ તે વાત લઈને આવ્યા જે એમના મનની ઈચ્છા ન હતી,[૨૪૨] (રસૂલોના) એક જુથને જૂઠલાવ્યું, અને એક જુથને શહીદ કરે છે[૨૪૩] (૭૦), અને એ ગુમાનમાં છે કે કંઈ સજા નહી થાય[૨૪૪] તો આંધળા અને બહેરા બની ગયા.[૨૪૫] પછી અલ્લાહે એમની તવબહ કૃબૂલ કરી.[૨૪૬] ફરી એમનામાં ઘણા આંધળા અને બહેરા બની ગયા. અને અલ્લાહ એમના કામ જોઈ રહ્યો છે (૭૧) બેશક ! કાફિર છે તે જેઓ કહે છે કે,

**આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.**

قُلْ يٰۤاَهْلَ الْكِتٰبِ لَسْتُمْ عَلٰى شَیْءٍ حَتّٰى تُقِيْمُوا التَّوْرٰىةَ وَ الْاِنْجِيْلَ وَ مَاۤ
اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ ؕ وَ لَيَزِيْدَنَّ كَثِيْرًا مِّنْهُمْ مَّاۤ اُنْزِلَ اِلَيْكَ مِنْ
رَّبِّكَ طُغْيَانًا وَّ كُفْرًا ۚ فَلَا تَاْسَ عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ﴿۶۸﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ
الَّذِيْنَ هَادُوْا وَ الصّٰبِـُٔوْنَ وَ النَّصٰرٰى مَنْ اٰمَنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ وَ
عَمِلَ صَالِحًا فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَ لَا هُمْ يَحْزَنُوْنَ ﴿۶۹﴾ لَقَدْ اَخَذْنَا مِيْثَاقَ
بَنِیْۤ اِسْرَآءِيْلَ وَ اَرْسَلْنَاۤ اِلَيْهِمْ رُسُلًا ؕ كُلَّمَا جَآءَهُمْ رَسُوْلٌۢ بِمَا لَا تَهْوٰۤى
اَنْفُسُهُمْ ۙ فَرِيْقًا كَذَّبُوْا وَ فَرِيْقًا يَّقْتُلُوْنَ ﴿۷۰﴾ وَ حَسِبُوْۤا اَلَّا تَكُوْنَ فِتْنَةٌ
فَعَمُوْا وَ صَمُّوْا ثُمَّ تَابَ اللّٰهُ عَلَيْهِمْ ثُمَّ عَمُوْا وَ صَمُّوْا كَثِيْرٌ مِّنْهُمْ ؕ وَ اللّٰهُ
بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿۷۱﴾ لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْۤا اِنَّ اللّٰهَ هُوَ الْمَسِيْحُ ابْنُ
مَرْيَمَ ؕ وَ قَالَ الْمَسِيْحُ يٰبَنِیْۤ اِسْرَآءِيْلَ اعْبُدُوا اللّٰهَ رَبِّیْ وَ رَبَّكُمْ ؕ اِنَّهٗ مَنْ
يُّشْرِكْ بِاللّٰهِ فَقَدْ حَرَّمَ اللّٰهُ عَلَيْهِ الْجَنَّةَ وَ مَاْوٰىهُ النَّارُ ؕ وَ مَا لِلظّٰلِمِيْنَ
مِنْ اَنْصَارٍ ﴿۷۲﴾ لَقَدْ كَفَرَ الَّذِيْنَ قَالُوْۤا اِنَّ اللّٰهَ ثَالِثُ ثَلٰثَةٍ ۘ وَ مَا مِنْ اِلٰهٍ اِلَّاۤ
اِلٰهٌ وَّاحِدٌ ؕ وَ اِنْ لَّمْ يَنْتَهُوْا عَمَّا يَقُوْلُوْنَ لَيَمَسَّنَّ الَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ
عَذَابٌ اَلِيْمٌ ﴿۷۳﴾ اَفَلَا يَتُوْبُوْنَ اِلَى اللّٰهِ وَ يَسْتَغْفِرُوْنَهٗ ؕ وَ اللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۷۴﴾
مَا الْمَسِيْحُ ابْنُ مَرْيَمَ اِلَّا رَسُوْلٌ ۚ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ ؕ وَ اُمُّهٗ
صِدِّيْقَةٌ ؕ كَانَا يَاْكُلٰنِ الطَّعَامَ ؕ اُنْظُرْ كَيْفَ نُبَيِّنُ لَهُمُ الْاٰيٰتِ ثُمَّ انْظُرْ اَنّٰى
يُؤْفَكُوْنَ ﴿۷۵﴾ قُلْ اَتَعْبُدُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا يَمْلِكُ لَكُمْ ضَرًّا وَّ لَا نَفْعًا ؕ وَ
اللّٰهُ هُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿۷۶﴾ قُلْ يٰۤاَهْلَ الْكِتٰبِ لَا تَغْلُوْا فِیْ دِيْنِكُمْ غَيْرَ
الْحَقِّ وَ لَا تَتَّبِعُوْۤا اَهْوَآءَ قَوْمٍ قَدْ ضَلُّوْا مِنْ قَبْلُ وَ اَضَلُّوْا كَثِيْرًا وَّ ضَلُّوْا
عَنْ سَوَآءِ السَّبِيْلِ ﴿۷۷﴾ لُعِنَ الَّذِيْنَ كَفَرُوْا مِنْۢ بَنِیْۤ اِسْرَآءِيْلَ عَلٰى لِسَانِ
دَاوٗدَ وَ عِيْسَى ابْنِ مَرْيَمَ ؕ ذٰلِكَ بِمَا عَصَوْا وَّ كَانُوْا يَعْتَدُوْنَ ﴿۷۸﴾ كَانُوْا لَا
يَتَنَاهَوْنَ عَنْ مُّنْكَرٍ فَعَلُوْهُ ؕ لَبِئْسَ مَا كَانُوْا يَفْعَلُوْنَ ﴿۷۹﴾

અલ્લાહ તે જ મસીહ, મરયમનો પુત્ર.[૨૪૭] અને મસીહે તો આ કહ્યું હતું, હે બની ઈસરાઈલ ! અલ્લાહની બંદગી કરો, જે મારો રબ[૨૪૮] અને તમારો રબ. બેશક ! જે અલ્લાહનો ભાગીદાર ઠરાવે તો તેના પર અલ્લાહે જન્નત હરામ કરી દીધી, અને તેનું ઠેકાણું દોઝખ છે. અને જાલિમોનું કોઈ મદદગાર નથી (૭૨) બેશક ! તેઓ કાફિર છે જેઓ કહે છે કે અલ્લાહ ત્રણ ખુદાઓમાંનો ત્રીજો છે.[૨૪૯] અને ખુદા તો એક જ છે.[૨૫૦] અને જો પોતાની વાત ન છોડી,[૨૫૧] તે જે એમનામાં કાફિર મરશે તેમને અવશ્ય દુઃખદાયક અઝાબ મળશે (૭૩) તો અલ્લાહ તરફ પલટતા કેમ નથી ? અને તેની પાસે માફી કેમ માંગતા નથી ? અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૭૪) મરયમનો પુત્ર મસીહ (ખુદા) નથી પણ રસૂલ (છે)[૨૫૨] એમનાથી પહેલાં (પણ) ઘણા રસૂલ થઈ ગયા,[૨૫૩] અને એમની માતા સિદ્દીક઼હ છે,[૨૫૪] બન્ને ખોરાક ખાતા હતા.[૨૫૫] જુઓ તો અમે કેવી સ્પષ્ટ નિશાનીઓ બયાન કરીએ છીએ, પછી જુઓ તેઓ કેવા ઊંધા જાય છે (૭૫) તમે ફર્માવો ! શું અલ્લાહ સિવાય એવાને પૂજો છો જે તમારા નુકસાનનો માલિક ન ફાયદાનો ?[૨૫૬] અને અલ્લાહ જ સાંભળે જાણે છે (૭૬) તમે ફર્માવો, હે કિતાબવાળાઓ ! પોતાના ધર્મમાં નાહક વધારો ન કરો.[૨૫૭] અને એવા લોકોની ઈચ્છા અનુસાર ન ચાલો[૨૫૮] જે પહેલાં ગુમરાહ થઈ ગયા, અને ગુમરાહ કર્યા ઘણાઓને. અને સીધા માર્ગથી ભટકી ગયા (૭૭) જેમણે કુફ્ર કર્યું તેઓ લા'નત કરવામાં આવ્યા બની ઈસરાઈલમાં દાવૂદ અને મરયમના પુત્ર ઈસાની જબાનથી.[૨૫૯] આ[૨૬૦] બદલો (છે) એમની નાફર્માની અને બંડખોરીનો (૭૮) જેઓ કુકૃત્યો કરતાં એક બીજાને રોકતા ન હતા, અવશ્ય ઘણા જ ખરાબ કામો કરતાં હતા[૨૬૧] (૭૯)

**૨૩૭ :** કોઈ ધર્મ અને મિલ્લતમાં નથી.

**૨૩૮ :** એટલે કે કુર્આન પાક, આ બધી જ કિતાબોમાં સરવરે આલમ ﷺના ગુણો અને વખાણ તેમજ આપના પર ઈમાન લાવવાનો હુકમ છે. જ્યાં સુધી હુઝૂર ﷺ પર ઈમાન નહીં લાવે ત્યાં સુધી તવરાત અને ઈન્જીલ પર ચાલવાનો દાવો ખરો થઈ શકતો નથી.

**૨૩૯ :** કારણ કે જેટલું કુર્આન શરીફ ઉતરતું જશે એ લોકો ઘમંડ અને દુશ્મનીથી એના નકારમાં ઓર સખ્ત બનતા જશે.

**૨૪૦ :** અને દિલમાં ઈમાન ધરાવતા નથી, મુનાફિક છે.

**૨૪૧ :** તવરાતમાં, કે અલ્લાહ અને તેના રસૂલો પર ઈમાન લાવે, અને અલ્લાહના આદેશ મુજબ કામ કરે.

**૨૪૨ :** અને એમણે પૈગમ્બરોના આદેશોને પોતાની વિરૂદ્ધ જોયા તો તેમનામાંથી.

**૨૪૩ :** પયગંબરાને જૂઠલાવવામાં તે યહૂદીઓ અને નસરાનીઓ બન્ને ભેગા છે. પણ કતલ કરવો તો ખાસ યહૂદીઓનું કામ છે. એમણે ઘણા નબીઓને શહીદ કરી નાખ્યા. જેમાં હઝરત યહ્યા અને હઝરત ઝકરિયાનો પણ સમાવેશ થાય છે.

**૨૪૪ :** અને આવા સખ્ત ગુનાહો બદલ પણ અઝાબ કરવામાં નહીં આવે.

**૨૪૫ :** સત્યના સાંભળવા અને જોવાથી. આ એમના છેલ્લા દરજ્જાના અજ્ઞાન અને હદ દરજ્જાના કુફ્ર અને સત્ય સ્વીકારવાથી અંતિમ કક્ષાથી ચીઢ કરવાનું વર્ણન છે.

**૨૪૬ :** જ્યારે એમણે મૂસા علیہ السلام પછી તવબહ કરી, ત્યાર પછી બીજી વાર.

**૨૪૭ :** નસરાનીઓના ઘણા પંથો છે, તેમાંથી યાકૂબિયહ અને મલકાનિયહનું કહેવું હતું કે, 'મરયમે' અલ્લાહ જણ્યો છે, અને એવું પણ કહેતા હતા કે, અલ્લાહે ઈસાના શરીરમાં પ્રવેશ કર્યો છે, અને એમનામાં એકત્ર થઈ ગયો છે, જેથી ઈસા અલ્લાહ

બની ગયા છે, પણ એમની બકવાસથી અલ્લાહ ઘણો બુલંદ છે. *(ખાઝિન)*

**૨૪૮** : અને હું તેનો બંદો છું અલ્લાહ નથી.

**૨૪૯** : આ કથન નસરાનીઓના મરતુસયા અને નસ્તુરયા પંથોનું છે. ઘણા ખરા તફસીરકારોનું કહેવું છું કે એનાથી તેઓ એવું ધારતા હતા કે અલ્લાહ અને મરયમ અને ઈસા ત્રણે ખુદા છે, અને ખુદા હોવું ત્રણેની ભાગીદારીમાં છે. મુતકલ્લિમીન કહે છે કે નસરાનીઓનું કથન છે કે પિતા, પુત્ર અને રૂહુલ કુદ્દસ ત્રણે અલ્લાહ છે.

**૨૫૦** : તેનો કોઈ બીજો કે ત્રીજો નથી. તે એક એકાંકીના ગુણ સાથે સંબંધિત છે. તેનો કોઈ ભાગીદાર નથી. પિતા, પુત્ર, પત્ની બધાથી પાક છે.

**૨૫૧** : અને ત્રણ ખુદાની માન્યતાને વળગી રહ્યા, એક ખુદાની માન્યતા ન સ્વીકારી.

**૨૫૨** : એમને અલ્લાહ માનવું અસત્ય અને કુફ્ર છે.

**૨૫૩** : તેઓ પણ મો'જિઝા ધરાવતા હતા, આ મો'જિઝા તેમની સત્યતાની દલીલ હતા, એવી જ રીતે હઝરત ઈસા علیہ السلام પણ રસૂલ છે. એમના મો'જિઝા પણ નબુવ્વતની દલીલ છે. એમને રસૂલ જ માનવા જોઈએ. જેમ કે બીજા નબીઓને મો'જિઝાના કારણે ખુદા નથી માનતા તેમ એમને પણ ખુદા ન માનો.

**૨૫૪** : જે પોતાના રબના કલેમાત અને તેની કિતાબોને સત્ય જાહેર કરનાર છે.

**૨૫૫** : આમાં નસરાનીઓને રદીયો છે કે અલ્લાહ ખોરાકનો મોહતાજ હોતો નથી. જે ખોરાક ખાય, શરીર ધરાવે, તેના શરીરમાં ઘસારો લાગે, ખોરાક તેનો પુરક બને, તે કેવી રીતે અલ્લાહ હોઈ શકે ?

**૨૫૬** : આ શિર્કને અસત્ય ઠરાવવાની એક વધુ દલીલ છે. એનો નિષ્કર્ષ એ છે કે અલ્લાહ (ઈબાદતને લાયક) એ જ હોય શકે જે ફાયદા નુકસાન વગેરે વસ્તુઓ પર પોતે કુદરત અને અધિકાર ધરાવતો હોય, જે એવો ન હોય તે ઈલાહ (ઈબાદતને લાયક) થઈ શકતો નથી. અને હઝરત ઈસા علیہ السلام નફા નુકસાનના પોતે આપમેળે માલિક ન હતા, અલ્લાહ તઆલાના માલિક બનાવ્યાથી માલિક બન્યા, માટે એમના વિશે અલ્લાહ હોવાની માન્યતા અસત્ય છે.

**૨૫૭** : યહૂદીઓનો વધારો તો એ કે હઝરત ઈસા علیہ السلام ની નબુવ્વતને જ નથી માનતા. અને નસરાનીઓનો વધારો એ છે કે એમને મઅ્બૂદ ઠરાવે છે.

**૨૫૮** : અર્થાત પોતાના બદદીન બાપ દાદા વગેરે.

**૨૫૯** : ઈલાના રહેવાસીઓ જ્યારે હદથી વધી ગયા, અને શનિવારે શિકાર કરવાની મનાઈનો જે હુકમ હતો તેનો વિરોધ કર્યો, ત્યારે હઝરત દાવૂદ علیہ السلام એ તેમના પર લા'નત કરી, અને તેમના માટે બદદુઆ કરી. ત્યારે તેઓને વાંદરાઓ અને સુવ્વરની શિકલમાં ફેરવી દેવામાં આવ્યા. અને માઈદહવાળાઓએ જ્યારે ઉતરેલી થાળની નેઅમતો આરોગ્યા પછી કુફ્ર કર્યું, ત્યારે હઝરત ઈસા علیہ السلام એ તેમના માટે બદદુઆ કરી. તેથી તેઓ સુવ્વર અને વાંદરા બની ગયા. તેમની સંખ્યા પાંચ હજારની હતી. *(જુમલ વિ.)*

અમુક તફસીરકારોનું કહેવું છે કે યહૂદીઓ પોતાના પૂર્વજો પર ગર્વ કરતા હતા કે અમે નબીઓની ઔલાદ છીએ. આ આયતમાં તેમને બતાવવામાં આવ્યું છે કે તે નબીઓએ તો તેમના પર લા'નત કરેલી છે.

એક કથન એવું છે કે હઝરત દાવૂદ અને હઝરત ઈસા علیہم السلام એ હુઝૂર صلی اللہ علیہ وسلم ની પધરામણીની ખુશ ખબર આપી. અને આપના ઉપર ઈમાન ન લાવનાર અને કુફ્ર કરનારાઓ પર લા'નત કરી.

**૨૬૦** : લા'નત. **૨૬૧. મસ્અલો** : આ આયતથી સાબિત થયું કે બુરાઈથી રોકવું વાજિબ છે, અને બુરાઈને રોકવાથી અલગ રહેવું સખ્ત ગુનાહ છે. તિરમિઝીની હદીષમાં છે કે જ્યારે બની ઈસરાઈલ ગુનાહોમાં લબદાયા ત્યારે એમના આલિમોએ પહેલાં તો એમને રોક્યા. જ્યારે તેઓ ન રોકાયા ત્યારે તે આલિમો પણ તેમનામાં ભળી ગયા, અને ખાવા પીવા બેસવા ઉઠવામાં તેમની સાથે એકરાગ થઈ ગયા. એમની આ નાફર્માની અને સીમા ઉલ્લંઘનનું પરિણામ એ આવ્યું કે અલ્લાહ તઆલાએ હઝરત દાવૂદ અને હઝરત ઈસા علیہم السلام ના મોઢે એમના પર લા'નત ઉતારી.

www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ જુમ્આના દિવસે ફજરની પ્રથમ રકાતમાં الم تنزیل અને બીજી રકાતમાં ہَلۡ اَتٰی عَلَی الۡاِنۡسَانِ પઢતા હતા.[1]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે કદી કદી જુમ્આની ફજરમાં આ સૂરતો પઢયા કરતા હતા. આજે પણ ઈમામે જોઈએ કે બરકતની પ્રાપ્તિ તથા સુન્નતની અદાયગીના માટે ક્યારેક જુમ્આની ફજરમાં આ સૂરતો પઢી લીધા કરે. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ની નજીક જુમ્આની ફજરમાં આ સૂરતો પઢવી સુન્નતે મોઅક્કદા છે. યાદ રાખશો કે ઈમામ હમેશાં એક જ નિશ્ચિત સૂરત નમાઝમાં ન પઢયા કરે, કે એનાથી મુકતદી ધોકો ખાશે કે કદાચ આ જ સૂરત પઢવી વાજિબ છે, અને બીજી નાજાઈઝ છે. બલ્કે અદલ બદલ કરીને પઢયા કરે. એટલા માટે હુઝૂર ﷺ ના અફઆલે કરીમા (અમલો) આ બારામાં વિવિધ આવી રહ્યા છે. કેમ કે એ સૂરતોમાં હઝરત આદમ علیہ السلام ની પેદાઈશ, જન્નત દોઝખની પેદાઈશ, અને કયામતના હાલાતનું વર્ણન છે. અને એ બનાવો જુમ્આના દિવસે જ થયા અને કયામત પણ જુમ્આના રોજ જ થશે. જેથી હુઝૂર ﷺ આ સૂરતો પઢયા કરતા હતા. અને ગાલિબ એ છે કે આપ الم سجدہ (અલિફ-લામ-મીમ સજદા)માં તિલાવતનો સજદો પણ કરતા હતા. પણ હવે ફકીહો ફર્માવે છે કે તરાવીહ સિવાય અન્ય નમાઝોમાં સજદાવાળી આયતો તથા સૂરતો ન પઢે જેથી લોકો ગલતીમાં ન પડે.

*"હઝરત અબૂ ઓબૈદુલ્લાહ ઈબ્ને અબી રાફેઅ[1]થી ફર્માવે છે કે મરવાને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ને મદીના મુનવ્વરા પર પોતાના ખલીફા બનાવ્યા અને ખુદ મક્કા મોઅઝ્ઝમા ચાલ્યો ગયો.[2] ત્યારે અમને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ જુમ્આ પઢાવ્યો,[3] તો પહેલી રકાતમાં સૂરએ જુમ્આ પઢી અને બીજીમાં اِذَا جَآءَكَ الۡمُنٰفِقُوۡنَ (ઈઝા જાઅકલ મુનાફિકૂન) પઢી. પછી ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને જુમ્આના દિવસે આ સૂરતો પઢતાં સાંભળ્યા.[4]" (મુસ્લિમ)*

**૧.** આપ મદીની છે. મશહૂર તાબઈનમાંથી છે. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ના કાતિબ હતા. આપના વાલિદ અબૂ રાફેઅ હુઝૂર ﷺ ના આઝાદ કરેલા ગુલામ છે.

**૨.** એટલે કે જયારે મરવાન મદીના મુનવ્વરાનો હાકિમ હતો ત્યારે એકવાર પોતાની હુકૂમતના જમાનામાં ખુદ હજ કરવા ગયો અને પોતાની જગાએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ને હાકિમ બનાવીને ગયો, ત્યારે આ બનાવ ઉપસ્થિત થયો.

**૩.** એટલે કે મરવાન પોતાની મૌજૂદગીમાં ખુદ જુમ્આ, પંજવકતા નમાઝો પઢાવ્યા કરતો હતો. કેમ કે ઈમામતનો હક્ક સુલ્તાને ઈસ્લામ અથવા તેના નાયબને છે. જયારે હઝરત અબૂ હુરૈરહ ઈસ્લામના હાકિમ નિયુક્ત થયા ત્યારે આપે જુમ્આ પઢાવ્યો.

**૪.** આપ જુમ્આમાં કદી કદી આ સૂરતો પણ પઢતા હતા. અહીં હમેશગીનો ઉલ્લેખ નથી. જેથી આ હદીષ બીજી હદીષોથી વિરૂધ્ધ નથી.

*"હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ ઈદૈન તથા જુમ્આમાં سَبِّحِ اسْمَ رَبِّكَ الْاَعْلٰى તથા هَلْ اَتٰىكَ حَدِيْثُ الْغَاشِيَةِ પઢતા હતા. ફર્માવે છે કે જ્યારે ઈદ તથા જુમ્આ એક દિવસમાં એકત્ર થઈ જતાં તો એ બંનેવ સૂરતો બંનેવ નમાઝોમાં પઢતા.[૧]" (મુસ્લિમ)*

**૧.** ઈદોમાં પણ અને જુમ્આમાં પણ. આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે જો ઈદ તથા જુમ્આ ભેગા થઈ જાય તો ઈદની નમાઝના કારણે જુમ્આની નમાઝ માફ થશે નહીં. એ દસ્તૂર પ્રમાણે ફર્ઝ રહેશે. હઝરત ઉષ્માન ગનીએ જે પોતાની ખિલાફતના દૌરમાં ઈદની નમાઝ બાદ ફર્માવ્યો હતો કે જુમ્આની નમાઝના માટે જે ચાહે રોકાય જે ચાહે ચાલ્યો જાય. આ તે ગામવાળાઓને સંબોધન હતું જેમના પર ન ઈદની નમાઝ વાજિબ હતી અને ન જુમ્આની નમાઝ ફર્ઝ હતી. બરકતના માટે ઈદ તથા જુમ્આ પઢવા શહેર આવતા જતા. જેથી તેમનું આ ફર્માન આ હદીષની વિરૂધ્ધ નથી. બીજુ એ કે ઈદ તથા જુમ્આનો ઈજતેમા (સંગમ થવું) મન્હૂસ નથી, જેમ કે આજકાલ જાહિલોએ સમજી રાખ્યું છે. બલ્કે એમાં બે બરકતોનું સંગમ છે. અને હુઝૂર ﷺના જમાનામાં એવું થયું છે. ત્રીજુ એ કે એક સૂરત બે નમાઝોમાં પઢવી જાઈઝ છે. યાદ રાખશો કે અહીં પણ હુઝૂર ﷺનો મોટાભાગનો અમલ મુરાદ છે, કાયમી નહીં. નહીં તો આપનાથી જુમ્આ તથા ઈદોની નમાઝમાં અન્ય સૂરતો પઢવું પણ સાબિત છે.

*"હઝરત ઓબૈદુલ્લાહથી રિવાયત છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ હઝરત અબૂ વાકિદ લૈષીને પૂછયું[૧] કે નબી ﷺ બકરા ઈદ તથા ઈદમાં કઈ સૂરતો પઢતા હતા?[૨] તેમણે ફર્માવ્યું કે એ બંનેવમાં قٓ وَالْقُرْاٰنِ الْمَجِيْدِ તથા اِقْتَرَبَتِ السَّاعَةُ પઢતા હતા."*

**૧.** આ ઓબૈદુલ્લાહ તાઈબ છે. આપનું ઓબૈદુલ્લાહ ઈબ્ને ઉત્બા ઈબ્ને મસ્ઊદ હઝલી છે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદના ભત્રીજા છે. અને અબુ વાકિદનું નામ ઈબ્ને હારિષ છે.

**૨.** હઝરત ઉમરનો આ સવાલ હાજરજનોને મસ્અલો સમજાવવા માટે હતો, નહીં તો આપ હુઝૂર ﷺના હાલાતે તયબહથી ઘણા જ અધિક પ્રમાણમાં વાકેફ હતા. હાજરજનોના દિમાગમાં બેસાડવા માટે આપે આ સવાલ કર્યો.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફજરની બે રકાતોમાં قُلْ يٰۤاَيُّهَا الْكٰفِرُوْنَ (કુલ યા ઐયુહલ કાફિરૂન) અને قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ (કુલ હુવલ્લહુ અહદ) પઢી.[૧]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે ફજરની સુન્નતોમાં પહેલી રકાતમાં قُلْ يٰۤاَيُّهَا الْكٰفِرُوْنَ અને બીજી રકાતમાં قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ પઢતા હતા. કેમ કે સરકાર એકાદ આયત ઊંચી પણ પઢી દેતા હતા એટલા માટે સહાબાએ કિરામને એ ખબર થઈ જતી હતી. અને જો ફજરના ફર્ઝ મુરાદ હોય તો આ બનાવ કોઈ સફરનો હશે. નહીં તો હુઝૂર ઘરમાં ફજરમાં 'તવાલે મુફસ્સલ'ની મોટી મોટી સૂરતો પઢતા હતા.

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ફજરની બે રકાતોમાં قُوْلُوْۤا اٰمَنَّا بِاللّٰهِ وَمَاۤ اُنْزِلَ اِلَيْنَا અને આલે ઈમરાનવાળી આયત قُلْ يٰۤاَهْلَ الْكِتٰبِ تَعَالَوْا પઢતા હતા.[૧]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે ફજરના ફર્ઝોમાં પહેલી રકાતમાં સૂરએ બકરહનો એ રુકૂઅ અને બીજી રકાતમાં સૂરએ આલે ઈમરાનનો તે રુકૂઅ પઢતા હતા. માલૂમ થયું કે નમાઝમાં અલ્હમ્દની સાથે રુકૂઅ મિલાવવો પણ સુન્નત છે, જો કે પૂરી સૂરત મિલાવવું અધિક બેહતર. કેમ કે હુઝૂર ﷺનો મોટાભાગે એ અમલ છે.



www.barkatekhwaja.net

# હ઼દાઈકે઼ બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**કમાને ઈમ્કાનકે ઝૂટે નુક઼તો તુમ અવ્વલ આખિરકે ફેરમેં હો**
**મુહીતકી ચાલસે તો પૂછો કિધરસે આયે કિધર ગયે થે**

**અર્થાત** : હે આલમે ઈમ્કાનની કમાનના જૂઠા નુકતો ! તમો તો હજી સુધી અવ્વલ અથા આખરના ચક્કરમાં ફસાયેલા છો, જરા દાઈરાની ચાલથી માલૂમ કરો કે قاب قوسین او ادنٰی (ક઼ાબ ક઼ૌસેન અવ અદના)ના કુર્બવાળો મહબૂબ ફના તથા બક઼ાની મંઝિલો પાર કરવા માટે ક્યાંથી આવ્યો અને ક્યાં ગયો ?! જ્યારે વર્તુળ બની જાય છે તો કોઈને કાંઈ ખબર નથી પડતી કે તેની શરૂઆત ક્યાંથી થઈ છે અને અંત ક્યાં થયો છે. ન એ ખબર પડે છે કે વર્તુળ જમણી બાજુથી ખેંચવામાં આવ્યું છે કે ડાબી બાજુથી ?! ભૂમિતિના નિષ્ણાતો આ વાતોને સારી રીતે જાણે છે. આ'લા હઝરતે આ એક શેઅરમાં પૂરો ભૂમિતિનો ઈલ્મ સમાવી દીધો છે.

**ઈધરસે થી નઝરે શહ નમાઝે ઉધરસે ઈન્આમ ખુસ્રવી મેં**
**સલામો રહમતકે હાર ગુંધકર ગલૂએ પુરનૂરમેં પળે થે**

**અર્થાત** : સરકારે મદીના ﷺની તરફથી નમાઝો, ઈબાદતો તથા આજીજીઓનાં નઝરાણા પેશ કરવામાં આવી રહ્યાં હતાં અને અલ્લાહ તઆલાના તરફથી આપણા આક઼ા ﷺને શાહી ઈનામોથી નવાઝવામાં આવી રહ્યા હતા. દુરૂદો સલામના હારોની માળાઓમાં પરોવીને સરકાર ﷺના નૂરાની ગળામાં નાખવામાં આવી રહ્યા હતા. હુઝૂર અર્ઝ કરી રહ્યા હતા : اتحیات للہ والصلوٰت والطیبات અલ્લાહ તઆલા ફર્માવી રહ્યો હતો : السلام علیک ایھا النبی ورحمۃ وبرکاتہ

**મેઅરાજના તોહફાઓ** : જ્યારે પ્યારા પોતાના પ્યારાઓને મળે છે તો એકબીજાની સાથે તોહફાઓની ફેરબદલી થાય છે અને તોહફો તે જ અધિક પસંદ કરવામાં આવે છે જે પહેલેથી પાસે મૌજૂદ ન હોય. જો તમારા દોસ્તની સાકરની પડીકી મળી હોય અને તમે પણ તેને મળવા જાવ તો દસ કીલો સાકર ઉઠાવીને લઈ જાવ કે આ આપના માટે તોહફો લાવ્યો છું ! તો એક મજાક જ બની જશે. એટલા માટે હુઝૂર ﷺ અલ્લાહની બારગાહમાં એ તોહફો લઈને ગયા જે ખુદા હોવા છતાં તેની પાસે ન હતો, અને તે આજીજી તથા ઈન્કેસારીનો તોહફો હતો. અને જવાબમાં અલ્લાહે પોતાના મહબૂબને શું તોહફાઓ આપ્યા ?

عن ابن عمر رضی اللہ عنہما کانت الصلوۃ خمسین والغسل من الجنابۃ سبع مرات وغسل البول من الثوب سبع مرات فلم یزل رسول اللہ صلی اللہ علیہ وسلم یسأل حتی جعلت الصلوۃ خمسا و غسل الجنابۃ مرۃ و غسل الثوب مرۃ

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે નમાઝો પચાસ હતી, જનાબતનું ગુસ્લ સાત વાર, કપડાને પેશાબ લાગી જાય તો સાતવાર ધોવાનો હુકમ હતો. હુઝૂર ﷺ આજીજી તથા ઈન્કારીના તોહફા અલ્લાહની બારગાહમાં પેશ કરીને સવાલ કરતા રહ્યા ત્યાં સુધી કે નમાઝો પાંચ થઈ ગઈ, જનાબતનું ગુસ્લ એકવાર અને નાપાક કપડાને ધોવું એક વાર પૂરતુ ઠરાવી દેવામાં આવ્યું.

હુઝૂર ﷺને ઉમ્મતથી એટલો પ્યાર છે કે અલ્લાહના અતા કરેલા તોહફા હુઝૂર ﷺએ પોતાની ઉમ્મતને અતા કરી આપ્યા. જ્યારે કે કોઈ પણ કોઈને પોતાના પ્યારાનો આપેલો તોહફો નથી આપતો. જો ઉમ્મત એ તોહફાઓનો સ્વીકાર નહીં કરે તો સરકાર નારાજ થઈ જશે અને સાથે ખુદા પણ નારાજ થઈ જશે. કેમ કે સામાન્ય માણસનો પણ તોહફો કૃબૂલ ન કરવામાં આવે તો તે નારાજ થઈ જાય છે. પરંતું **હાય અફસોસ ! આ ઉમ્મતની મોટાભાગની વસ્તીએ હુઝૂર ﷺને અલ્લાહનો આપેલો તોહફો (નમાઝ) કૃબૂલ ન કર્યો અને આજે ૯૫ ટકા લોકો નમાઝ ત્યજી ચૂક્યા છે.** હજી તો મૂસા علیہ السلامએ મહેરબાની કરી અને નમાઝો પચાસને બદલે પાંચ રહી ગઈ છતાં મસ્જિદોમાં બંદો જોવા નથી મળતો, જો પચાસ રહેત તો શું થાત ?! જ્યારે અલ્લાહે વાયદો પણ ફર્માવી આપ્યો કે મારા હુકમ તબદીલ નથી થતા : لا تبدیل لکلمت اللہ આપની ઉમ્મત પાંચ પઢશે પણ સવાબ પચાસનો જ પામશે, જેથી ન મારો હુકમ બદલાય અને ન તારી ઉમ્મત તકલીફમાં પડે. من جاء بالحسنة فلله عشر امثالها આનાથી હુઝૂર ﷺની શાન પણ જાહેર થઈ કે આખી દુનિયા જીવનભર ચક્કર લગાડતી રહે તો એક નમાઝનો એક સજદો પણ માફ નથી કરાવી શકતી અને હુઝૂર એક ચક્કર લગાડે તો ૫–૫ નમાઝો માફ થતી જાય !

અને એ મસ્અલો પણ જાણવા મળ્યો કે મૃત્યુ બાદ પણ વસીલો કામ આવે છે. **જે લોકો વફાત બાદ વસીલાના માનનારા નથી તેમણે ૫૦ નમાઝો જ પઢવી જોઈએ,** કેમ કે ૪૫ નમાઝો હઝરત મૂસા علیہ السلامના વસીલાથી માફ થઈ છે ! અને એનાથી વધીને કબરવાળાઓની મદદની શું સાબિતી જોઈએ છે ?!

વળી મૂસા علیہ السلامના અર્ઝ કરવા છતાં પાંચ નમાઝો રહ્યા બાદ હુઝૂરે ફર્માવ્યું કે, નહીં ! હવે મને હયા આવે છે. મને ઉમ્મીદ છે કે મારી ઉમ્મત પાંચ તો પઢી જ લેશે અને જો આ પણ ન હોત તો બંદા તથા ખુદાનો સંબંધ જ ખત્મ થઈ જાત, અને الصلوة معراج المومنین "નમાઝ મો'મિનની મેઅરાજ છે"ની મજાઓ ક્યાંથી મળત.

સવાલ એ છે કે મૂસા علیہ السلامએ આટલી મહેરબાની આપણા પર શા માટે કરી ? નમાઝો ન તેમને પઢવાની હતી ન તેમની ઉમ્મતને ? અને વળી બીજો સવાલ એ છે કે જ્યારે અલ્લાહને ખબર હતી કે છેવટે પાંચ રહી જશે, તો પહેલાં જ પચાસ ન આપત ! (અમુક લોકો હુઝૂર ﷺની જાત માટે આ સવાલ કરે છે કે જો હુઝૂરને ખબર હોત કે છેવટે પચાસ રહેશે તો પ્રથમ ફેરામાં જ ૪૫ માફ ઠરાવી લેત ! એ પાગલો જાણતા નથી કે આ જ સવાલ હકીકતમાં અલ્લાહ પર પડે છે ?!)

તો સાંભળો ! આ ચક્કરોમાં શું શું મળી રહ્યું છે ? હઝરત મૂસા علیہ السلامની દીદારની તમન્ના પૂરી થઈ રહી છે, અને હુઝૂર ﷺનો મકામ તથા મર્તબો જાહેર થઈ રહ્યો છે કે કોઈ જો પોતાને ઘેર પણ વારંવાર આવે તો ઘરવાળાં કંટાળી જાય છે ! પણ રબની બારગાહમાં મહબૂબ નવ વાર ગયા તો અલ્લાહે દરેક વખતે પાંચ નમાઝો માફ કરીને પોતાના મહબૂબની ઈજ્જતમાં વધારો કર્યો.

હુઝૂર ﷺએ પાંચ જ કરાવી, ત્રણ કે બે ન કરાવી, એનું કારણ એ હતું કે એક નેકીનો સવાબ દસના બરાબર છે, ત્રણ પઢવામાં સવાબ ત્રીસ મળતો અને ચારથી ચાલીસનો. ફર્માવ્યું, એટલી જ ઓછી કરાવું છું જેથી

www.barkatekhwaja.net

નુકસાન પણ ન થાય. જેથી પાંચ કરાવી કે જેથી સવાબ પચાસનો મળતો રહે.

હુઝૂર જો એવું ચાહત કે યા અલ્લાહ ! મક્કાના લોકો મને મહેણા મારે છે કે મારો પુત્ર મૃત્યુ પામ્યો છે, જેથી એમનું મોં બંધ કરવા માટે પરત થતા સુધીમાં મારા પુત્રને જીવતો કરી આપ. તારી શાન છે : يحي ويميت તો અલ્લાહ કૃબૂલ કરી લેત. કોઈ જ વાંધો ન હોત, પણ સરકાર ﷺએ એ ન માગ્યું અને કાફિરોના મહેણાં સહ્યાં અને માગ્યું તો પોતાની ઉમ્મતની બખ્શિશ માગી.

*જિનકે લબ પર રહા ઉમ્મતી ઉમ્મતી–યાદ ઉનકી ન ભૂલો 'નિયાઝી' કભી*
*વો કહેં ઉમ્મતી તૂ ભી કહ યા નબી !–મૈં હૂં હાઝિર તેરી ચાકરીકે લિયે*

**ઝબાનકો ઈન્તેઝારે ગુફ્તન્ તો ગોશકો હસ્રતે શુનીદ**
**યહાં જો કહના થા કહ લિયા થા જો બાત સુનની થી સુન ચૂકે થે**

**અર્થાત** : જીભ કાંઈક કહેવાની રાહ જોઈ રહી હતી તો કાન સાંભળવાની રાહ જોઈ રહ્યા હતા. પણ જીભ તથા કાનોને હસરત (તમન્ના) જ રહી. જે કહેવું હતું કહી લેવામાં આવ્યું, જે સાંભળવું હતું સાંભળી લેવામાં આવ્યું. અને એ તો વળી ઝબાન તથા કાન છે, અહીં તો હાલ એ હતો કે :

*મિયાને તાલિબો મત્લૂબ રમ્ઝીસ્ત–કિરામન કાતિબીન રાહમ ખબર નેસ્ત*

**વો બુર્જે બત્હ઼ાકા માહ પારા બહિશ્તકી સૈરકો સિધારા**
**ચમક પે થા ખુલ્દકા સિતારા કે ઉસ કૃમર કે કૃદમ ગયે થે**

**અર્થાત** : બતહ઼ા (વાદીએ મક્કા)ના બુર્જ, માહતાબે આલમ તાબ જ્યારે મેઅરાજની રાતે જન્નતની સૈર કરવા ગયો તો જન્નતના મુકૃદ્દરનો સિતારો ચમકી ઉઠ્યો કે એમાં માહતાબે રિસાલતના બરકતવાળા કૃદમો લાગી રહ્યા છે અને જન્નત આપના કૃદમોને ચૂમીને વજ્દ કરતી કહી રહી છે :

*યહ કહાં નસીબ મેરે કે વો આપ ચલકે આએં–કોઈ જઝ્બએ મહ઼બ્બત મેરે કામ આ ગયા હૈ*

**સરવરે મિકૃદમકી રોશની થી કે તાબિશોંસે મહે અરબકી**
**જિનાં કે ગુલશન થે ઝાળફર્શી જો ફૂલ જો સબ કંવલ બને થે**

**અર્થાત** : રિસાલત મઆબ ﷺના આગમન પર રોશનીઓનું પુર આવેલુ હતું અને એ સર્વ રોશનીઓ અરબના ચાંદના ચહેરાએથી ફૂટી રહી હતી. જન્નતી ગુલાબનાં લાલ ફૂલો તો દુનિયાના ઘાસ ફૂસની જેમ દેખાય રહ્યાં હતાં અને અન્ય ફૂલો નિલોફરની જેમ સજેલાં હતાં.

**તરબકી નાઝિશ કે હાં લચકીએ, અદબ વો બંદિશ કે હિલ ન સકીએ**
**યે જોશે ઝદૈન થા કે પૌદે કશાકશે અર્રાકે તલે થે**

*(ઝદૈન = બે વિરોધાભાસી ચીજો. કશાકશ = ખેંચતાણ. અર્રા = આરી, લાકડી ચીરવાનું સાધન)*

**અર્થાત** : ખુશી તથા આનંદનો તકાઝો તો એ હતો કે ખૂબ ઉછરવા કૂદવામાં આવે. જ્યારે અદબ તથા એહતેરામનો તકાઝો એ હતો કે જરા પણ હરકત ન કરવામાં આવે. (જેવી રીતે સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين હુઝૂર ﷺની સામે એવી રીતે બેસતા કે જાણે માથાંઓ પર પક્ષીઓ બેઠેલાં છે. એટલે જરા પણ હરકત ન કરતા) આ બે વિરોધાભાસી કૈફિયતોના સંગમના કારણે છોડવાઓ બીચારા પરેશાનીના આરા નીચે બેબસ જણાય રહ્યા હતા.

**ખુદાકી કુદરત કે ચાંદ હક્કે કરોડોં મંઝિલમેં જલ્વા કરકે**
**અભી તહે તારોંકી છાંવ બદલી કે નૂર કે તળકે આ લિયે થે**

**અર્થાત :** ખુદાની શાન જુઓ કે અલ્લાહનો ચાંદ મુસ્તફા કરીમ ﷺ કરોડો મંઝિલો પર પોતાનો જલ્વો દેખાડીને પરત આવ્યો તો હજી એ જ પ્રમાણે તારાઓ ચમકી રહ્યા હતા, તેમના સાયા પણ ન બદલાયા. અને નૂરનો એવો સમુદ્ર વહી રહ્યો હતો કે જાણે સુબ્હ સાદિક્ થઈ ગઈ છે. (જ્યારે કે હજી સવાર દૂર હતી, કેમ કે એક ઘડી જ તો થઈ હતી ! ગયા અને આટલુ બધુ કરીને પરત પણ આવી ગયા. અને હજી સાંકળ હલી રહી હતી, પથારી ગરમ હતી, પાણી જેનાથી વુઝૂ કે ગુસ્લ કરીને ગયા હતા તે વહી રહ્યું હતું.)

*ઝંજીર ભી હિલતી રહી બિસ્તર ભી રહા ગર્મ–ઈક પલ મેં સરે અર્શ ગયે આયે મુહમ્મદ ﷺ*

**નબીએ રહમત શફીએ ઉમ્મત 'રઝા'પે લિલ્લાહ હો ઈનાયત**
**ઉસે ભી ઈન ખિલ્અતોંસે હિસ્સા, જો ખાસ રહમત કે વાં બટે થે**

**અર્થાત :** હે મારા રહમત તથા કરમ ફર્માવવાવાળા આકા ! અને હે ઉમ્મતની શફાઅત ફર્માવવાવાળા ! આપના દરના ગદા ઈમામ અહમદ રઝા પર પણ ખુદારા ! મહેરબાની થઈ જાય ! અને મેઅરાજની રાતે બારગાહે ખુદાવંદીથી આપને જે ખાસ ઈનામો અતા થયાં એનામાંથી એક રજકણ એને પણ અતા થઈ જાય.

**ષનાએ સરકાર હૈ વઝીફા, કુબૂલ સરકાર હૈ તમન્ના**
**ન શાઈરીકી હવસ ન પરવા રવી થી ક્યા કૈસા કાફિયે થે**

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ આપની તારીફ તથા તૌસીફ (પ્રશંસા કરવી) મારા ઈમાનનો વઝીફો છે અને એનું આપની બારગાહમાં કુબૂલ થઈ જવું જિંદગીની સૌથી મોટી ખ્વાહિશ છે, નહીં તો મને શાઈરીનો ન શોખ છે અને ન તો કોઈ લાલચ કે મગજમારી કરતો ફરૂં કે રદીફ તથા કાફિયા (પ્રાસ) કેવા છે ?! બસ આપની મહોબ્બતને પ્રદર્શિત કરવાનો હેતુ હતો જે આપની નઝરે કરમથી સારી રીતે થયો.

www.barkatekhwaja.net

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❐ **ગોરવા :** (વડોદરા) ખાતે હઝરત મૌલાના ખૈરુદ્દીન રઝવી (ઈમામ : મસ્જિદે ગૌષિયા, પ્રેસ્ટન, યુ.કે.)ના વાલિદા મોહતરમા (મૌલાના જમીલ સાહબના દાદીમા)નો તા. ૯–૧૨–૨૦૨૨, મુ. તા. ૧૩–જમા. અવ્વલ હિ. ૧૪૪૪ જુમ્આના રોજ ઈન્તેકાલ થયો છે. ❐ **લુસાકા :** (જાંબિયા) ખાતે હાજી ઐયૂબ મૂસા જમાદાર (સુરા) દયાદરાવાળાનો તા. ૫–૧૨–૨૦૨૨, મુ. તા. ૯–જમા. અવ્વલ હિ. સ. ૧૪૪૪, સોમવારના રોજ ઈન્તેકાલ થયો છે. ❐ **દયાદરા :** ખાતે બશીર ઈસ્માઈલ કીડીવાલાનો તા. ૪–૧૨–૨૦૨૨, મુ તા. ૮–જમા. અવ્વલ હિ.સ. ૧૪૪૪ રવિવારના રોજ ઈન્તેકાલ થયો છે. ❐ **ભરૂચ :** ખાતે હજીયાણી તૈયબન યાકૂબ શેઠ (યૂસુફ શેઠ દયાદરવીના બહેન)નો તા. ૧૧–૧૨–૨૦૨૨, મુ.તા. ૧૫ જમા. અવ્વલ, હિ. ૧૪૪૪, રવિવારના રોજ ઈન્તેકાલ થયો છે....... *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## તઝકેરતુલ અવલિયા

# હઝરત અબૂ અલી શફીક઼ બલ્ખી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**હપ્તો ૪૭**

**આપની નસીહતો** : હજ્જના સફર દરમિયાન જ્યારે આપ બગદાદ શરીફ પહોંચ્યા તો ખલીફા હારૂન રશીદ આપનું સ્વાગત કરીને ખૂબ જ એહતેરામ સાથે પેશ આવ્યો અને આપને કાંઈક નસીહતો કરવાની અપીલ કરી. આપે ફર્માવ્યું કે એ સારી રીતે સમજી લો કે તમે ખુલફાએ રાશિદીનના નાયબ છો અને ખુદા તઆલા તમારાથી ઈલ્મ તથા હયા અને સત્ય તથા અદ્‌લની પૂછતાછ કરશે. અને ખુદાએ તમને તલ્વાર તથા ચાબુક તથા દોલત એટલા માટે અતા કરેલ છે કે જરૂરતમંદોમાં દોલત વહેંચો અને ચાબુક વડે શરીઅત પર અમલ ન કરનારાઓને સજા કરો અને તલ્વાર થકી ખૂન કરનારાઓને ખૂનનો બદલો આપો. અને જો તમે એના પર અમલ ન કર્યો તો મેહશરના દિવસે જહન્નમવાસીઓના સરદાર બનાવી દેવામાં આવશે. અને તમારું દૃષ્ટાંત દરિયા જેવું છે અને અમલદારો તથા હાકિમો તેમાંથી નીકળનારી નહેરો છે. જેથી તમારો ફર્ઝ બને છે કે એ રીતે ન્યાયી હુકૂમત કરો કે જેની અસર અમલદારો તથા હાકિમો પર પડે, કેમ કે નહેરો દરિયાના તાબે રહેતી હોય છે.

### ★ કુલ સલ્તનતની કિંમત એક ગ્લાસ પાણી જેટલી ! ★

પછી આપે સવાલ કર્યો કે જો રણમાં તમે તરસથી તડપી રહ્યા હોય અને કોઈ શખ્સ અડધી હુકૂમતના બદલામાં તમને એક ગ્લાસ પાણી આપવા ચાહે તો શું તમે તેને કબૂલ કરી લેશો. રશીદે જવાબ આપ્યો કે યક઼ીનન ! કબૂલ કરી લઈશ. પછી આપે પૂછયું કે એ પાણીના પીવાથી તમારો પેશાબ બંધ થઈ જાય અને સખત તકલીફમાં કોઈ તબીબ ઈલાજના બદલામાં બાકીની અડધી સલ્તનત તલબ કરે તો તમે શું કરો ?! હારૂન રશીદે જવાબ આપ્યો કે અડધી સલ્તનત તેના હવાલે કરી દઈશ. આ સાંભળીને આપે ફર્માવ્યું કે એ સલ્તનત ગર્વ લેવાને પાત્ર નથી થઈ શકતી જે કેવળ એક પાણીના ઘૂટડા પર વેચાય શકે. આ જવાબ બાદ હારૂન રશીદ ઘણીવાર સુધી રડતો રહ્યો અને ખૂબ જ એહતેરામ સાથે આપને વિદાય કર્યા.

અને જ્યારે આપ મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા તો એ ખયાલ પેદા થઈ ગયો કે ખાનએ ખુદામાં રોજીની તલાશ યોગ્ય નથી. અને જ્યારે ત્યાં હઝરત ઈબ્રાહીમ બિન અદ્‌હમથી મુલાકાત થઈ તો તેમને સવાલ કર્યો કે આપે રોજી પ્રાપ્તિ માટે કયો ઝરીયો અપનાવ્યો છે ? તેમણે જવાબ આપ્યો કે જો કાંઈ મળી જાય છે તો શુક્ર કરું છું અને નથી મળતુ તો સબ્રથી કામ લઉં છું. આપે ફર્માવ્યું કે એ હાલ તો કૂતરાઓનો પણ છે ! અને જ્યારે હઝરત ઈબ્રાહીમ અદ્‌હમ رحمۃ اللہ علیہએ આપને રોજીની પ્રાપ્તિના બારામાં પૂછયું તો ફર્માવ્યું કે જો કાંઈ મળી જાય છે તો ખૈરાત કરી દઉં છું અને નથી મળતુ તો શુક્રથી કામ લઉં છું. આ સાંભળીને હઝરત ઈબ્રાહીમ અદ્‌હમ رحمۃ اللہ علیہએ કહ્યું કે ખરેખર આપ મહાન બુઝુર્ગ છે.

પછી હજ્જ બાદ આપ બગદાદ પરત આવી ગયા અહીં આવીને ત્યાં જ વઅઝો કહેવામાં વ્યસ્ત થઈ ગયા. એકવાર વઅઝ દરમિયાન આપે ફર્માવ્યું કે જે વખતે મેં સફર શરૂ કર્યો તો ચાર દાંગ (દિરહમનો ચોથો ભાગ) ચાંદી મારી પાસે હતી અને આજ સુધી એ જ પ્રમાણે મારા ખિસ્સામાં પડી છે. એના પર કોઈએ વાંધો ઉઠાવ્યો કે જે વખતે આપે ચાંદી ખિસ્સામાં રાખી તો શું એ વખતે ખુદા પર ભરોસો ન

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

www.barkatekhwaja.net

હતો ? અથવા એનો વજૂદ ન હતો ?! આ સાંભળીને આપ ખામોશી સાથે મિમ્બરની નીચે આવી ગયા.

**તવક્કુલવાળાઓ** : આપ ફર્માવ્યા કરતા હતા કે એકવાર મેં ખ્વાબમાં કોઈને એવું કહેતાં સાંભળ્યો કે તવક્કુલવાળાઓની રોજીમાં તથા સારા સ્વભાવમાં વધારો થતો રહે છે અને તેઓ વિશાળ દિલવાળા હોય છે એને ઈબાદત વખતે તેમનાં દિલો વસવસાથી પાક રહે છે. પછી ફર્માવ્યું કે ઈબાદતનો પાયો બીમો રજા (ખૌફ તથા ઉમ્મીદ) તથા હુબ્બે ઈલાહી (ખુદાની મહોબ્બત) પર કાયમ છે અને ખૌફની નિશાની હરામ ચીજોને ત્યજી દેવું છે, અને ઉમ્મીદની નિશાની ઈબાદત પર હમેશગી અપનાવવાનું છે. મહોબ્બતના જોરની નિશાની શૌક તથા તૌબા અને રુજૂઅ ઈલલ્લાહ થઈ જવું છે અને જેની અંદર ખૌફ તથા ઈઝતેરાર ન હોય તે જહન્નમી છે.

પછી ફર્માવ્યું કે **ત્રણ ચીજો** માણસના માટે **તબાહીનો સબબ** છે : **એક** તૌબાની ઉમ્મીદ પર ગુનાહોમાં પડવું. **બીજુ** જિંદગીની ઉમ્મીદ પર તૌબા ન કરવી. **ત્રીજુ** રહમતથી નિરાશ થવું. પછી ફર્માવ્યું કે અલ્લાહ તથા આબિદો તથા રિયાઝતવાળાઓને મૃત્યુ બાદ જીવંત કરે છે અને ગુનાહ કરનારાઓને જિંદગીમાં જ મુર્દા બનાવી દે છે. પછી ફર્માવ્યું કે ફકથી ત્રણ ચીજો હાંસલ થાય છે : જિસ્માની (શારીરિક) ગમ, મશ્ગલએ કલ્બ (દિલની મશ્ગૂલિયત) અને હિસાબની મુશ્કેલી. પછી ફર્માવ્યું કે **મૌત આવીને પરત નથી થતું જેથી દરેક પળે એના માટે તૈયાર રહો.** પછી ફર્માવ્યું કે મારી નજીક મહેમાન દરેક ચીજથી વધુ અઝીઝ છે. કેમ કે **મેહમાનનવાઝીનો બદલો ખુદા જ જાણે છે.** પછી ફર્માવ્યું કે જે શખ્સ નેઅમત પ્રાપ્તિ માટે મુશ્કેલી વેઠીને મુશ્કેલીને ફર્રાખી (રાહત) ન સમજે તે હમેશાં બંને જહાનના ગમમાં સપડાયેલો રહે છે અને જેણે એને રાહત સમજી લીધી તે બંનેવ જહાનમાં ખુશ રહે છે.

**રહસ્યો તથા આદેશો** : જયારે લોકોએ આપને સવાલ કર્યો કે ખુદા પર સંપૂર્ણ ભરોસો કરનાર કોણ હોય છે ? ફર્માવ્યું, જે દુનિયવી ચીજના નષ્ટ થઈ જવાને ગનીમત જાણે અને જે ખુદાના વાયદાઓને ઈન્સાનોના વાયદા કરતાં સંતોષકારક સમજે. પછી ફર્માવ્યું કે ત્રણ ચીજોમાં તકવાની ઓળખ છે : ફિરિસ્તાદન, મના કરદન, સુખન ગુફતન. ફિરિતાદનનો ભાવાર્થ એ છે કે તમે ખુદાના ફિરિસ્તાદા (મોકલેલા) છો જેથી એ પ્રકારના કામો અંજામ આપો. અને મના કરદનનો ભાવાર્થ એ છે કે કોઈની પાસેથી કાંઈ તલબ ન કરો. અને સુખન ગુફતાનથી મુરાદ એ છે કે એવી વાત કહો જે દીન તથા દુનિયામાં લાભદાયી હોય. અને બીજો ભાવાર્થ આ વાક્યનો એ છે કે તમે જેટલા પ્રમાણમાં નેક કામ અંજામ આપ્યાં તે દીનની ભલાઈના માટે હોય, અને જે કામોથી દૂરી અપનાવી છે તે દુનિયવી ભલાઈના માટે છે, કેમ કે એક માણસ પોતાની ઝબાનથી દીન તથા દુનિયા બંનેની વાતો કરી શકે છે.

પછી ફર્માવ્યું કે મેં વિવિધ ઉલમાથી સવાલ કર્યો કે દાનિશ્વર, દોલતમંદ, બખીલ, દાના તથા દરવેશનો શો મતલબ ? અને બધાએ એ જ જવાબ આપ્યો કે **દાનિશ્વર** તે છે જે દુનિયાની મહોબ્બતથી દૂર રહે. **દોલતમંદ** તે છે જે કઝા તથા કદર પર મુત્મઈન (સંતુષ્ઠ) રહે. **દાના** તે છે જે દુનિયાના ધોકામાં ન સપડાય શકે. **દુરવેશ** તે છે જે અધિક તલબ ન કરે અને **બખીલ** તે છે જે દોલતને મખ્લૂક કરતાં અધિક પ્રિય સમજીને કોઈને એક પાઈ પણ ન આપે.

હઝરત હાતિમ અસમે આપનાથી લાભદાયી નસીહત કરવાની દરખાસ્ત કરી તો ફર્માવ્યું કે **આમ વિસયત** તો એ છે કે પોતાના કૌલનો યોગ્ય જવાબ વિચાર્યા વિના કોઈ વાત મોંઢેથી ન કાઢવામાં આવે, અને **ખાસ વસિયત** એ છે કે જ્યાં સુધી તમારી અંદર વાત ન કહેવાની શક્તિ મૌજૂદ છે ત્યાં સુધી ખામોશી અપનાવો.



www.barkatekhvaja.net

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

ભાગ–૨

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## ★ માલ અને કિંમતમાં ફેરફારનુ બયાન ★

**મસ્અલા** : સ્થળાંતર ન કરી શકે તેવી મિલ્કત ખરીદી. એનો કબ્જો લેતાં પહેલાં વેચવી જાઈઝ છે. કેમ કે એનું હલાક થવું બહું અસંભવ છે અને જો તે એવા પ્રકારની હોય કે એના હલાક થવાનો અંદેશો હોય તો જ્યાં સુધી કબ્જો ન લઈ લે ત્યાં સુધી વેચાણ કરી શકશે નહીં. જેમ કે મકાનનો ઉપરનો કમરો (છત) યા દરિયા કિનારાનુ મકાન અને જમીન અથવા તે જમીન જેના પર રેતી ચઢી જવાનો અંદેશો હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : સ્થળાંતર કરી શકે એવી ચીજ ખરીદી તો જ્યાં સુધી કબ્જો ન કરી લે ત્યાં સુધી વેચાણ કરી શકશે નહીં, પરંતુ ખેરાત કે સદકો કરી શકે છે, ગીરો મૂકી શકે છે. કર્જે કે ઉછીની (થોડા સમય માટે આપવું) આપવા ચાહે તો આપી શકે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : સ્થળાંતર કરી શકે એવી (સ્થાવર) ચીજ કબ્જો લેતાં પહેલાં વેચનારને બખ્શિશ કરી દીધી અને વેચનારે કબૂલ કરી લીધી તો વેચાણ જતુ રહ્યું (રદ થયું) અને જો વેચનારને જ વેચી દીધી તો એ વેચાણ સહીહ નથી. પહેલું વેચાણ હજુ પણ બાકી ગણાશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ખરીદનારે કબ્જો લેતાં પહેલાં જ વેચનારે માલમાં કોઈ ફેરફાર કર્યો તો એની બે સૂરતો છે : પહેલી સૂરતમાં એણે ખરીદનારના કહેવાથી ફેરફાર કર્યો હોય, બીજી સૂરતમાં એણે ખરીદનારના કહ્યા વગર ફેરફાર કર્યો હોય. જો ખરીદનારના કહેવાથી ફેરફાર કર્યો, જેમ કે ખરીદનારે કહ્યું હોય કે એને બખ્શિસ કરી દે યા ભાડે આપી દે અને વેચનારે એ પ્રમાણે કર્યું તો ખરીદનારનો કબ્જો થઈ ગયો અને ખરીદનારના કહ્યા વગર ફેરફાર કર્યો જેમ કે તે ચીજ ગીરવી મૂકી અથવા ભાડેથી આપી દીધી યા અમાનત મૂકી અને તે ચીજ હલાક થઈ ગઈ તો સોદો (વેચાણ) રદ થયો. અને જો વેચનારે ઉછીની આપી, બખ્શિશ કરી દીધી, ગીરવી મૂકી અને ખરીદનારે તેને જાઈઝ કર્યું (માન્ય રાખ્યું) તો પણ ખરીદનારનો કબ્જો થઈ ગયો ગણાશે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ખરીદનારે વેચનારને કહ્યું કે ફલાણાની પાસે માલ રાખી મૂકો, જ્યારે હું કિંમત અદા કરીશ ત્યારે તે મને આપી દેશે અને વેચનારે આપી દીધો તો એ ખરીદનારનો કબ્જો ન થયો બલ્કે વેચનારનો જ કબ્જો ગણાશે. અર્થાત તે ચીજ જો હલાક થઈ જશે તો તે વેચનારની જ હલાક થઈ ગયેલી ગણાશે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : એક ચીજ ખરીદી હતી. એના પર કબ્જો મેળવ્યો ન હતો, તે દરમિયાન વેચનારે વધારે કિંમત લઈને બીજાને વેચી દીધી અને ખરીદનારે વેચાણને માન્ય રાખ્યું તો પણ એ વેચાણ દુરસ્ત નથી, કેમ કે કબ્જો લેતા પહેલાંનું છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : જેણે માપવાની ચીજ માપીને, વજન કરીને લેવાની ચીજ વજનથી તેમજ ગણતરી કરીને લેવાની ચીજ ગણતરી કરીને ખરીદી તો જ્યાં સુધી માપ યા તોલ અથવા ગણતરી ન કરી લે (ત્યાં

www.barkatekhwaja.net

સુધી) એને વેચવી પણ જાઈઝ નથી અને ખાવી પણ જાઈઝ નથી અને જો અંદાજે ખરીદી કરી એટલે કે માલ સામે હાજર હતો અને એનો અંદાજો લગાવી પૂરેપૂરો ખરીદી લીધો (એવું નહીં કે આટલા શેર યા આટલા માપનો યા આટલા નંગ ખરીદ્યા) તો એમાં ફેરફાર કરવા, વેચવા, ખાવા માટે માપ, તોલ વગેરેની જરૂર નથી અને જો એ ચીજ બખ્શિશથી, વારસામાં કે વસિયતથી મળી છે યા ખેતરની પેદાશ છે તો માપવા વગેરેની જરૂર નથી.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : સોદા પછી વેચનારે ખરીદનારની સામે માપ તોલ કર્યું તો પછીથી ખરીદનારને માપવા તોલવાની જરૂર નથી અને સોદા પહેલાં એની સામે માપવા તોલવામાં આવ્યું હતું અથવા સોદા પછીથી એની ગેરહાજરીમાં માપ તોલ કર્યું તો તે પૂરતું ગણાશે નહીં. તોલ, માપ કર્યા વગર એને ખાવું તથા વેચવું જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : વજનથી કે માપની સાથે બયએ તઆતી સાથે ખરીદ્યાં હતાં તો ખરીદનારે માપવું, તોલવું જરૂરી નથી. કબ્જો લઈ લેવો પૂરતો છે.

*(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વેચનારે સોદો કરતા પહેલાં તોલ, માપ કર્યું હતું. ત્યાર પછી એક માણસે જેની સામે તોલવામાં આવ્યું હતું એણે ખરીદ્યો પરંતુ એણે તોલ્યા વગર સોદો કરી લીધો અને પછીથી તોલીને ખરીદનારને આપ્યો તો એ વેચાણ જાઈઝ નથી, કેમ કે તોલ્યા પહેલાં વેચાણ થયું છે. *(ફત્હુલ કદીર)*

**મસ્અલા** : તાકો ખરીદ્યો જો કે ગજ (માપનો એકમ)ના હિસાબે ખરીદ્યો (જેમ કે તાકો દસ ગજનો છે અને એની કિંમત આટલી છે) એમાં માપતાં પહેલાં ફેરફાર જાઈઝ છે. હા ! જો સોદામાં ગજના હિસાબે કિંમત થઈ હોય જેમ કે એક રૂપિયામાં એક ગજ તો જ્યાં સુધી માપી લેવામાં ન આવે ત્યાં સુધી ફેરફાર જાઈઝ નથી. અને વજન કરેલી ચીજ જો એવી હોય કે જેના ટુકડા થવાથી નુકસાન થાય એમ છે તો વજન કરતાં પહેલાં ફેરફાર જાઈઝ છે જેમ કે તાંબા વગેરેના લોટા અને વાસણો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કબ્જો કરતા પહેલાં કિંમતમાં ફેરફાર જાઈઝ છે. એને વેચાણ, બખ્શિશ, ભાડેથી, સદકો, વસિયત બધું કરી શકો છો. કિંમત કોઈ વાર હાજર હોય છે જેમ કે આ ચીજ આ દસ રૂપિયાના બદલામાં ખરીદી, અને કોઈવાર હાજર તરફ ઈશારો કરવામાં આવતો નથી. જેમ કે આ ચીજ દસ રૂપિયાના બદલામાં ખરીદી. પહેલા પ્રકારમાં દરેક પ્રકારનો ફેરફાર કરી શકીએ છીએ. ખરીદનારને માલિક બનાવી શકીએ છીએ અને નહીં ખરીદનારને પણ માલિક બનાવી શકાય છે અને બીજા પ્રકારમાં ખરીદનારને માલિક બનાવ્યા સિવાય બીજો કોઈ ફેરફાર કરી શકતા નથી. અર્થાત ખરીદનાર સિવાયના (અન્ય)ને તેનો માલિક બનાવી શકાશે નહીં, જેમ કે વેચનાર, ખરીદનાર પાસેથી કોઈ ચીજ તે રૂપિયાના બદલામાં ખરીદ કરી શકે છે જે ખરીદનારની જવાબદારી છે અથવા એનું જાનવર અથવા મકાન ભાડેથી લઈ શકે છે અને તે રૂપિયા તેને બખ્શિશ પણ કરી શકે છે, સદકો આપી છે શકે અને જો ખરીદનાર સિવાય બીજા કોઈની પાસેથી કોઈ ચીજ ખરીદે તે રૂપિયાના બદલામાં જે તે ખરીદનાર પર છે યા બીજાને બખ્શિશ કરે, સદકો કરે તો સહીહ નથી. *(દર વ રદ)*

**મસ્અલા** : કિંમત બે પ્રકારની છે. એક તે કે નક્કી કરવાથી નક્કી થઈ જાય છે, જેમ કે માપ અને તોલની ચીજો. બીજી તે કે નક્કી કરવા છતાં પણ

www.barkatekhwaja.net

નક્કી નથી થતી. જેમ કે કોઈ ચીજ આ રૂપિયાના બદલામાં ખરીદી અર્થાત કોઈ ખાસ રૂપિયા તરફ ઈશારો કર્યો તો એને જ દેવા વાજિબ નથી બીજા રૂપિયા પણ આપી શકે છે એટલે કે દસ રૂપિયાની જગ્યાએ દસની નોટ, પંદર રૂપિયાની જગ્યાએ ગિન્ની (ચલણનો પ્રકાર) આપી શકે છે. ખરીદનારને કદી પણ એ હક્ક હાંસલ નથી કે કહેલા રૂપિયા લઈશ, નોટ કે અશરફી નહીં લઉં. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કબ્જાથી પહેલાં કિંમત સિવાય બીજા કોઈ દેવામાં ફેરફાર કરવા માટે તે જ હુકમ લાગુ પડશે જે કિંમત માટેનો હુકમ છે. જેમ કે મહેર, કર્ઝ, મહેનતાણુ, દંડ કે તલાક મેળવવા માટે આપેલ બદલો જે માગણીના હકદાર છે તેને માલિક બનાવી શકાય છે એટલે કે તેમની પાસેથી એના બદલામાં કોઈ ચીજ ખરીદી શકીએ છીએ, તેને મકાન વગેરેના ભાડા પેટે આપી શકીએ છીએ, બખ્શિશ કે સદકો કરી શકીએ છીએ, પરંતુ બીજાને માલિક બનાવવા ઈચ્છો તો માલિક બનાવી શકીશું નહીં. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : બયએ સરફ અને સલમ (એડવાન્સ)માં જે ચીજનો સોદો થયો એ સિવાયની બીજી ચીજની લેવડ દેવડ કરવી જાઈઝ નથી અને એમાં બીજા કોઈ પણ પ્રકારનો ફેરફાર જાઈઝ નથી ન મુસ્લમ ઈલૈહ (જેને વસ્તુ સોંપવામાં આવેલ છે તે) મુદલમાં ફેરફાર કરી શકે છે અને ન રબ્બુસ્સલમ (સોંપનાર) કે તે રૂપિયાના બદલામાં અશરફી લઈ લે અને એ ઘઉંના બદલામાં જે લે એ નાજાઈઝ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ખરીદનારે વેચનાર માટે કિંમતમાં થોડોક વધારો કર્યો અથવા તો વેચનાર માલમાં વધારો કર્યો એ જાઈઝ છે કિંમત યા માલમાં એ જ જાતનો વધારો હોય કે બીજી જાતનો વધારો હોય, સોદો કરતી વેળાનો હોય કે સોદો થયા પછીથી વધારો થયો હોય હર હાલતમાં એ વધારો લાઝિમ થઈ જાય છે. અર્થાત જો પાછળથી શરમિંદગી આવી કે આવું મેં કેમ કર્યું ? તો એ બેકાર છે, તે આપવો પડશે. અજાણ વ્યક્તિએ કિંમતમાં વધારો કર્યો અને ખરીદનારે કુબૂલ કરી લીધો તો એ ખરીદનાર પર લાઝિમ થઈ જશે અને જો ખરીદનારે ઈન્કાર કર્યો તો બાતિલ થશે. હા ! જો અજનબી વ્યક્તિએ વધારો કર્યો અને પોતે જામિન બન્યો અને કહ્યું કે હું મારી પાસેથી આપીશ તો વધારો સહીહ છે અને વધારો અજનબી વ્યક્તિ પર લાઝિમ છે.

*(હિદાયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : જો ખરીદનારે કિંમતમાં વધારો કર્યો તો એના લાઝિમ હોવા માટે શર્ત એ છે કે વેચનારે એ જ બેઠકમાં કબૂલ પણ કરી લીધો હોય અને જો તે બેઠકમાં કબૂલ નથી કર્યો અને પાછળથી કર્યો તો લાઝિમ નથી. અને એ પણ શર્ત છે કે માલ હાજર હોય, માલ હલાક થયા પછીથી કિંમતમાં વધારો થઈ શકતો નથી. માલને વેચી નાખ્યો હોય, અને પછીથી ખરીદ કર્યો હોય અથવા તો પાછો લઈ લીધો હોય તો પણ કિંમતમાં વધારો સહીહ છે (દુરસ્ત છે). બકરી મરી ગઈ છે તો કિંમતમાં વધારો થઈ શકતો નથી અને ઝબહ કરવામાં આવી છે તો થઈ શકે છે. માલમાં વેચનારે વધારો કર્યો એમાં પણ ખરીદનારનું એ મજલિસમાં કબૂલ કરવું શર્ત છે, માલનું બાકી રહેવું શર્ત નથી. માલ હલાક થઈ ચૂક્યો છે તો પણ માલમાં વધારો થઈ શકે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વેચનાર કિંમતમાં કમી કરી શકે છે, જેમ કે દસ રૂપિયામાં એક ચીજ વેચી હતી પરંતુ વેચનારને ખ્યાલ આવ્યો કે ખરીદનારને કિંમત ભારે પડશે એમ વિચારીને કિંમત ઓછી કરી, એવું

www.barkatekhwaja.net

થઈ શકે છે. એને માટે માલનું બાકી રહેવું શર્ત નથી. આ કમી કિંમત મેળવી લીધા પછી પણ થઈ શકે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વધઘટ જે કંઈ હોય તે ભલે પાછળથી થઈ હોય એને મૂળ સોદામાં જ ગણવામાં આવશે. એટલે કે વધઘટ પછીથી જે કંઈ છે એના પર જ સોદો થયો ગણાશે. પૂરેપૂરી કિંમત રદ નહીં થઈ શકે. અર્થાત ખરીદનારના શિરે કંઈ પણ કિંમત ન રહે અને સોદો કાયમ રહે, કેમ કે કિંમત વગરનું વેચાણ ગણાય એવું નથી થઈ શકતું. અલબત્ત, એવું થઈ શકે કે પ્રથમ કિંમત પર સોદો થયો ગણાય અને એવું સમજવામાં આવે કે વેચનારે ખરીદનારને કિંમત માફ કરી દીધી એનું પરિણામ ત્યાં જાહેર થશે કે શફીઅએ શુફઆ કર્યો તો પૂરી કિંમત દેવી પડશે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : વધઘટને મૂળ સોદામાં ગણવાની અસર એ પડશે કે મુરાબહા અને તોલિયામાં એનો વિશ્વાસ ગણાશે. પ્રથમ કિંમતનો યા તો પ્રથમ માલનો એ'તેબાર નહીં થાય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : જો ખરીદનાર માલમાં કમી કરવા ઈચ્છે અને માલ જો નક્કી ન કરેલો હોય તો જાઈઝ છે અને માલ નક્કી થઈ ચૂકેલો છે તો કમી થઈ શકતી નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : સોદો થયા પછી (વેચાણ પછી) વેચનારે પૈસા ચૂકવવા માટે ખરીદનારને મેહતલ આપી એટલે કે પૈસા ચૂકવવા માટેની મુદત નક્કી કરવામાં આવી અને ખરીદનારે કબૂલ કરી લીધી તો એ દેવું મુદતી થઈ ગયું. એટલે કે વેચનાર પર એ મુદત લાઝિમ થઈ ગઈ એનાથી પહેલાં માંગણી કરી શકશે નહીં. દરેક પ્રકારના દેવા માટે એવો જ હુકમ છે. મુદતી ન હોય પણ પાછળથી મુદત નક્કી કરવામાં આવી તો તે મુદતી થઈ જાય છે પરંતુ કરજદારનું કબૂલ કરવું શર્ત છે. જો તેણે ના પાડી દીધી તો મુદતી ગણાશે નહીં એને તરત અદા કરવું વાજિબ થશે અને લેણદાર જ્યારે ઈચ્છે ત્યારે માંગણી કરી શકશે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : દેવાની મુદત કોઈ વાર જાહેરી હોય છે (જેમ કે ફલાણા મહિનાની ફલાણી તારીખ) અને કોઈ વાર છુપી (જાહેરી નહીં) પરંતુ થોડીક જહાલત હોય તો જાઈઝ છે. કેમ કે જ્યારે પાક કપાશે અને જો જહાલતે યસીરા (ઓછી જહાલત) હોય જેમ કે જ્યારે ખેતી કપાશે. અને જો અધિક જહાલત હોય દા.ત. આંધી આવશે યા વરસાદ વરસશે ત્યારે તો એ મુદત બાતિલ છે. *(હિદાયા)*

**મસ્અલા** : દેવાની મુદતને શર્ત પર અધ્ધર રાખી શકાય છે. જેમ કે એક માણસ પર હજાર રૂપિયા છે. લેણદાર એને કહે છે કે જો પાંચસો રૂપિયા આવતી કાલે અદા કરી દે તો બાકીના પાંચસો માટે છ મહિનાની મેહતલ આપું છું. *(રદ્દુલ મુહ્તાર)*

**ઈન્તેક઼ાલ પુરમલાલા**

**ભરૂચ** : સીરાજપાર્ક (શેરપુરા–ડુંગરી રેલ્વે ફાટક પાસે) ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવાલા (હાફિઝ મૂસા વેમીના ભાઈ)નો તા. ૧૧–૧૨–૨૦૨૨, મુ. તા. ૧૫ જમા. અવ્વલ, હિ. ૧૪૪૪ રવિવારના રોજ ઈન્તેક઼ાલ થયો. મર્હૂમ નેક દીનદાર હતા. આપે હુઝૂર મુફતીએ આ'ઝમની કરામતો, ક઼ાનૂને શરીઅત (ભાગ–૨), તબલીગી જમાઅત સત્યના પ્રકાશમાં વગેરે.. કિતાબો અનુવાદ કરી હતી. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) –તંત્રી

www.barkatekhwaja.net

# એક મઝલૂમ મુજાહિદે આઝાદી
# અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી رحمۃ اللہ علیہ

રજૂ : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

આજે આપણા દેશને આઝાદ થયે ૯૫ વરસ થઈ ચૂક્યા છે. સમગ્ર વિશ્વ આપણને સમ્માનની નજરોથી જુએ છે. આપણને સૌથી મોટી લોકશાહી તરીકે ઓળખવામાં આવે છે. આપણે આ ૭૫ વરસમાં પ્રગતિના પંથે ચાલીને કેટલીય મંઝિલો પાર કરી લીધી છે. જનસંખ્યાના આધારે આપણે બીજા સ્થાને છીએ. જ્ઞાન, સંશોધન, ઉદ્યોગ, હસ્તકલા અને તબીબી ક્ષેત્રોમાં આપણી ઉત્કૃષ્ટ સિધ્ધિના કારણે સમસ્ત જગત આપણને ઈર્ષા દષ્ટિએ જુએ છે. આપણી સિધ્ધિઓ આપણને આંતર રાષ્ટ્રીય સ્તરે એક મહાન દેશ બનાવે છે. એટલે જ તો શાઈરે મશરિક ડોક્ટર ઈકબાલ કહેતા જણાય છે : (શેઅર)

*સારે જહાં સે અચ્છા હિંદુસ્તાં હમારા,*
*હમ બુલબુલેં હૈં ઈસકી યે ગુલસિતાં હમારા*

પરંતુ શું આપણે કદી એ પણ વિચાર્યું છે કે આ સફળતાઓ આપણને કયા લોકોના કારણે મળવી શક્ય બની છે. તેઓ એ હસ્તીઓ છે જેમણે આપણા દેશને અંગ્રેજોના ખૂની પંજાથી મુક્ત કરાવવામાં ઘણી મુસીબતો ઉઠાવી, કૈદની યાતનાઓ વેઠી, અંગ્રેજોના જુલ્મો સિતમનો ભોગ બન્યા, ત્યાં સુધી કે પોતાની જાનોની પણ કુર્બાનીઓ આપી. આઝાદીના એ મહાન લડવૈયાઓમાં ગાંધીજી, પંડિત જવાહર લાલ નેહરૂ, મૌલાના અબ્દુલ કલામ આઝાદ, સુભાષ ચંદ્ર બોઝ, વલ્લભભાઈ પટેલ, ભગત સિંહ, મૌલાના મુહમ્મદ અલી જોહર, મૌલાના હસરત મોહાની વગેરેનાં નામો આપણે સૌ જાણીએ છીએ અને તેમની બહાદુરી તથા દેશ માટે તેમની કુર્બાનીઓના કિસ્સાઓ પણ દરેક જાણે છે.

એમાં કોઈ શંકા નથી કે એ બહાદુરોની કુર્બાનીઓથી આપણે સૌ વાકેફ છીએ અને તેમના ઉત્કૃષ્ટ કાર્યો મૂલ્યવાન છે પરંતુ એમાં પણ બેમત નથી કે અમુક એવા પણ આઝાદીના મુજાહિદો છે જેમની કુર્બાનીઓ અન્યોથી ઓછી નથી પરંતુ ઈતિહાસના પાનાઓ પર તેમનું નામો નિશાન જડતું નથી જેમણે દેશની આઝાદી માટે અંગ્રેજોની આંખોમાં આંખો નાખી તેમનો સામનો કર્યો. પોતે યાતનાઓ સહીને પોતાની જાન પણ દેશની આઝાદી માટે કુર્બાન કરી દીધી, આઝાદીના એવા ગુમનામ મુજાહિદોમાં મોખરે જે નામ નજર આવે છે તે છે કાળા પાણીની સજા પામનાર પ્રથમ મુસ્લિમ મુજાહિદે આઝાદી અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી. (رحمۃ اللہ علیہ)

અલ્લામાનો જન્મ હિ.સ. ૧૨૧૨ ઈ.સ. ૧૭૯૭માં ઉત્તર પ્રદેશના જિલ્લા સીતાપુરના કસ્બા ખૈરાબાદમાં થયો. આપનો સિલસિલએ નસબ બત્રીસ વાસ્તાથી બીજા ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہથી મળે છે. આપના પૂર્વજો ઈરાનથી હિંદુસ્તાન આવ્યા હતા. આપના બાળપણમાં ચારે બાજુ ઈલ્મો ફઝલનો ચર્ચો હતો. આપના આસપાસ હુકૂમત અને સિયાસતનો માહોલ ગરમ હતો. ઘરમાં પણ કોઈ વસ્તુની કમી ન હતી. ખૈરાબાદ જેવા ફળદ્રુપ અને ઈલ્મ નવાઝ કસ્બાએ આપની ઈલ્મી તથા રાજનૈતિક ખૂબીઓને ચમકાવી. આપના વાલિદ ફઝલે ઈમામ ખૈરાબાદી (વફાત : હિ.સ. ૧૬૩૩ ઈ.સ. ૧૮૨૯) મુગલ યુગમાં દિલ્હીના સદરૂસ્સુદૂર અર્થાત ચીફ જસ્ટિસ હતા. શાહી દરબાર સાથે સંબંધ ઉપરાંત આપ ઈલ્મો ફઝલના અસીમ સમુદ્ર હતા. તેમની ઈલ્મી કાબેલિયતનું અનુમાન એ પરથી કરી શકાય છે કે એક તરફ શાહ

www.barkatekhwaja.net

અબ્દુલ અઝીઝ અને શાહ અબ્દુલ કાદિરનો ડંકો મન્કૂલાતમાં વાગી રહ્યો હતો અને બીજી બાજુ એ જ દિલ્હીમાં મૌલાના ફઝલે ઈમામનો મઅકૂલાતમાં સિક્કો ચાલી રહ્યો હતો. તલબા બંને દરિયાઓથી તૃપ્ત થઈ રહ્યા હતા. (બહાદુર શાહ ઝફરના શાસનકાળમાં સદરૂસ્સુદૂર દેહલીના હોદ્દા પર બિરાજમાન રહેનાર) મુફતી સદરૂદ્દીન આઝુર્દા, અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી વગેરે પણ અન્ય ઉલમાની જેમ હદીષ એક જગ્યાએ પઢતા અને મન્તિક તથા ફલ્સફો બીજી જગ્યાએ. ખુદ અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીની ઝાતે ગિરામી મૌલાના ફઝલે ઈમામ ખૈરાબાદીની સર્વ સ્વીકૃત કાબેલિયતનું પ્રમાણ છે. પાંચ ઝિલ કઅદહ હિ.સ. ૧૨૪૪ ઈ.સ. ૧૮૨૯ માં આપે વફાત પામી. મિર્ઝા ગાલિબે તારીખ પ્રમાણે વફાત લખી.

*ગુફતમ અંદર સાયએ લુત્ફે નબી*
*બાદ આરમશગાહે ફઝલે ઈમામ*

*(અષ્વરતુલ હિન્દિયા (બાગી હિંદુસ્તાન) લેખક : અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી, અનુવાદક : મૌલાના મુહમ્મદ અબ્દુશ્શાહિદ ખાન શેરવાની, પ્રકાશન : ૪, અલ્ મજમઉલ ઈસ્લામી, મુબારકપુર પેજ : ૧૩૮–૧૪૦)*

મૌલાના ફઝલે ઈમામ ખૈરાબાદીના ઈલ્મી મુકામ અને નુમાયાં શખ્સિયતનો અંદાજો સર સૈયદ અહમદ ખાને આપના માટે લખેલ આ લખાણના લકબોથી લગાવી શકાય છે.

''અકમલે અફરાદે નૌએ ઈન્સી, મહબતે અનવારે ફૂયૂઝે કુદ્સી, સરાબે સર ચશ્મએ અયનુલ યકીં, મુઅસ્સિસે અસાસે મિલ્લતો દીં, માહીયે આષારે જહલ, હાદિમે બિનાએ ઈઅતિસાબ, મુહિય્યે મારાસિમે ઈલ્મ, બાનીએ મબાનીએ ઈન્સાફ, કુદવતો ઉલમાએ ફહૂલ, હાવિયે મઅકૂલો મન્કૂલ, સનદે અકાબિરે રોઝગાર, મરજએ અઆલી વ અદાનીએ હર દિયાર, મિઝાજદાને શખ્સે કમાલ, જામેએ સિફાતે જલાલો જમાલ, મવરદે ફૈઝે અઝલો અબદ, મતરહે અન્ઝારે સઆદતે સરમદ, મિસ્દાકે મફહૂમે તમામ અજઝાએ વાસ્તતુલ ઈકદ, સિલસિલએ હિકમતે ઈશરાકી વ મશ્શાઈ, ઝુબ્દએ કિરામ, ઉસ્વએ એઝામ, મુકતદાએ અનામ, મૌલાના વ મખ્દૂમુના મૌલવી ફઝ્લે ઈમામ અદખલહુલ્લાહુલ મુનઆમુ ફિલ જન્નતિન્નઈમ બેલુત્ફિહીલ અમીમ. *(આષારૂસ્સનાદીદ, પેજ : ૫૦૦, સંદર્ભ : અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી ઔર ઈન્કેલાબે ઈ.સ. ૧૮૫૭, મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી, પ્ર : દારુલ કલમ દિલ્હી પેજ : ૨૨)*

એ જ ઈલ્મી અને રાજનૈતિક નેતૃત્વવાળા વાતાવરણમાં અલ્લામા ફઝલે હક્કની પરવરિશ થઈ. આપની ઝહાનતનો એ આલમ હતો કે તેર વરસની વયમાં તે સમયની પ્રચલિત સર્વ વિદ્યાઓમાં નિપૂણતા પ્રાપ્ત કરી લીધી. ઈલ્મો અદબમાં પણ આપે ઉચ્ચ સ્થાન મેળવ્યું. જ્યારે દિલ્હી આવ્યા તો અહીંયાનો માહોલ પણ એ જ પ્રમાણે પામ્યો. મિર્ઝા ગાલિબ જેવા ઈલ્મી મર્તબાવાળા અને શેર શાયરીના પહાડ સમા વ્યક્તિ પણ આપના મશવેરા મુજબ અમલ કરતા, અલ્લામાએ મિર્ઝા ગાલિબને મુશ્કેલ અને ગાઢ શબ્દો તથા રચનાઓના ચયનથી પણ પરહેઝ કરવાનો મશવરો આપ્યો. અચંબાની વાત તો એ છે કે મિર્ઝાએ તેના પર અમલ પણ કર્યો અને મુશ્કેલ રચનાઓના રચવાને ત્યજી દીધું.

પ્રસિધ્ધ ગીતકાર જાવેદ અખ્તરના કાવ્ય સંગ્રહ ''તુર્કશ''નો ફલેપ પ્રખ્યાત સાહિત્યકાર, સંશોધક, પ્રોફેસર ગોપીચંદ નારંગે લખ્યો છે, તેઓ લખે છે :

''જાવેદ મશહૂર તરક્કી પસંદ શાયર જાં નિષાર અખ્તર અને ''ઝેરે લબ''ની સફિય્યા અખ્તરના પુત્ર, શાઈરે જવાં મર્ગ મજાઝના ભાણયા છે. પોતાના જમાનાના કાદિરૂલ કલામ શાયર મુઝતર ખૈરાબાદી જાવેદના દાદા હતા. મુઝતરના વાલિદ સૈયદ અહમદ

www.barkatekhwaja.net

હુસૈન રૂસ્વા એક સારા શાયર હતા. મુઝતરના વાલેદા સઈદુન્નિસા હિર્મા ઓગણીસમી સદીની એ ગણત્રીની શાઈરાઓમાંથી હતાં જેમનું નામ ઉર્દૂ તારીખમાં આવે છે. જાવેદના શાએરા પરદાદી હિર્માના વાલિદ અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી પોતાના યુગના અત્યંત મોઅતબર આલિમ, ફલ્સફી, મન્તિકી અને અરબીના શાયર હતા. અલ્લામા ફઝલે હક્ક ગાલિબના નજીકના મિત્ર હતા અને તે ''દીવાને ગાલિબ'' જેને દુનિયા આંખોથી લગાડે છે જાવેદના પર દાદા અલ્લામા ફઝલે હક્કનું જ સંપાદિત કરેલ છે. અલ્લામા ફઝલે હક્ક એ ઈ.સ. ૧૮૫૭ની જંગે આઝાદીમાં લોકોના પુરજોશ માર્ગદર્શનના જુર્મમાં અંગ્રેજોથી કાળા પાણીની સજા પામી અને ત્યાં જ આંદામાનમાં તેમની વફાત થઈ.''

મિર્ઝા ગાલિબના શિષ્ય અલ્તાફ હુસૈન હાલીના લખાણથી આ દાવાનો પુરાવો થઈ જાય છે, હાલી ''યાદગારે ગાલિબ''માં લખે છે :

''મૌલવી ફઝલે હક્કના આગ્રહથી તેમણે (મિર્ઝા ગાલિબે) પોતાના ઉર્દૂ સંગ્રહમાંથી જે તે સમયે મૌજૂદ હતો લગભગ બે તૃતિયાંશ કાવ્યો કાઢી નાખ્યાં અને ત્યાર પછી તે પધ્ધતિ પર ચાલવાનું છોડી દીધું.''

આ સંદર્ભમાં બીજો એક હવાલો જુઓ, મુહમ્મદ હુસૈન આઝાદ લખે છે :

''મૌલાના ફઝલે હક્ક અને મિર્ઝા ખાનીએ દીવાને ગાલિબમાંથી મુશ્કેલ અશઆર કાઢી નાખ્યા અને બે તૃતિયાંશ ભાગ કાઢી નાખ્યો અને તેમની રેહનુમાઈથી ગાલિબે એ પધ્ધતિ પર ચાલવાનું છોડી દીધું.'' *(અષ્ષવરતુલ હિંદિયા (બાગ઼ીએ હિંદુસ્તાન, લેખક : અલ્લામા ફઝલે ખૈરાબાદી, અનુવાદક : મૌલાના મુહમ્મદ અબ્દુશ્શાહિદ ખાન શેરવાની, પ્રકાશન ૪, અલ્ મજમઉલ્ ઈસ્લામી, મુબારકપુર, પેજ : ૧૯૮)*

આ અલ્લામાનું એ કારનામું છે જેનાથી આપણે તેમની અદબી (સાહિત્યિક) ઊંચાઈનું અનુમાન લગાવી શકીએ છે. ગાલિબના સ્વભાવથી આપણે સૌ વાકેફ છીએ. ગાલિબ અત્યંત ખુદ્દાર અને આઝાદ તબિયતના માલિક હતા. તેમનો મિજાઝ ''મુસ્તનદ હૈ મેરા ફર્માયા હુવા''નો પ્રતિક હતો. તેઓ કોઈને ધ્યાનમાં લેતા ન હતા પરંતુ ઉપરોક્ત હવાલાઓથી નિશ્ચિત રૂપે પુરવાર થઈ જાય છે કે ગાલિબના જગપ્રસિધ્ધ કાવ્ય સંગ્રહ ''દીવાને ગાલિબ''ને ન કેવળ અલ્લામાએ સંપાદિત કર્યો બલ્કે ગાલિબના સંગ્રહ કરેલ કાવ્યોમાંથી બે તૃતિયાંશ કાવ્યોને દીવાને ગાલિબમાંથી કાઢી નાખ્યા. આ એક અસામાન્ય ઘટના છે. તેના પર મજાની વાત તો ગાલિબ જેવા જગપ્રસિધ્ધ શાયરને મશવરો આપવું અને તેને મુશ્કેલ રચનાઓથી પરહેઝ કરવાનો આગ્રહ કરવો, અને અસલ કારનામું તો ગાલિબનું તેમના મશવરાને સ્વીકાર કરવું છે.

મિર્ઝા ગાલિબ અને અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીના સબંધો ઘણા ગાઢ હતા. સન ૫૭ના ઈન્કેલાબમાં અલ્લામાની ખિદમતોના ગાલિબ અત્યંત દીવાના હતા. પછી અલ્લામા પર બગાવતનો મુકદમો ચાલવો અને તેમને કાળા પાણીની સજા થવી ગાલિબ માટે ખૂબ જ દુઃખદ ઘટના હતી. જ્યારે કાળા પાણીની સજા દરમિયાન જ આંદામાનમાં અલ્લામાનો વિસાલ થયો તો ગાલિબ તડપી ઉઠ્યા. તેમની તડપનો અંદાઝો શૈખ લતીફ અહમદ બલગીરામીને લખેલ ગાલિબના આ પત્રથી લગાવી શકાય છે, મિર્ઝા ગાલિબ મૌલાના ખૈરાબાદીના વિસાલ પર શૈખ લતીફ અહમદ બલગિરામીને લખે છે :–

''શું લખું અને કહું, નૂર આંખોથી જતું રહ્યું અને દિલથી સુરૂર (ખુશી), હાથ ધ્રુજી રહ્યા છે, કાન સાંભળ વામાં અક્ષમ છે.

*ઈતાબે અરૂસા દરઆમદ બજોશ*
*સુરાહી તહી ગશ્ત વ સાકી ખમોશ*

www.barkatekhwaja.net

ફખ્રે ઈજાદો તકવીન, મૌલાના ફઝલે હક્ક઼ આવો મિત્ર મૃત્યુ પામી જાય તો ગાલિબ અધમૂઓ અને અર્ધ પ્રાણ રહી જાય.

*મરતે હૈં આરઝૂ મેં મરને કી*
*મૌત આતી હૈ પર નહીં આતી*
*આગે આતી થી હાલે દિલ પે હંસી*
*અબ કિસી બાત પર નહીં આતી*

*(ઉર્દૂ એ મુઅલ્લા, અલીગઢ, ડિસેમ્બર, ૧૯૦૭, પેજ–૩૨ સંદર્ભ : અષ્ષવરતુલ હિન્દિયા (બાગી હિંદુસ્તાન) લેખક : અલ્લામા ફઝલે હક્ક઼ ખૈરાબાદી, અનુવાદક : મૌલાના મુહમ્મદ અબ્દુશ્શાહિદ ખાન શેરવાની, આવૃત્તિ : ૪, અલ્ મજમઉલ ઈસ્લામી, મુબારકપુર, પેજ : ૧૯૯)*

આ સર્વ ઈલ્મી તથા સાહિત્યિક ખૂબીઓ ઉપરાંત અલ્લામા દેશની બદલાતી રાજનૈતિક સ્થિતિથી સારી રીતે વાકેફ હતા. હિંદુસ્તાનમાં અંગ્રેજોએ પોતાના કદમ જમાવી લીધા હતા. ચારેવ તરફ તેમના જુલ્મ અને અત્યાચારના કારણે આમ બેચેની અને નારાજગી જોવા મળતી હતી. અંગ્રેજોએ ન કેવળ હુકૂમત અને રાજકારણને નિશાન બનાવ્યા હતા બલ્કે તે હિંદુસ્તાની સંસ્કૃતિને પણ નુકસાન પહોંચાડી રહ્યા હતા. ખાસ રીતે મઝહબી તા'લીમાતને પણ નિશાન બનાવવામાં આવી રહી હતી. જાણે દરેક ક્ષેત્રમાં અંગ્રેજ પોતાની નાહક દખલગીરીને જાઈઝ માની રહ્યા હતા. અકબર શાહ ષાની અને અંતિમ મુગલ બાદશાહ બહાદુર શાહ ઝફર બેબસ અને લાચાર થઈ ગયા હતા. પછી અવધના નવાબ વાજિબ અલી શાહ પણ પદભ્રષ્ટ કરી દેવામાં આવ્યા. ત્યાર બાદ એક પછી એક ઘટનાઓ ઘટતી રહી જેમણે હિંદુસ્તાનીઓના દિલોને નફરતથી ભરી દીધાં. કારતૂસમાં સુવ્વર અને ગાયની ચરબીના મામલાએ આગમાં ઘીનું કામ કર્યું. આવા અશાંતિના માહોલમાં અલ્લામા જેવા બહાદુર અને ઈમાની જઝબાથી સરશાર શખ્સ ક્યાંથી ખામોશ રહેવાના હતા ?!

પાકિસ્તાનના નામવર શાઈર નાસિર કાઝમી અને પ્રખ્યાત કોલમ લેખક ઈન્તેઝાર હુસૈનના સંપાદકીયમાં પ્રકાશિત મેગેઝિન ''ખયાલ''ના સન ૧૯૫૭ના અંકમાં શકૂર અહસન સાહબ, મુફતી સદરૂદ્દીન આઝુર્દા પર લેખ લખતાં અલ્લામાના જેહાદ વિશેના ફત્વાનું વર્ણન કરે છે :

''જ્યારે બર્તાનવી સંસ્થાનવાદના વિરૂધ્ધ ઈ.સ. ૧૮૫૭નો હંગામો (અસલમાં ક્રાંતિ) શરૂ થયો તો અમુક શાયરો, સાહિત્યકારો અને આલિમોએ તેમાં જોશભેર ભાગ લીધો અને અંગ્રેજી હુકૂમતની સત્તા સ્થાપિત થયા બાદ તેમના પર મુસીબતોના પહાડ તૂટી પડ્યા. મૌલાના ફઝલે હક્ક઼ને જિહાદનો ફત્વો જારી કરવાના ગુનામાં આંદામાન મોકલી દેવામાં આવ્યા. (મૌલ્વી ઈમામ બખ્શ સહબાઈને ફાંસી આપવામાં આવી, નવાબ મુસ્તફા ખાન શેફતાને કૈદની મુસીબતો સહન કરવી પડી.)''

*(ખયાલ મેગેઝિન, લાહોર, સન ૫૭ અંક, પેજ–૨૬૮, સંદર્ભ : અલ્લામા ફઝલે હક્ક઼ ઔર ઈન્કિલાબે ઈ.સ. ૧૮૫૭, લેખક : મૌલાના યાસીન અખ્તર સ્બિાહી, દારુલ કલમ, નઈ દેહલીમાં રાજા ગુલામ મુહમ્મદ, લાહોરનો લેખ "ફતવાએ જિહાદ ઔર કાઈદાના કિરદાર" પેજ–૧૧૬)*

મુફતી સદરૂદ્દીન આઝૂર્દાના જ બયાનમાં મુફતી ઈન્તેઝામુલ્લાહ શિહાબી જેહાદના ફત્વાની તૈયારીની સર્વ જવાબદારી મૌલાના ફઝલે હક્ક઼ને સોંપે છે. હંગામો ઈ.સ. ૧૮૫૭માં જાહેર થયો, મૌલાના ફઝલે હક્ક઼ અલ્વરથી દિલ્હી આવ્યા. જનરલ બખ્તખાને ઈકતેદારનો નકશો જમા રાખ્યો હતો. ઈસ્તિફતા મૌલાના એ લખ્યો : મુફતી સાહબ અને અન્ય ઉલમાએ ફતવો આપ્યો. મૌલાના ફઝલે હક્ક઼ને જુર્મના સ્વીકારમાં આંદામાન જવું પડયું. *(ગદર કે ચંદ ઉલમા : ઈન્તેઝામુલ્લાહ શિહાબી, પેજ–૪૮, દીની બુક ડીપો–દિલ્હી)*

રઈસ અહમદ જઅફરી જીવનભર આઝાદીની વિગતોનું અન્વેષણ કરતા રહ્યા. તેઓ પોતાની કિતાબ ''બહાદુર શાહ ઝફર ઔર ઉન કા અહદ''માં લખે છે : મૌલાના ફઝલે હક્ક ખૈરાબાદી ઈલ્મી કાબેલિયતમાં પોતાની જોડ ન રાખતા હતા. તેમને જેહાદના ફત્વાના બદલામાં અને બગાવતના ગુનામાં આંદામાન મોકલી દેવામાં આવ્યા. *(બહાદુર શાહ ઝફર ઔર ઉન કા અહદ : પેજ–૩૧૫, કિતાબ મંઝિલ, લાહોર)*

આ રીતે જંગે આઝાદીમાં અલ્લામાં ફઝ્લે હક્કની ખિદમતો સોનાના પાણીથી આલેખિત થવાને પાત્ર છે. આપે ન કેવળ અંગ્રેજો વિરૂધ્ધ કલિમએ હક્ક બુલંદ કરી જિહાદનો ફત્વો આપ્યો બલ્કે તે ફત્વાના કારણે કાળા પાણીની સજા પામી અને ત્યાં જ તેમનો વિસાલ થયો. તેઓ ૨૨ મહીના એ અતિ સખત કૈદમાં રહ્યા અને કૈદમાં જ આપે એક અરબી કિતાબ ''અષ્વરતુલ હિન્દિયા'' લખી. બાદમાં તેનો ઉર્દૂ અનુવાદ મૌલાના મુહમ્મદ અબ્દુશશાહિદ ખાન શેરવાનીએ ''બાગી હિદુસ્તાન''ના નામથી કર્યો. આ પ્રથમ કિતાબ હતી જે ૧૮૫૭ની ચળ વળના હાલાત અને સ્થિતિઓ પર લખવામાં આવી. તે સિવાય આપે પોતાની આંખો દેખી ઘટનાઓ પણ એક અરબી કસીદાના રૂપમાં લખી. તે સેલ્યુલર જેલમાં આપનો વિસાલ ૧૨ સફર હિ.સ. ૧૨૭૮ મુતાબિક ૨૦ ઓગષ્ટ ૧૮૬૧માં થયો. અંડમાન ટાપુના શહેર પોર્ટ બ્લેયરમાં આપનો મઝારે પુરઅન્વાર છે.

અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદીને પોતાનાં તથા પરાયાઓ સૌ એ ભૂલાવી દીધા. પારકાઓએ ધાર્મિક પૂર્વગ્રહના કારણે અને પોતાનાઓએ મઝહબી માન્યતાના લીધે. કાળા પાણીની સજા પામનારા ગૈર મુસ્લિમ લડવૈયાઓના નામો તો ચો તરફ ગુંજતા સંભળાય છે, ખાસ કરીને વિનાયક દામોદર સાવરકર તો જાણે બહાદુરીનું નિશાન બની ગયા અને વીર સાવરકરથી પ્રસિધ્ધ થઈ ગયા ! પરંતુ એ જ આંદામાનની સેલ્યુલર જેલમાં કૈદની જિંદગી પસાર કરનાર અને ત્યાં જ અંગ્રેજોના જુલ્મો સિતમના ભોગ બની વફાત પામનાર અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદીને કોઈ જાણતું નથી ! દુઃખ તો એ છે કે કાળા પાણીની સજાને સાવરકરના નામથી ઓળખવામાં આવે છે.

સાવરકરના અંગ્રેજાની ખિદમતમાં માફીનામા રજૂ કરી પોતાની સજાને માફ કરાવવાને અને ભવિષ્યમાં અંગ્રેજ હુકૂમત વિરૂધ્ધ ગતિવિધિ ન કરવાના લેખિત વાયદાને હિંદુત્વના કારણે લોકોએ અવગણ્યો, પરંતુ સંપૂર્ણ ખુદ્દારી અને સ્વાભિમાન સાથે ગુજારેલા અલ્લામાની કૈદના સમયગાળા પર કહેવાતા ઈતિહાસકારોનું ધ્યાન ન ગયું. એક પૂર્વયોજીત ષડયંત્રના હેઠળ આપની શખ્સિયતને ગુમનામીના અંધકારની ભેટ ચઢાવવાની કોશિશ કરવામાં આવી. કોઈકે કહ્યું કે જે ફઝલે હક્કને કાળા પાણીની સજા થઈ હતી તે અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી ન હતા, તો કોઈએ પ્રતિકૂળ વલણ અપનાવતાં તેમના પ્રખ્યાત જેહાદના ફત્વાનો જ ઈન્કાર કરી દીધો !

મૌલાના ખુશતર નૂરાની પોતાની કિતાબ ''અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી ચંદ ઉન્વાનાત''માં લખે છે :

''અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી ઈતિહાસની એક એવી મઝલૂમ શખ્સિયતનું નામ છે જેમની જિંદગીના વિવિધ પાસાંઓ અને કારનામાઓને ઈતિહાસકારો અને સંશોધકોની કૃપા દ્રષ્ટિએ શંકાઓના ઘેરામાં લાવી દીધા છે. *(અલ્લામા ફઝલે હક્ક ખૈરાબાદી : ચંદ ઉન્વાનાત, મૌલાના ખુશ્તર નૂરાની, કૌમી કાઉન્સિલ બરાએ ફરોગે ઉર્દૂ ઝુબાન, દિલ્હી, પેજ–૪૧)*

તેઓ આગળ લખે છે : ''ક્યાં તેહકીકનો એ અંદાઝ કે જે લોકોના સન ૧૮૫૭ની ચળવળમાં સામેલ થવા અથવા તેમની લડતનું કોઈ પ્રમાણ ન હોવા બલ્કે

અંગ્રેજ હકૂમત સાથે તેમની વફાદારીના સમકાલીનના પુરાવા હોવા છતાં તેમને જંગે આઝાદીના હીરો સાબિત કરવાના સબૂતમાં અનેક સમકાલીન પુરાવાઓને નજરઅંદાઝ કરી એક લખાણને સામે રાખીને તેહકીકની બિછાત લપેટી લેવામાં આવે અને સન ૧૮૫૭ની ચળવળમાં તેમના સામેલ ન થવાનો અંતિમ નિર્ણય સંભળાવી દેવામાં આવે.

*(હવાલો ઉપર મુજબ, પેજ–૪૮,૪૯)*

મૌલાના ખુશ્તર નૂરાનીએ પોતાની કિતાબમાં પુષ્કળ પુરાવાઓ અને ઘણા હવાલાઓથી ઈર્ષાળુઓના ઐતિહાસિક દગાઓને સાબિત કર્યા છે. એમનાથી પહેલાં પણ વૈશ્વિક સ્તરે વિશ્વસનીય અને મુસ્તનદ તેહકીક કર્તાઓએ અલ્લામા ફઝ્લે હક્ક્ ખૈરાબાદીની ખિદમત પર ગલત લખાણ લખવાનો પ્રયાસ કરનારાઓને જડબાતોડ જવાબો આપ્યા છે, પરંતુ ઈદારા ઈબ્તાલે બાતિલ, લાહોરના પ્રમુખ રાજા ગુલામ મુહમ્મદ ઘણી જાણકારીની વાત લખે છે :

"જ્યારે કોઈ અફસાનાની બુનિયાદ જ અદાવત, દુશ્મની અને જૂઠ પર રાખવામાં આવે તો હક્કને સ્વીકારવાની જરૂરત જ નથી પડતી, તમો નકારી ન શકાય તેવી દલીલો અને મજબૂત પુરાવાઓથી કોઈ મંતવ્યને ખોટું પુરવાર કરો છો. જો વિરોધી ગલત ફેહમીનો શિકાર હતો તો હક્કને સ્વીકારી લેશે, પરંતુ જાણી જોઈને ખોટુ મંતવ્ય અપનાવી બેઠો છે અને લોકોને ધોકો આપવાના હેતુથી સર્વ કાંઈ કહી રહ્યો હતો તો હકીકતોને સ્વીકારવા તૈયાર નહીં થાય.

*(ઈમ્તિયાઝે હક્ક્ : રાજા ગુલામ મુહમ્મદ, અલ મજમઉલ ઈસ્લામી, મુબારકપુર, પેજ–૧૩૦)*

હકીકત એ છે કે અલ્લામા ફઝલે હક્ક્ ખૈરાબાદીના મુજાહિદાના કારનામાઓ અને તેમના ઈલ્મો ફઝલથી હસદ રાખનાર દુશ્મનોની ગણતરી રાજા ગુલામ મુહમ્મદના રજૂ કરેલ બીજા પ્રકારમાં થયેલ છે.

નિઝામુદ્દીન નિઝામે સરસ કહ્યું છે :–

*રિશ્તોં કી ધૂપ છાઉં સે આઝાદ હો ગએ*
*અબ તો હમેં ભી સારે સબક્ યાદ હો ગએ*
*મૈં પરબતોં સે લળતા રહા ઔર ચંદ લોગ*
*ગીલી ઝમીન ખોદ કે ફરહાદ હો ગએ !*

પોતાનાઓના ભૂલાવી દેવાનું સૌથી મોટું કારણ મસ્લકી તઅસ્સુબ (મસ્લકની અદાવત) છે. એહલે ઈલ્મ વર્ગે મસ્લકી અયનક લગાડીને અલ્લામાના મુજાહિદાના કારનામાઓને જોયા. અલ્લામા ફઝ્લે હક્ક્ ખૈરાબાદી તે ઈલ્મી શખ્સિયત છે જેમણે ઈસ્માઈલ દહેલવીની વિવાદિત કિતાબ "તક્વિયતુલ ઈમાન"ની ગુસ્તાખી ભરી ઈબારતો પર કુફ્રનો ફત્વો આપ્યો હતો. આપના બંને ફત્વાઓને ઘણી પ્રસિધ્ધિ મળી.

એક અંગ્રેજોના વિરૂધ્ધ આપેલ ફત્વો અને બીજો તક્વિયતુલ ઈમાનનાં ગુસ્તાખી ભરી ઈબારતો પર આપેલ કુફ્રનો ફત્વો. આપની આ બેબાકી અને હક્કગોઈ ભર્યા લખાણો પચાવી ન શકયા અને યોજનાબધ્ધ ષડયંત્ર હેઠળ આપની ઈલ્મી તથા અદબી ખિદમતો અને હિંદુસ્તાનની જંગે આઝાદીમાં અદા કરેલા મુજાહિદાના કિરદારને છુપાવી દેવામાં આવ્યો.

જરૂરતએ વાતની છે કે આજના આ ઈલ્મી વિસ્તરણના દોરમાં અલ્લામા ફઝલે હક્ક્ ખૈરાબાદીના મુજાહિદાના કારનામાઓને જાહેર કરવામાં આવે. અંગ્રેજોના વિરૂધ્ધ આપની નીડર આગેવાનીને વતનવાસીઓ સમક્ષ રજૂ કરવામાં આવે, જેથી મુસલમાનો વિરૂધ્ધ ઝહેર ઓકવાવાળી સાંપ્રાદાયિક શક્તિઓ પ્રશ્ચાતાપથી પીડિત થાય છે.

ડોક્ટર ઈકબાલના આ મશવરા પર અમલ કરવામાં જ કૌમની તરક્કીનો ભેદ છુપાએલ છે !

*ફિર હમ કો ઉસી સીનએ રોશન મેં છુપા લે*
*અય મેહરે જહાં તાબ ન કર હમ કો ફરામોશ*

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ઓગષ્ટ–૨૦૨૨)*

www.barkatekhwaja.net

# શીઆ સુન્ની ભાઈ ભાઈનો નારો આપનાર

## સુધારક કે ખરાબી ફેલાવનાર ?!

સંપાદક : મૌલાના શબ્બીર અહમદ રાજમહલી ● અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

રબ તઆલાનો ઈર્શાદ છે :–

وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَاَنْتُمْ تَعْلَمُوْنَ۝

"અને હક્ક઼ સાથે બાતિલને ન મિલાવો અને જાણી જોઈને હક્ક઼ ન છુપાવો" *(સૂ. બક઼રહ, ૨/૪૨)*

આ આયતની તફસીરમાં અલ્લામા અલી ઈબ્ને મુહમ્મદ ખાઝિન رحمۃ اللہ علیہ ફર્માવે છે : "આ આયતથી જાણવા મળ્યું કે દરેકે જોઈએ કે તે હક્ક઼ને બાતિલથી ન મિલાવે અને ન તો હક્ક઼ને છુપાવે, કેમ કે તેમાં ખરાબી તથા નુકસાન છે. અને એ પણ જાણવા મળ્યું કે હક્ક઼ વાત જાણનારાએ એને જાહેર કરવું વાજિબ છે. અને હક્ક઼ વાતને છુપાવવી એના માટે હરામ છે." *(તફસીરે ખાઝિમ, ૧/૪૧, સૂ. બકરહ, આ. ૪૨ હેઠળ)*

આયતે કરીમા અને તફસીરથી સાફ સ્પષ્ટ થઈ ગયું કે જે પણ હક્ક઼ તથા બાતિલને એક કરે છે, અને હક્ક઼ તથા બાતિલને જાણવા છતાં પણ હક્ક઼ને છુપાવે તે રબ્બુલ ઈઝ્ઝતના હુકમથી વિરૂધ્ધ કરે છે, કેમ કે દરેક ઈલ્મવાળા માટે લાઝિમ તથા જરૂરી છે કે બાતિલને બાતિલ અને હક્ક઼ને હક્ક઼ કહે. અને હક્ક઼ તથા બાતિલને એક કરીને ઉમ્મતમાં ફસાદ (ખરાબી) ન ફેલાવે નુકસાન ન કરે. પરંતુ અફસોસ ! આજકાલ કેટલાક ઈલ્મનો દાવો કરનારા હઝરાત બિલ્કુલ યહૂદી આલિમોની જેમ હક્ક઼માં બાતિલની ભેળસેળ કરીને હક્ક઼ તથા નાહક્ક઼ને એક કરવાની સતત નાપાક કોશિશ કરી રહ્યા છે. ક્યારેક કોઈક કહે છે :

### ★ એક ધોકો : સુન્ની શીઆમાં અક઼ીદાનો કોઈ મતભેદ નથી ! ★

"બનામે મુસ્લિમ જિતને મસાલિક હૈં સબમેં સિર્ફ તશ્રીહી, લફ્ઝી, ફુરૂઈ (ઉપર ઉપરનો સામાન્ય) ઈખ્તેલાફ હૈ." એટલે કે મુસ્લિમ નામના સર્વ મસ્લકોમાં ઉસૂલી (પાયાનો), એતેક઼ાદી (અક઼ીદાઓનો), માન્યતાઓનો કોઈ મતભેદ નથી."

ક્યારેક કોઈ શીઆ સુન્ની અવામ તથા ખવાસના સમક્ષ મઝહબી મેહફિલમાં કહેતો જોવા મળે છે કે : "સુન્ની શીઆમાં અક઼ીદાનો કોઈ મતભેદ નથી."

ક્યારેક કોઈ ધાર્મિક જલસામાં શીઆ સુન્ની અવામને સંબોધીને કહે છે કે : "શીઆ સુન્ની ભાઈ ભાઈ હૈં, જો ઈન દોનોં કો અલગ કરે તુમ ઉનકો અલગ કર દો !" (બયાન : તાહિરુલ ક઼ાદરી)

અન્ય પણ આ પ્રકારની ઘણી જ અજીબો ગરીબ વાતો કરીને લોકોમાં ફસાદ મચાવી રહેલ છે. અને આપણી ભોળી ભાળી સુન્ની અવામ આ બાતિની ફસાદીઓ, જાહેરી ઈત્તેહાદીઓના ધોકાનો અજ્ઞાનતામાં શિકાર થઈ જાય છે. અને જ્યારે કોઈ અસલી સુધારક આ હક્ક઼માં બાતિલને ભેળસેળ કરીને ઉમ્મતમાં ફસાદ (બગાડ) ખડો કરનારા ફસાદીઓને કુર્આની ઉસૂલ મુજબ કહે છે કે لَا تُفْسِدُوْا فِی الْاَرْضِ (જમીનમાં ફસાદ ન કરો. સૂ. બક઼રહ, ૨/૧૧) તો એ ફસાદી તદ્દન યહૂદીઓ તથા મુનાફિક઼ોની જેમ જવાબ આપે છે કે : اِنَّمَا نَحْنُ مُصْلِحُوْنَ۝ (અમે તો સુધારનારા છીએ. સૂ. બક઼રહ, ૨/૧૧) જ્યારે આ હક઼ીક઼તથી દરેક ઈલ્મવાળો વાકેફ છે કે શીઆ સુન્ની મતભેદ આજનો નથી બલ્કે જ્યારથી શીઆ ફિર્ક઼ો અસ્તિત્વમાં આવ્યો છે ત્યારથી લઈને આજ સુધી અહલે સુન્નત

www.barkatekhwaja.net

વ જમાઅતનો શીઆ ફિર્કાથી મતભેદ ચાલ્યો આવ્યો છે, તે પણ અસલ મતભેદ ફુરૂઆત (ઉપર ઉપરની વાતો)માં નહીં બલ્કે ઉસૂલિયત (પાયાની વાતો)માં ચાલતો આવી રહ્યો છે આ હકીકતને જાણવા છતાં પણ કોઈ શખ્સ કહે કે, "સુન્ની શીઆમાં ફુરૂઈ (ઉપર ઉપરનો) મતભેદ છે અકીદાનો નથી તો એવો ઈન્સાન ખયાનત કરનાર પણ છે, ફસાદી પણ છે, ઉમ્મતને નુકસાનનો સબબ પણ છે. અને જો અજ્ઞાનતામાં કોઈ એવું કહી રહ્યો છે તો જે માણસને પાક તથા નાપાક, હક્ક તથા નાહક્કની પહેચાન નથી અથવા એવું કહેવામાં આવે કે જે માણસને સુન્ની તથા શીઆમાં ફરક નથી માલૂમ તો પછી એવા માણસનું પોતે પોતાને મઝહબી રેહબર તથા કૌમો મિલ્લતનો રેહબર બતાવવું એ જ ડાકૂગીરી છે.

## ★ સુન્ની શીઆ મતભેદ ઉપર ઉપરનો નથી પાયાનો છે ★

**શીઆ ફિર્કાના બાતિલ અકીદાઓ શીઆની કિતાબો થકી** : હવે અમે શીઆ ફિર્કાના તે બાતિલ અકીદાઓ નીચેના લખાણમાં રજૂ કરીએ છીએ જે "અહલે સુન્નત વ જમાઅત"થી વિરોધાભાસી છે, તે સૌ તો નહીં બલ્કે ટૂંકાણમાં શીઆ ફિર્કાના કેટલાક બાતિલ અકીદા તથા માન્યતાઓ શીઆઓની કિતાબોથી રજૂ કરીએ છીએ તેનો અભ્યાસ કરો પછી નિર્ણય આપ પોતે જ લો કે શું સુન્ની શીઆ મતભેદ કેવળ ફુરૂઈ (ઉપર ઉપરનો) છે કે પાયાનો છે ?!

## ★ શીઆ ફિર્કાનો અકીદો : અહલે બયતના ઈમામો માસૂમ છે ★

પ્રિય વાંચકો ! એ વાત આમ લોકો તથા ખાસ લોકોમાં મશહૂર છે કે શીઆઓની નજીક ૧૨ ઈમામો છે અને તે કેવળ અહલે બયતના ઈમામો જ છે, અને શીઆઓનો અકીદો અહલે બયતના ૧૨ ઈમામો رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن વિશે એ છે કે :

"ઈમામ પણ પયગંબરોની જેમ સગીરા કબીરા ગુનાહોથી પાક તથા માસૂમ છે." *(હક્કુલ યકીન, ભાગ–૫, ઈમામત, મક્સદે દોમ, વજહ પંજુમ, દલીલ દોમ, પેજ–૭૦, તાલીફ : શીઆ અલ્લામા મુહમ્મદ બાકિર મજલિસી, પ્રકાશક : ઈન્તેશારાતે સુરૂર, હિ.સ. ૧૩૯૩)*

જેમ કે "હક્કુલ યકીન"ના અનુવાદક "શીઆ" સૈયદ બશારત હુસૈન અનુવાદમાં લખે છે : બીજી શરત : ઈમામતની શરતોમાંથી ઈસ્મત (પાકી, પવિત્રતા) છે, અને ઈમામિયા ઉલમાનો ઈજમાઅ થયેલો છે કે "ઈમામ" પણ "પયગંબર"ની જેમ શરૂ ઉમરથી અંતિમ ઉમર સુધી સર્વ સગીરા કબીરા ગુનાહોથી પાક તથા માસૂમ છે. *(ઉર્દૂ તર્જુમો હક્કુલ યકીન, ભાગ–૧, પ્રકરણ–૫, ઈમામતનું વર્ણન, પેજ–૪૯, અઝ : શીઆ બશારત હુસૈન, પ્રકાશક : મજલિસે ઈલ્મી પાકિસ્તાન, ઉર્દૂ તર્જુમો હયાતુલ કુલૂબ, ૩/૩૧, ઈમાનના બારામાં વર્ણન, વિભાગ–૨, લેખક : શીઆ અલ્લામા બાકિર મજલિસી, અનુવાદક : શીઆ સૈયદ બશારત હુસૈન કામિલ મિર્ઝાપુરી, પ્રકાશક : ઈમામિયા કુતુબ ખાના–લાહોર)*

**પયગામ** : ઉપરોક્ત લખાણથી એક વાત તદન ધોળા દિવસની જેમ ઉઘાડી થઈ જાય છે કે શીઆ ફિર્કાના પાયાના અકીદાઓના પ્રમાણે અહલે બયતના બાર ઈમામો رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنમાંથી દરેક ઈમામને માસૂમ માનવા **દરેક શીઆ** વ્યક્તિ માટે જરૂરી છે, નહીં તો તે શીઆ નથી ! કેમ કે આ અકીદા પર શીઆ ઈમામિયા ઉલમાનો ઈજમાઅ થયેલો છે હવે જરા બતાવો ! આ પાયાનો મતભેદ છે કે ઉપર ઉપરનો ?!

## ★ શીઆ અકીદો : સર્વ નબીઓ عَلَیْہِمُ السَّلَام મા'સૂમ નથી ! ★

વાંચકો ! ઉપરોક્ત લખાણમાં આપે જોયું કે શીઆ ફિર્કાના અનુયાયીઓ ૧૨ અહલે બયતે અત્હાર

www.barkatekhwaja.net

ઈમામો رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَને માસૂમ માને છે ! પરંતું બીજી બાજુ આ શીઆ રાફઝી ફિર્કાવાળા તમામ અંબિયાએ કિરામ عَلَیْھِمُ السَّلَامને માસૂમ નથી માનતા. (મઆઝલ્લાહ !) જી હા ! શીઆ રાફઝી ફિર્કાની નજીક ગુનાહથી માસૂમ કેવળ તેર હસ્તીઓ છે. એક નબી કરીમ ﷺ અને બાકી ૧૨ અહલે બયતે અત્હાર ઈમામો رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ. *(જુઓ હક્કુલ મુબીન, પ્રકરણ–૫, ઈમામત, મક્સદે પંજુમ, દલીલ દોમ, પેજ–૯૦, સંપાદક : શીઆ અલ્લામા મુહમ્મદ બાકિર મજલિસી, પ્રકાશક : ઈન્તેશારાતે સુરૂર, હિ. ૧૩૯૩)*

જેમ કે "હક્કુલ યકીન"ના અનુવાદક (શીઆ) સૈયદ બશારત હુસૈન અનુવાદમાં લખે છે : "અને સર્વ સંમતિથી રસૂલે ખુદા ﷺ અને બાર ઈમામો સિવાય કોઈ માસૂમ નથી." *(જુઓ : ઉર્દૂ તર્જુમો હક્કુલ યકીન, ભાગ–૧, પ્રકરણ–૫, ઈમામતનું વર્ણન, પાંચમો મક્સદ, પેજ–૬૩, અનુવાદક : શીઆ સૈયદ બશારત હુસૈન, પ્રકાશક : મજલિસે ઈલ્મી, પાકિસ્તાન)*

**પયગામ** : જરા વિચારો તો ખરા ! એક તરફ આ રાફઝી શીઆ ફિર્કો અહલે બયતે અત્હારના બાર ઈમામો رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَને તો ગુનાહોથી માસૂમ માને છે. પરંતું અન્ય સર્વ અંબિયા عَلَیْھِمُ السَّلَامને માસૂમ નથી માનતા ! એનો સ્પષ્ટ ઉઘાડો મતલબ એ છે કે આ લઅનતી ફિર્કો બાર ઈમામોને અન્ય સર્વ નબીઓથી પણ અફઝલ માને છે. (મઆઝલ્લાહ !)

## ★ શીઆ અકીદો : ૧૨ ઈમામો રસૂલુલ્લાહ ﷺ સિવાય સૌથી અફઝલ છે ! ★

શીઆઓનો એ બાતિલ અકીદો કે અહલે બયત رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ હુઝૂર નબી કરીમ ﷺના સિવાય બાકીના સર્વ અંબિયા (નબીઓ) عَلَیْھِمُ السَّلَامથી અફઝલ છે. *(જુઓ : હક્કુલ યકીન, પ્રકરણ–૫, ઈમામત, મકસદ પંજુમ, આયત–૮, પેજ–૧૧૮, સંપાદક : શીઆ અલ્લામા મુહમ્મદબાકિર મજલિસી, પ્રકાશક : ઈન્તેશારાતે સુરૂર હિ. ૧૩૯૩)*

જેમ કે હક્કુલ યકીનના મુતર્જિત (અનુવાદક) "શીઆ" સૈયદ બશારત હુસૈન તર્જુમામાં લખે છે : "મોટાભાગના શીઆ ઉલમાનો અકીદો એ છે કે જનાબ અમીર "અલી" علیہ السلام અને તમામ અઈમ્માએ અત્હાર (પવિત્ર ઈમામો) પયગંબર આખિરુઝ્ઝમાં ﷺ સિવાય સર્વ પયગંબરોથી અફઝલ છે." *(જુઓ : ઉર્દૂ તર્જુમા હક્કુલ યકીન, ભાગ–૧, પ્રકરણ–૫, ઈમામતનું બયાન, મકસદ પાંચ, પેજ–૮૧, અનુવાદક : શીઆ સૈયદ બશારત હુસૈન, પ્રકાશક : મજલિસે ઈલ્મી પાકિસ્તાન)*

જરા બતાવો ! જે રાફઝી શીઆ ફિર્કા "ગૈર નબીને નબીથી અફઝલ માને "(જે માનવું કુફ્ર છે) શું એમની સાથે એહલે સુન્નતની એકતા થઈ શકે છે ? શું આ ફુરૂઈ (સાધારણ ઉપર ઉપરનો) મતભેદ છે કે પાયાનો ? બીજી વાત એ કે શીઆ રાફઝી ફિર્કો અહલે બયતે અત્હાર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَમાંથી પણ કેવળ ૧૨ને માસૂમ (જેમનાથી ગુનોહ થાય જ નહીં) માને છે, તો મારો સવાલ છે સર્વ રાફઝીઓથી કે જો ૧૨ વ્યક્તિઓ અહલે બયતે અત્હાર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَની માસૂમ છે તો સર્વ અહલે બયતે અત્હાર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ કેમ માસૂમ નથી ? અને જ્યારે તમે ૧૨ ઈમામોને માસૂમ હોવાના અકીદા પર આયતે તત્હીરને દલીલ બનાવીને રજૂ કરો છો તો મારો સવાલ છે કે શું આયતે તત્હીરમાં કેવળ ૧૨ ઈમામો જ સામેલ છે ? બાકીના અહલે બયતે અત્હાર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ કેમ સામેલ નથી ? જો આયતે તત્હીરમાં સર્વ અહલે બયતે અત્હાર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ સામેલ છે તો પછી

www.barkatekhwaja.net

કયામત સુધી આવનારા સર્વ અહલે બયતે અત્હાર رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની દરેક વ્યક્તિ માસૂમ કેમ નથી ?

**જરૂરી નોંધ** : યાદ રાખશો કે **અહલે સુન્નત વ જમાઅતનો અકીદો** છે કે ગુનાહોથી મઅસૂમ માનવોમાં કેવળ અંબિયાએ કિરામ علیہم السلام ની જાત છે.

## ★ શીઆ અક઼ીદામાં ત્રણેવ ખલીફા જાલિમ ખલીફા હતા ★

વાંચકો ! એ જ પ્રમાણે એ વાત પણ ખાસ તથા આમ પબ્લિકમાં મશહૂર છે કે શીઆ ફિર્કાના અનુયાયીઓ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ના મુકદ્દસ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની ગુસ્તાખી પણ કરે છે અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર આક્ષેપબાઝીનું બજાર પણ ગરમ કરે છે. જી હા ! જરા જુઓ શીઆ રાફઝીઓની નજીક ત્રણેવ ખલીફા એટલે હઝરત અબૂ બક્ર સિદ્દીક઼ તથા હઝરત ઉમર તથા હઝરત ઉષ્માન ગની رضوان اللہ تعالیٰ علیہم اجمعین "ખુલફાએ જોર" એટલે જાલિમ ખલીફા હતા. (મઆઝલ્લાહ !) અને ત્રણેવ ખલીફાની હુકૂમતના દૌરમાં મુનાફિક઼ સહાબા હતા. (મઆઝલ્લાહ !) જેમણે હોદ્દો મન્સબ, માલો ઝરની લાલચમાં હદીષો ઘડી કાઢી (અલ્લાહની પનાહ) (આ શીઆ અક઼ીદો) *(જુઓ : હક્કુલ યક઼ીન, પ્રકરણ–૫, ઈમામત, મક઼સદ–૪, પેજ–૮૩, વજહ સોમ, પેજ–૮૩, સંપાદક : શીઆ અલ્લામા મુહમ્મદ બાક઼િર મજલિસી, પ્રકાશક : ઈન્તેશારાતે સુરૂર, હિ. ૧૩૩૯)*

જેમ કે હક્કુલ યક઼ીનના અનુવાદક "શીઆ" સૈયદ બશારત હુસૈન તર્જુમામાં લખે છે :

"એ જ પ્રમાણે જો તેઓ પોતાની મનઘડત હદીષોને જે ખુલ્ફાએ જોર (જાલિમ ખલીફાઓ)ના સત્તાકાળમાં મુનાફિક઼ સહાબાએ, મન્સબ તથા હોદ્દા અને માલો ઝરની લાલચમાં ઘડી કાઢી છે, અમારી ઉપર લાગુ કરી તો એને કબૂલ કરવી અમારા પર લાઝિમ ન થશે."

*(જુઓ : ઉર્દૂ તર્જુમો હક્કુલ મુબીન, જિલ્દ–૫, પ્રકરણ–૫, પ્રકરણ : ઈમામતનું બયાન, ચોથો મક઼સદ, પેજ–૫૭, અનુવાદક : શીઆ સૈયદ બશારત હુસૈન, પ્રકાશક : મજલિસે ઈલ્મી–પાકિસ્તાન)*

**પયગામ** : જરા વિચારીને બતાવો ! જે શીઆ રાફઝી ફિર્કો હઝરત અબૂ બક્ર સિદ્દીક઼ તથા ઉમર ફારૂક઼ તથા ઉષ્માન ગની رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને ખલીફાએ જોર એટલે જાલિમ ખલીફા કહે અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને મુનાફિક઼ કહે અને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર હદીષો ઘડવાનો આક્ષેપ લગાડે, તો શું આ ફુરૂઈ (સાધારણ, ઉપર ઉપરનો) આક્ષેપ છે કે પાયાનો (ઉસૂલી) ? સાથોસાથ એ પણ બતાવો કે શું એવા ગુસ્તાખ ફિર્કાથી આપણે અહલે સુન્નત વ જમાઅતની એકતા (ઈત્તેહાદ) થઈ શકે છે ? શું એવા લોકો આપણા ભાઈ થઈ શકે છે ?

## ★ શીઆઓની ગુસ્તાખી : હઝરત અમીર મુઆવિયા, હઝરત આઈશા તથા હઝરત હફ્સા رضی اللہ تعالیٰ عنہن ની શાનમાં ★

પ્યારા દીની ભાઈઓ ! ઉપરના લખાણમાં તમોએ દલીલ સાથે જોયું કે શીઆ રાફઝીઓએ કેટલી ઉદ્ધતાઈપૂર્વક સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની શાનમાં ગુસ્તાખીઓ કરી છે. વધુમાં જુઓ કે શીઆ રાફઝીઓની ગુસ્તાખીઓમાંથી એ પણ છે કે શીઆ, રાફઝી ફિર્કાના લોકો હઝરત અબૂ સિદ્દીક઼, હઝરત ઉમર ફારૂક઼, હઝરત ઉષ્માન ગની તથા હઝરત અમીર મુઆવિયહ

www.barkatekhwaja.net

رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَને બુત (મૂર્તિ)) કહે છે (મઆઝલ્લાહ !) અને ચારેવ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَને મુનાફિક઼ પણ કહે છે ! (મઆઝલ્લાહ !) અને વધુમાં એ કે શીઆ રાફઝી લઅનતી ફિર્કાવાળા ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા બિન્તે અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہا અને ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સા બિન્તે ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہا અને હઝરત હિંદા બિન્તે ઉત્બા رضی اللہ عنہا ને મુનાફિક઼ા કહે છે. *(જુઓ : હક્કુલ યક઼ીન બાબ, પેજ–૮૩૧, સંપાદક : શીઆ અલ્લામા મુહમ્મદ બાક઼િર મજલિસી, પ્રકાશક : ઈન્તેશારાતે સુરૂર, હિ. ૧૩૯૩)*

જેમ કે હક્કુલ યક઼ીનના અનુવાદક "શીઆ" સૈયદ બશારત હુસૈન અનુવાદકમાં લખે છે :

"અને અમારો એતેક઼ાદ બેઝારીથી એ છે કે ચારે બુતો (મૂર્તિઓ)થી બેઝારી અપનાવવામાં આવે, જેમાં ત્રણ મશહૂર મુનાફિક઼ અને ચોથો મુઆવિયહ છે. અને ચાર સ્ત્રીઓ છે જેમનામાં બે મુનાફિક઼ા મશહૂર છે જે હિંદા અને ઉમ્મુલ હકીમ છે, એમની સર્વ પયરવી (અનુસરણ) કરનારાઓ તથા આજ્ઞાંકિતોથી બેઝારી (વિમુખતા, નારાજી) રાખવી જોઈએ, અને એ કે **તેઓ ખુદાની મખ્લૂક઼માં સૌથી બદતર છે."**

*(જુઓ : ઉર્દૂ તર્જુમો હક્કુલ યક઼ીન, ભાગ–૨, પ્રકરણ–૬, ૧૮મી ફસ્લ, પેજ–૨૧૫, અનુવાદક : શીઆ સૈયદ બશારત હુસૈન, પ્રકાશક : મજલિસે ઈલ્મી પાકિસ્તાન)*

**પયગામ** : મારા ભાઈઓ ! પ્રથમ વાત તો એ યાદ રાખવાની છે કે શીઆ અનુવાદકે પોતાના જ ફિર્ક઼ાની કિતાબનો અનુવાદ કરવામાં તક઼િય્યા (ધોકો) અપનાવ્યો, કેમ કે શીઆઓના અલ્લામા બાક઼િર મજલિસી રાફઝીએ ફારસીમાં સ્પષ્ટપણે હઝરત સિદ્દીક઼ે અકબર, હઝરત ઉમર ફારૂક઼, હઝરત ઉષ્માન ગની અને હઝરત અમીર મુઆવિયહ (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ)નું નામ લઈને બુત (મૂર્તિ) તથા મુનાફિક઼ કહ્યા છે. (મઆઝલ્લાહ !) પણ શીઆ અનુવાદ બશારત હુસૈને કેવળ હઝરત મુઆવિયહ رضی اللہ عنہ નું નામ લખ્યું અને ત્રણેવ ખલીફાઓનાં નામ ગાયબ કરી દીધાં. એ જ પ્રમાણે શીઆઓના અલ્લામા બાક઼િર મજલિસી રાફઝીએ હઝરત આઈશા رضی اللہ عنہا, હઝરત હફ્સા رضی اللہ عنہا અને હઝરત હિંદા رضی اللہ عنہاનું નામ લઈને મુનાફિક઼ા લખ્યું છે. (મઆઝલ્લાહ !) પરંતુ શીઆ અનુવાદક બશારત હુસૈને કેવળ હિંદા رضی اللہ عنہاનું નામ વર્ણવ્યું અને એક નામ ઉમ્મે હકીમ વર્ણવ્યું જે ફારસીમાં પણ મૌજૂદ છે. (હવે એ ઉમ્મે હકીમથી શીઆ રાફઝી શીઆઓની શું મુરાદ છે તે મને હજી સુધી સમજાયુ નથી. હા ! જ્યારે શીઆઓની કિતાબોમાં એની સ્પષ્ટતા મળશે તો ઈન્શા અલ્લાહ ! લખી દેવામાં આવશે.)

પ્યારા દીની ભાઈઓ ! તો આપે શીઆ અનુવાદકના તક઼િય્યાને પણ જોયા. હવે આવીએ છીએ અસલ પયગામ પર. ભાઈઓ ! જરા બતાવો ! જે રાફઝી શીઆ લઅ્નતી ફિર્ક઼ો હઝરત સિદ્દીક઼ે અકબર, હઝરત ઉમર ફારૂક઼, હઝરત ઉષ્માન ગની તથા હઝરત અમીર મુઆવિયહ (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ)ને બુત એટલે મૂર્તિ અને મુનાફિક઼ કહે, જે શીઆ રાફઝી ફિર્ક઼ો ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا, ઉમ્મુલ મો'મિનીન હઝરત હફ્સા رضی اللہ عنہا અને હઝરત હિંદા رضی اللہ عنہاને મુનાફિક઼ા કહે, શું આવા ગુસ્તાખ રાફઝી શીઆ લઅનત ફિર્ક઼ા સાથે આપણો અહલે સુન્નતનો ઈત્તેહાદ (એકતા) થઈ શકે છે ?! જે શીઆ રાફઝી લઅનતી ફિર્ક઼ો આપણને અહલે સુન્નત વ જમાઅતને કેવળ એ સબબે કે અમે દરેક સહાબીએ રસૂલ તથા દરેક સહાબિયાનો અદબ તથા એહતેરામ

www.barkatekhvaja.net

કરનારા છીએ તેમને મખ્લૂકમાં સૌથી બદતર કહે ! શું એવા લઅનતી શીઆ રાફઝી ફિર્કા સાથે આપણી સગાઈ સંબંધ થઈ શકે છે ? શું આ ફુરૂઈ (સામાન્ય) મતભેદ છે કે પાયાનો (ઉસૂલી) છે ? શું આવા લઅનતી ફિર્કાની મેહફિલમાં શિર્કત કરીને ''શીઆ સુન્ની ભાઈ ભાઈ''નો નારો લગાડવો આપણી ઈમાની ગૈરતનો તકાદો છે ?!

### ★ શીઆ અકીદો : હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ હદથી અધિક બિદઅતો કાઢનારા હતા ★

પ્રિય વાંચકો ! ઉપરોક્ત લખાણમાં આપે શીઆ ફિર્કાની કિતાબથી દલીલની સાથે એ પણ જાણી લીધુ કે શીઆ રાફઝીઓએ ત્રણેવ ખલીફા એટલે હઝરત અબૂ બકર સિદ્દીક, ઉમર ફારૂક, ઉષ્માન ગની (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)ને ખુલફાએ જોર (એટલે જાલિમ ખલીફા) કહ્યા. (મઆઝલ્લાહ !) સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને મુનાફિક કહ્યા. (મઆઝલ્લાહ !), સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને માલો ઝરના લાલચી કહ્યા. (મઆઝલ્લાહ !) કેવળ એટલુ જ નહીં બલ્કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને હદથી અધિક જુલ્મ કરનારા કહ્યા (મઆઝલ્લાહ !), હદથી વધુ બિદઅતો કાઢનારા કહ્યા (મઆઝલ્લાહ !) અને અન્ય સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને હઝરત ઉષ્માનગની رضی اللہ عنہના કાતિલ કહ્યા. (મઆઝલ્લાહ !)

*(જુઓ : હક્કુલ યકીન, પ્રકરણ–૫, ઈમામત, મકસદે ચહારૂમ, વજહ સોમ, પેજ–૮૫, સંપાદક : શીઆ અલ્લામા મુહમ્મદ બાકિર મજલિસી, પ્રકાશક : ઈન્તેશારાતે સુરૂર હિ.સ. ૧૯૯૩)*

જેમ કે હક્કુલ યકીનના મુતર્રિજમ (અનુવાદક) ''શીઆ'' સૈયદ બશારત હુસૈન તર્જુમામાં લખે છે : ''જ્યારે ઉષ્માનના જુલ્મો તથા બિદઅતો હદથી વધી પાર થઈ ગઈ તો સહાબાએ એકતા કરીને તેમને કત્લ કરી દીધા અને બરહક્ક ખલીફા અમીરુલ મો'મિનીનથી બયઅત કરી'' *(જુઓ : ઉર્દૂ તર્જુમો હક્કુલ યકીન, ભાગ–૧, પ્રકાશક–૫, ઈમામતનું બયાન, ચોથો મકસદ, પેજ–૫૯, અનુવાદક : શીઆ સૈયદ બશારત હુસૈન, પ્રકાશક : મજલિસે ઈલ્મી, પાકિસ્તાન)*

**પયગામ** : મારા ભાઈઓ ! જરા બતાવો ! જે શીઆ રાફઝી ફિર્કો સહાબીએ રસૂલ, દામાદે રસૂલ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને હદથી વધુ જુલ્મ કરનારા, હદથી વધુ બિદઅતો કાઢનારા કહ્યા. અને અન્ય સહાબાએ કિરામ પર ઉષ્માન ગની رضی اللہ عنہના કત્લનો આક્ષેપ લગાડયો અને ઉષ્માન ગની رضی اللہ عنہ પર સહાબાએ કિરામની રઝામંદી નહીં પણ એકતા બતાવી. (મઆઝલ્લાહ ! સદબાર મઆઝલ્લાહ !) શું આવા ગુસ્તાખો સાથે આપણે અહલે સુન્નતની એકતા થઈ શકે છે ?! શું આવો શીઆ રાફઝી આપણા સુન્નીઓનો ભાઈ થઈ શકે છે ? શું આ ફુરૂઈ (ઉપર ઉપરનો સામાન્ય) મતભેદ છે કે ઉસૂલી (પાયાનો) ? અને આ બધુ જાણવા છતાં જયારે કોઈ શીઆની મેહફિલમાં જઈને સુન્ની શીઆ ભાઈ ભાઈનો નારો લગાડે, શું એવો શખ્સ એહલે સુન્નતનો દાઈ તથા મુબલ્લિગ હોઈ શકે છે ?

એક અન્ય વાત રજૂ કરું કે શીઆ રાફઝીઓના કહ્યાનુસાર હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ હદથી અધિક જુલ્મ કર્યા, હદથી વધુ બિદઅતો કાઢી જેના કારણે અન્ય સર્વ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની એકમતીથી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને શહીદ કરી દેવામાં આવ્યા. તો લેખક પૂરી દુનિયાના શીઆ રાફઝીથી અને શીઆઈયત નવાઝોથી સવાલ કરે છે, બતાવો કે

www.barkatekhwaja.net

જ્યારે આપના કહ્યાનુસાર સહાબાએ કિરામ رضی اللہ عنہની એકમતીથી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને શહીદ કરી દેવામાં આવ્યા તો શું આ એકમતીમાં મૌલા અલી અને ઈમામ હસન હુસૈન (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) પણ સામેલ હતા કે નહીં ? શું ઉષ્માન ગની رضی اللہ عنہના કત્લથી મૌલા અલી તથા ઈમામ હસન હુસૈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ પણ રાજી હતા કે નહીં ? જો હા ! તો દલીલ પેશ કરો. અને જો રાજી ન હતા તો સહાબએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَની એકમતીનો દાવો બાતિલ તથા મરદૂદ છે.

બીજી વાત કે કોઈ એક સહાબીએ રસૂલનું નામ બતાવો જેમણે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને શહીદ કર્યા છે ? યાદ રાખશો કે મસ્અલો કોઈના પર આક્ષેપનો છે જેથી દલીલ બિલ્કુલ કતઈ સહીહ સનદની સાથે હોવી જોઈએ.

વાંચકો ! જરા વિચારો તો ખરા ! આ શીઆ રાફઝીઓની ગુસ્તાખીઓ પર, આ શીઆ રાફઝી તો મૌલા અલી અને ઈમામ હસન તથા હુસૈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَની શાનમાં એવી ગુસ્તાખી કરી રહ્યા છે જે ખારજીઓ નાસબીઓએ પણ કદાચ નહીં કરી હોય, કેમ કે શીઆ રાફઝીઓના કહ્યાનુસાર સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَની એકમતીએ ઉષ્માન ગની رضی اللہ عنہને શહીદ કરવામાં આવ્યા ! તો એનો સાફ મતલબ છે કે ઉષ્માન ગની رضی اللہ عنہના કત્લમાં હઝરત મૌલા અલી, ઈમામ હસન, ઈમામ હુસૈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ પણ સામેલ હતા. (મઆઝલ્લાહ !)

શું આવા ગુસ્તાખે અહલે બયત શીઆ રાફઝીઓની સાથે એકતાની વાત કરીને શીઆ સુન્ની ભાઈ ભાઈનો નારો મારનાર પોતે સુન્નીઓને ગુમરાહ કરનાર છે કે નહીં ?! (ક્રમશઃ)

પેજ નં. ૧૧ નું ચાલુ

**★ અબૂ સુફયાન رضی اللہ عنہની હિંદા رضی اللہ عنہا સાથે શાદી વિશે ★**

**પ્રકરણ–૯** : બાબુ ઝિક્રે તઝવીઝે અબી સુફયાન رضی اللہ عنہ હિંદિન્ ઉમ્મે મુઆવિયત رضی اللہ عنہ : એટલે કે **હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہની હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہનાં અમ્મી જાન હિંદાની સાથે શાદીનું વર્ણન.** આ પ્રકરણમાં પણા ઈમામ આઝુર્રીએ ઘણી જ વિગતવાર **એક એક પેજની બે હદીષો** વર્ણવી છે, હદીષ નં. ૧૯૬૪ અને ૧૯૬૫.

**★ હુઝૂર صلی اللہ علیہ وسلمએ હઝરત મુઆવિયહ رضی اللہ عنہને કરેલ વસિયત વિશે ★**

**પ્રકરણ–૧૦** : બાબો ઝિક્રે વસિયતિન્નબી صلی اللہ علیہ وسلم લિ મુઆવિયત رضی اللہ عنہ ઈન વુલ્લિત ફઅદિલ. એટલે **એના બારામાં પ્રકરણ કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہને વસિયત કરી હતી કે જો તમે અમીરુલ મો'મિનીન બની ગયા તો આપે અદ્લ કરવાનો છે.** અહીં હદીષ–૧૯૬૬, ૬૭, ૬૮ આ **ત્રણ હદીષો** આ પ્રકરણમાં ઈમામ આઝુર્રી رحمۃ اللہ علیہ એ વર્ણવી છે.

હવે જુઓ એક કિતાબ : "કિતાબુશ્શરીઅહ" જેની અંદરની હજી અમે હદીષો નથી પઢી, એક રૂપરેખા જ વર્ણવી છે. **પેલી બાજુ તાહિરુલ કાદરી છે જે કહે છે કે ઉમ્મતે કદી ફઝીલત વર્ણવી જ નથી અને આપણને ઈલ્ઝામ આપી રહેલ છે નાસબી (ખારજી) હોવાનો ! જ્યારે આ સર્વ ઈમામો જે છે તે અહલે સુન્નતના ઈમામો છે જેમણે ઉપરોક્ત વર્ણન મુજબ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના વિશે ફઝાઈલ તથા મનાકિબ (પ્રશંસા) દર્શાવતી હદીષો પોતાની કિતાબોમાં લખી છે.** હવે બતાવો **કોણ સાચું ?!** ઈન્સાફ કરો ! **આ ડંફાશ મારનાર ગુમરાહી ફેલાવનાર તાહિરુલ કાદરી કે ઉમ્મતના આ મહાન ઈમામો ?!** ઈન્સાફ કરો ! **શું આ સર્વ ઈમામો ખારજી થઈ ગયા કે જેમણે ફઝાઈલે મુઆવિયહ વર્ણવ્યા ?!**

www.barkatekhwaja.net

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તોઃ ૦૫

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## વાસણોનું બયાન

**મસ્અલા ૧** : સોના ચાંદીના વાસણોમાં ખાવું પીવું અને તેમની પ્યાલીઓથી તેલ લગાવવું અથવા અત્તરદાની (તે પેટી જેમાં અત્તરની શીશીઓ મૂકવામાં આવે)થી અત્તર લગાડવું અથવા લોબનદાનીથી ધૂપ કરવું મના છે. અને આનાથી મર્દ અને સ્ત્રી બંનેવને રોકવામાં આવેલ છે. સ્ત્રીઓને તેમના ઝેવરાત પહેરવાની ઈજાઝત છે. ઝવેરાત સિવાય બીજી વસ્તુમાં સોના ચાંદીનો વપરાશ પુરૂષ સ્ત્રી બંનેવ માટે નાજાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા ૨** : સોના ચાંદીની ચમચીથી ખાવું, તેમની સોય અથવા સુરમાદાનીથી સૂરમો લગાડવો, તેના આયનામાં મોઢું જોવું, તેમની કલમ ખડીયાથી લખવું અથવા ખુરશી પર બેસવું પુરૂષ સ્ત્રી બંનેવ માટે મના છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા ૩** : સોના ચાંદીની આરસી પહેરવી સ્ત્રી માટે જાઈઝ છે પરંતુ તે આરસીમાં મોઢું જોવું સ્ત્રી માટે નાજાઈઝ છે.

**મસ્અલા ૪** : સોના ચાંદીની વસ્તુની વપરાશની મનાઈ તે પરિસ્થિતિમાં છે કે તેનો ઉપયોગ કરવાનો જ હેતુ હોય અને એવો હેતુ ન હોય તો મનાઈ નથી. દા.ત. સોના ચાંદીની પ્લેટમાં અથવા કટોરામાં ખાવાનું મૂકવામાં આવેલ છે. જો ખાવાનું તેમાં જ મૂકી રાખવામાં આવે ઈઝાઅતે માલ (માલ વેડફવું) છે. તેને એમાંથી કાઢીને બીજા વાસણમાં અથવા તેમાંથી પાણીને ખોબામાં લઈને પીધુ અથવા પ્યાલીમાં તેલ હતું અને માથા પર પ્યાલીથી તેલ નથી નાખ્યું બલ્કે કોઈ વાસણમાં અથવા હાથ પર તેલ એ હેતુથી લીધું કે તેનો વપરાશ કરવો નાજાઈઝ છે માટે તેલને તેમાંથી લઈ લેવું જોઈએ અને હવે તેનો વપરાશ કરવો જાઈઝ છે. અને હાથમાં તેલ લેવું વાપરવાના હેતુથી હોય જે રીતે પ્યાલીથી તેલ લઈને માથા પર અથવા દાઢીએ લગાડીએ છીએ, તો આ રીતે કરવાથી નાજાઈઝ વપરાશથી બચવું નથી કે આ પણ વાપરવું છે.

*(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા ૫** : ચાના વાસણો, સોના ચાંદીનાં ઉપયોગ કરવાં નાજાઈઝ છે. એ જ રીતે સોના ચાંદીની ઘડિયાળ હાથમાં બાંધવી બલ્કે તેમાં સમયને જોવું પણ નાજાઈઝ છે. કેમ કે ઘડિયાળનો વપરાશ જ એ છે કે

ekhvaja.net

તેમાં સમય જોવામાં આવે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા ૬** : સોના ચાંદીની વસ્તુઓમાં કેવળ મકાનની સજાવટ અને શણગાર માટે હોય. દા.ત. અંદાજાથી કે આ વાસણ, કલમ અને ખડીયો બનાવી દીધા કે મકાન સજી જાય તો એમાં વાંધો નથી. એ જ રીતે સોના ચાંદીની ખુરશીઓ અથવા ટેબલ અથવા પલંગ વગેરાથી મકાનને સજાવી રાખે છે તેના પર બેસતો નથી, તો વાંધો નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા ૭** : બાળકોને બિસ્મિલ્લાહ પઢાવવાના પ્રસંગે ચાંદીનો ખડીયો, કલમ, તખ્તી લાવીને મૂકે છે. આ વસ્તુ વપરાશમાં નથી આવતી બલ્કે પઢાવવાળાને આપી દેવામાં આવે છે તેમાં વાંધો નથી.

**મસ્અલા ૮** : સોના ચાંદી સિવાય દરેક જાતના વાસણોનો વપરાશ જાઈઝ છે. દા.ત. તાંબુ, પિત્તળ, બિલ્લોર વગેરે પરંતુ માટીનાં વાસણોનો વપરાશ સૌથી સારો છે. હદીષમાં છે, **જેણે પોતાના ઘરના વાસણોને માટીના બનાવ્યાં ફરિશ્તાઓ તેની મુલાકાત માટે આવે છે.** તાંબા અને પિત્તળના વાસણો પર કલાઈ હોવી જોઈએ, વગર કલાઈએ તે વાસણોનો ઉપયોગ કરવો મકરૂહ છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા ૯** : જે વાસણમાં સોના ચાંદીનું કામ કરેલ હોય તેનો વપરાશ જાઈઝ છે. જ્યારે કે વપરાશની જગા સોના ચાંદીની ન હોય. દા.ત. વાડકામાં અથવા ગ્લાસમાં ચાંદીનું કામ થયેલ હોય તો પાણી પીવામાં તે જગાએ મોઢું ન લગાડે જ્યાં સોના અથવા ચાંદી હોય અને અમુક લોકો કહે છે કે તે જગાએ હાથ પણ ન લગાડે અને પહેલાવાળાઓનું કહેવું વધારે સહીહ છે. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા ૧૦** : લાકડીનો દસ્તો (હોય) સોના ચાંદીનો હોય તો તેનો ઉપયોગ નાજાઈઝ છે. કારણ કે તેના ઉપયોગનો તરીકો એ છે કે દસ્તા પર હાથ મૂકવામાં આવે છે, માટે ઉપયોગની જગાએ સોના ચાંદી થઈ અને તેની ટોચો સોના ચાંદીની હોય, દસ્તો સોના ચાંદીનો ન હોય તો ઉપયોગમાં વાંધો નથી. કારણ કે હાથ રાખવાની જગા સોના ચાંદીની નથી. એ જ રીતે પેનનું પાનુ જો સોના ચાંદીનું હોય તેનાથી લખવું નાજાઈઝ છે કે તે જ વપરાશની જગા છે. અને કલમના ઉપરના ભાગમાં હોય તો નાજાઈઝ નથી.

**મસ્અલા ૧૧** : સોના ચાંદીની ખુરશી અથવા તખ્તમાં કામ કરેલ હોય અથવા ઝીનમાં કામ કરેલ હોય તો તેના પર બેસવું જાઈઝ છે. જ્યારે કે સોના ચાંદીની જગાએથી બચીને બેસે. સારાંશ એ છે કે જે વસ્તુ તદ્દન સોના ચાંદીની છે તેનો ઉપયોગ તદ્દન નાજાઈઝ છે. અને તેમાં જગા જગા સોના ચાંદી છે, તો જો વપરાશની જગાએ છે તો નાજાઈઝ, નહીંતર જાઈઝ. દા.ત. ચાંદીની લોબાન દાનીથી લોબાન કરવું બિલકુલ નાજાઈઝ છે, ભલે ધૂણી લેવાના સમયે તેને હાથ પણ ન લગાડે. એ જ રીતે હુક્કાનુ તળીયુ (નીચેનો ભાગ) ચાંદીનુ છે તો તેનાથી હુક્કો પીવો નાજાઈઝ છે. ભલે એ શખ્સ નીચલા ભાગે હાથ ન લગાડે. આ જ રીતે હુક્કાની ધાતુની નળી સોના ચાંદીની હોય તો તેનાથી હુક્કો પીવો જાઈઝ નથી. અને હુક્કાની નાળ પર જગા જગાએ ચાંદી સોનાનાં તાર હોય તો તેનાથી હુક્કો પી શકે છે, જ્યારે કે વપરાશની જગાએ તાર ન હોય. ખુરશીમાં ઉપયોગની જગા બેસવાની જગા છે અને તેનો તકીયો (ટેક) છે જેનાથી પીઠ લગાડે છે અને તેના હાથા છે જેના પર હાથ રાખે છે. તખ્ત પર વપરાશની જગા બેસવાની જગા છે. આ જ રીતે ઝીનમાં પેગડું પણ સોના ચાંદીનું નાજાઈઝ છે અને તેમાં કામ કરેલ હોય તો વપરાશની જગાએ ન હોય.

www.barkatekhwaja.net

આ જ હુકમ લગામ અને ચાબુકનો છે.

*(હિદાયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા ૧૨** : વાસણ પર સોના ચાંદીનો ગિલેટ કરાવેલ હોય તો તેના વપરાશમાં વાંધો નથી. *(હિદાયા)*

**મસ્અલા ૧૩** : અરીસાનો ઘેરાવ જે ઉપયોગના સમયે પકડવામાં ન આવતો હોય અને તેમાં સોના ચાંદીનું કામ કરાવેલ હોય તો એ જ હુકમ છે.

*(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા ૧૪** : તલ્વારના હાથામાં અને છરી અથવા ખંજરના હાથામાં સોના ચાંદીનું કામ થયેલ હોય તો પણ એ જ હુકમ છે. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા ૧૫** : કપડામાં સોના ચાંદીના શબ્દો બનાવેલા હોય તો તેના વપરાશનો પણ એ જ હુકમ છે. (દુર્રે મુખ્તાર) આમાં વિગતવાર વર્ણન છે જે પહેરવેશના બયાનમાં આવશે.

**મસ્અલા ૧૬** : તૂટેલા વાસણને સોના ચાંદીના તારથી જોડવું જાઈઝ છે. અને તેનો ઉપયોગ પણ જાઈઝ છે, જ્યારે કે તે જગાએથી વાપરવામાં ન આવે. જેમ કે હદીષમાં છે કે હુઝૂરે અક્દસ ﷺનો લાકડીનો પ્યાલો હતો તે તૂટી ગયો તો ચાંદીના તારથી જોડવામાં આવ્યો અને આ પ્યાલો હઝરત અનસ رضی اللہ عنہની પાસે હતો.

## ખબર ક્યાં ભરોસાપાત્ર છે ?

અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنْ جَآءَكُمْ فَاسِقٌۢ بِنَبَاٍ فَتَبَيَّنُوْۤا اَنْ تُصِيْبُوْا قَوْمًۢا بِجَهَالَةٍ فَتُصْبِحُوْا عَلٰى مَا فَعَلْتُمْ نٰدِمِيْنَ۝

"હે ઈમાનવાળાઓ ! ફાસિક઼ તમારી પાસે કોઈ ખબર લઈને આવે તો તેની ખૂબ જાંચ કરી લો પછી એવું ન થાય કે અજાણ્યે કોઈ ક઼ૌમને તકલીફ પહોંચે પછી પોતાના કરેલા પર પસ્તાવો કરવો પડે."

*(સૂ. હુજુરાત, આ.૬)*

**મસ્અલા ૧** : પોતાના નોકર અથવા ગુલામને ગોશ્ત લાવવા માટે મોકલ્યો, જો તે મજૂસી અથવા હિંદુ હોય તો ગોશ્ત લાવ્યો અને કહે છે કે મુસલમાન અથવા કિતાબીથી ખરીદીને લાવ્યો છું તો તે ગોશ્ત ખાય શકીએ છીએ. અને તેણે આવીને એવું કહ્યું કે મુશ્રિક દા.ત. મજૂસી અથવા હિંદુને ત્યાંથી ખરીદીને લાવ્યો છું તો તે ગોશ્ત ખાવું હરામ છે. ખરીદ વેચાણ વ્યવહારિક છે અને વ્યવહારિકમાં કાફિરની ખબર ભરોસાપાત્ર છે. ભલે હરામ હલાલ હોવું દિયાનત (પ્રમાણિકતા)માંથી છે અને દિયાનતમાં કાફિરની ખબર સ્વીકાર્ય નથી. પરંતુ અસલમાં ખબર ખરીદવાની છે અને હિલ્લતો હુર્મત (હરામ હલાલ હોય) આ જગાએ એના હેઠળની વસ્તુ છે, માટે જ્યારે તે ખબર ભરોસાપાત્ર થઈ તો એના હેઠળની આ પણ સાબિત થઈ જશે, અને અસલ ખબર હિલ્લતો હુર્મતની હોત તો મોઅતબર ન થાત. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા ૨** : વહેવારમાં કાફિરની ખબર ભરોસાપાત્ર થવી તે સમયે છે જ્યારે અધિકતર ગુમાન એ હોય કે સાચુ કહે છે, અને જો અધિકતર ગુમાન તેના જૂઠા હોવાનું હોય તો તેના પર અમલ ન કરે.

**મસ્અલા ૩** : ગોશ્ત ખરીદયા પછી ખબર થઈ કે જેનાથી ખરીદયો હતો તે મુશ્રિક છે. પરત કરવા લઈ ગયો તો તેણે કહ્યું કે આ જાનવરને મુસ્લિમે ઝબહ કર્યું છે, હજુ પણ આ ગોશ્તને ખાવું મના છે.

*(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા ૪** : લોંડી ગુલામ અને બાળકના હદિયાના સંબંધે ખબર ભરોસાપાત્ર છે. દા.ત. બાળકે કોઈની પાસેથી વસ્તુ લાવીને કહ્યું કે મારા વાલિદે તમારી પાસે આ તોહફો મોકલેલ છે તો એ શખ્સ તે

www.barkatekhwaja.net

વસ્તુને લઈ શકે છે અને તેમાંથી ખર્ચો પણ કરી શકે છે, ખાવાની વસ્તુ હોય તો ખાય શકે છે. તે જ રીતે લોંડી ગુલામે કોઈ વસ્તુ આપી અને કહ્યું કે મારા માલિકે આ વસ્તુને તોહફામાં મોકલેલ છે બલ્કે આ બંનેવ ખુદ પોતાના સંબંધે કોઈ ખબર આપે કે અમારા માલિકે જાતે અમને તોહફો આપેલ છે, આ ખબર કૃબૂલ છે. ધારો કે લોંડીએ ખબર આપી તો એનાથી આ શખ્સ વતી (સંભોગ) કરી શકે છે. *(ઝયલઈ)*

**મસ્અલા ૫** : તે લોકોએ એવી ખબર આપી કે અમારા વાલી અથવા માલિકે અમને ખરીદવાની ઈજાઝત આપી છે અને આ ખબર પણ ભરોસાપાત્ર છે, જ્યારે કે અધિક્તર ગુમાન તેમની સચ્ચાઈનું છે. માટે બાળકે કોઈ વસ્તુને ખરીદી, દા.ત. મીઠુ, મરચું, હળદર, ધાણાં અને કહે છે કે અમને આ વસ્તુની ઈજાઝત છે તો એના હાથથી તે વસ્તુને વેચી શકીએ છીએ. અને અધિક્તર ગુમાન છે કે જૂઠુ બોલે છે તો તે વાતનો ભરોસો ન કરવામાં આવે. દા.ત. અમુક પૈસાની મીઠાઈ અથવા ફળ વગેરે ખરીદવું છે અને કહે છે કે મને ઈજાઝત છે તો તેનો ભરોસો ન કરવામાં આવે જ્યારે કે આ પરિસ્થિતિમાં ખુલ્લી રીતે ખબર પડે છે કે તેને પૈસા એટલા માટે નથી મળ્યા કે મીઠાઈ વગેરે ખરીદીને ખાઈ લે. (દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર) એટલે કે જ્યારે વધારે પડતું ગુમાન એ છે કે તેમને ખરીદવાની ઈજાઝત નથી. દા.ત. અનુમાન છે કે છુપાવીને લાવ્યો છે અને મીઠાઈ ખરીદી રહ્યો છે, તેનાં ઘરવાળાઓ એવાં ક્યાં છે કે મીઠાઈ ખાવા માટે પૈસા આપી દે, આ પરિસ્થિતિમાં તેના હાથે મીઠાઈ વેચવી પણ નાજાઈઝ છે.

**મસ્અલા ૬** : કાફિર અથવા ફાસિકે એ ખબર આપી કે ફલાણા શખ્સની એ વસ્તુ વેચવામાં વકીલ છું, તેની આ ખબર પર ભરોસો કરી શકાય છે, અને તે વસ્તુને ખરીદી શકીએ છીએ. એ જ રીતે બીજા મામલમાં પણ તેની ખબર મક્બૂલ છે અને જ્યારે કે અધિકતર ગુમાન હોય કે તે સાચુ કહે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા ૭** : દિયાનત (સત્યનિષ્ઠા)માં ખબર આપનારનો સંબંધ બંદા અને રબના દરમ્યાન છે. દા.ત. હલાલ હરામ, પાક નાપાક અને દિયાનત (સત્યનિષ્ઠા)ના સાથે ઝવાલે મિલ્ક (માલિકપણુ નષ્ટ થવું) પણ હોય. દા.ત. પતિ પત્નીના સંબંધથી કોઈએ ખબર આપી કે આ બંનેવ રઝાઈ (દૂધ) ભાઈ બહેન છે તો તેના સબૂત માટે કેવળ અદાલત કાફી નથી, બલ્કે અદદ (સંખ્યા) અને અદાલત બંનેવ વસ્તુઓ દરકાર છે. એટલે કે ખબર આપનાર બે પુરૂષ અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓ હોય અને તે સૌ આ઼દિલ હોય. *(દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર)*

**મસ્અલા ૮** : પાણી બાબતે કોઈ આ઼દિલ મુસ્લિમે ખબર આપી કે આ નાપાક છે તો તેનાથી વુઝૂ ન કરે બલ્કે બીજુ પાણી ન હોય તો તયમ્મુમ કરે. અને ફાસિક અથવા મસ્તૂરે ખબર આપી કે પાણી નાપાક છે તો તહર્રી (વિચાર કરે) જો દિલ પર એ વાત બેસી જાય કે સાચુ કહે છે તો પાણી ફેંકી દે અને તયમ્મુમ કરે અને વુઝૂ ન કરે, અને જો અધિક્તર ગુમાન છે કે જૂઠુ કહે છે તો વુઝૂ કરે, અને સાવચેતી એ છે કે વુઝૂ પછી તયમ્મુમ પણ કરે. અને કાફિરે પાણી નાપાક હોવાની ખબર આપી અને અધિક્તર ગુમાન છે કે સાચુ કહે છે તો પણ વધારે સારું એ છે કે તેને ફેંકી દે પછી તયમ્મુમ કરે.

**મસ્અલા ૯** : એક આદિલે ખબર આપી કે પાક છે અને બીજા આદિલે ખબર આપી કે નાપાક છે. અથવા એકે ખબર આપી કે આ મુસ્લિમનું ઝબીહા છે અને બીજાએ કહ્યું કે મુશ્રિકનું ઝબીહા છે, તો આમાં પણ ખૂબ વિચાર કરે અને જે બાજુ વધારુ પડતુ ગુમાન જાય તેના પર અમલ કરે. *(રદુલ મુહ્તાર)* *(ક્રમશઃ)*



www.barkatekhwaja.net

# ❀ ઈમાનવાળા છો તો ❀

## દુનિયાને આખેરત કરતાં અગ્રતા ન આપો

**રજૂ : મૌલાના ઝહીર મિસ્બાહી**

*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી-જંબુસર)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આજે દુનિયાના લોકોનું નિરીક્ષણ કરો તો જોવા મળશે કે મોટાભાગે આખી દુનિયાના લોકો કેવળ અને કેવળ દુનિયાની જ ફિકર ચિંતામાં, દુનિયામાં જ વિવિધ ક્ષેત્રે પ્રગતિ માટે, માલદારી માટે, દુનિયાની પ્રિય ચીજો પામવાની લાલસામાં તેને પામવા પાછળ રાતદિન કોશિશમાં લાગેલા છે, કોઈ લેન્ડ લોર્ડ બનવા મથી રહેલો છે તો કાંઈ એજ્યુકેશનમાં ડિગ્રીઓ પામવામાં ખોવાયેલ છે તો કોઈ વેપારમાં તરક્કી માટે તનતોડ મહેનતમાં છે તો કાંઈ રાજ સત્તા માટે સતત ફાંફાં મારી રહેલ છે. સારાંશ કે દુનિયાના માનવો પોત પોતાની મનેચ્છાઓ તથા મહત્વકાંક્ષાઓની પાછળ એવા દોડી રહ્યા છે કે જાણે આ દુનિયામાં હમેશાં રહેવાનું છે અને મૌત જાણે આવવાની જ નથી. ગૈર તો ગૈર છે તમો મુસલમાનોના ઘરો, સમાજની, ગતિવિધિઓને જુઓ તો એવું ભાગ્યે જ લાગશે કે આ તે કૌમ છે જેનું ઈમાન અલ્લાહ વ રસૂલ પર, મૌત પછી કબ્રમાં સવાલો જવાબ તથા કયામતમાં કબ્રેથી ઉઠીને હિસાબ કિતાબ રબ સમક્ષ આપવાનો છે તેના પર છે. (ઈલ્લા માશા અલ્લાહ !) તદન બેફિકર થઈને મુસલમાન પુરૂષો, સ્ત્રીઓ, યુવક યુવતીઓ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ નાં ફર્માનોની વિરૂધ્ધ વર્તી રહેલાં છે.

### ★ મુસ્લિમ સમાજ સામૂહિક રીતે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ના ફર્માનોનો ભંગ કરી રહેલ છે ! ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! તમને અફસોસ સાથે આશ્ચર્ય થશે કે સામૂહિક રીતે મુસ્લિમ કૌમ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ વિરૂધ્ધ વર્તી રહી છે એ કેવી રીતે ?! તો સાંભળો ! **જેવી રીતે જુમ્આની નમાઝમાં મસ્જિદો ખીચોખીચ ભરાય જાય છે એવું બીજી નમાઝોમાં થાય છે ?! નહીં ! તો ક્યાં ગયા મુસલમાનો !** કે જુમ્આ સિવાય નમાઝોમાં એક બે સફમાં સમેટાય ગયા ! અને **ફજરમાં તો એનાથીય અફસોસનાક સ્થિતિ મસ્જિદમાં નમાઝીઓની હોય છે !** શું આ સામૂહિક ગુનામાં મુસ્લિમ સમાજનું પડવું ન થયું ? ગૈર મહરમ સ્ત્રીએ બહાર નીકળે તો **ગૈરોથી પર્દો કરવો ફર્ઝ છે.** આપણા સમાજનું નિરીક્ષણ કરો ! **ભાગ્યે જ કોઈ પર્દાવાળી સ્ત્રી મળશે, બલ્કે બેહયાઈ તથા બેશરમીથી અંગ પ્રદર્શન થાય તેવા ડ્રેસો પહેરી સ્ત્રીઓ ખુશ ખુશ ફરી રહી છે !** તેમને ફિકર જ નથી કે અલ્લાહને આ નાફર્માનીઓનો જવાબ આપવાનો છે. શું આ ખુદા રસૂલની સામૂહિક અલલ એલાન નાફર્માની નથી ?! આ સિવાય અનેક એવા ખુદા વ રસૂલના આદેશો છે જેની વિરૂધ્ધ ખુલ્લમ ખુલ્લા મુસ્લિમ સમાજ વર્તી રહ્યો છે. તમારી જાતે જ ઠંડા કલેજે એક એક કામ મુસલમાનોનું લો અને વિચારો તો તમને થશે કે આખરે મુસલમાન મોઢેથી કલમો પઢવા સિવાય કેટલાં કામો ખુદા વ રસૂલના આદેશ મુજબ કરે છે અને કેટલાં ખુદા વ રસૂલની વિરૂધ્ધ કરે છે. જાણે મુસલમાન આખેરતને ભૂલીને દુનિયામાં ગુમ થઈ ગયો છે, જેથી આજે દુનિયામાં કોડીની તેની કિંમત નથી રહી.

### ★ આખેરતને ભૂલી જનાર સંબંધે રબનો સાફ આદેશ ★

રબ તબારક વ તઆલા દુનિયામાં ગુમ થયેલ મુસલમાનોને સાવચેત કરતાં ફર્માવે છે :

مَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الْاٰخِرَةِ نَزِدْ لَهٗ فِيْ حَرْثِهٖ ۚ وَمَنْ كَانَ يُرِيْدُ حَرْثَ الدُّنْيَا

''જે આખેરતની ખેતી ચાહે અમે તેના માટે તેની

www.barkatekhwaja.net

ખેતી વધારીશું અને જે દુનિયાની ખેતી ચાહે અમે તેને તેમાંથી કાંઈક (થોડુક) આપીશું અને આખેરતમાં તેનો કોઈ હિસ્સો નથી. *(સૂ. શૂરા, આ. ૨૦)*

સહાબીયે રસૂલ સુલ્તાનુલ મુફસ્સિરીન હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما આ આયતની તફસીરમાં ફર્માવે છે : "જે બંદો દુનિયાને આખેરત પર અગ્રતા આપે (દા.ત. દુનિયવી ભવિષ્યની ફિકર તો કરે પણ આખેરતમાં કામયાબીની ફિકર ન કરે અને બેપરવાહીમાં જીવન જીવે) તેના માટે આખેરતમાં કોઈ હિસ્સો નથી. હા ! એના માટે જહન્નમ છે ! સાથોસાથ એ મુસીબત પણ છે કે (દુનિયવી ભવિષ્ય માટે) તેની ફિકરોનું કાંઈ પરિણામ નીકળશે નહીં, તેને દુનિયામાં તે જ કાંઈ આપવામાં આવશે જે પહેલેથી લખવામાં આવી ચૂક્યું છે."

એક કુર્આન પર ઈમાનવાળા મુસલમાને સંભલી જવા માટે રબ તઆલાની આ ઉઘાડી એક જ વોર્નિંગ પૂરતી છે, તેમ છતાં મુસલમાનને ઝંઝોળવા માટે કુર્આને પાકમાં આ પ્રકારની અનેક આયતો આવેલી છે, જેનો અભ્યાસ કરી ઈસ્લામ વિમુખ જિંદગીથી નાફર્માનીઓથી મુસલમાનોએ તૌબા કરીને આખેરતની ફિકર કરી તેને સંવારવામાં લાગી જવું જોઈએ.

### ★ સારો કોણ અને બુરો કોણ ? રસૂલુલ્લાહ ﷺની દષ્ટિએ ★

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! રસૂલુલ્લાહ ﷺની નજરમાં તમે સારા છો કે બુરા છો તે નક્કી કરવા માટે ગયબદાં નબી ﷺનું આ ફર્માન સાંભળો : રસૂલુલ્લાહ ﷺએ કેટલાક લોકો સમક્ષ ઉભા રહીને ફર્માવ્યું કે, શું હું તમને સારા તથા બુરાઓની ખબર ન આપુ ? રાવી ફર્માવે છે કે હાજરજનો ખામોશ રહ્યા. ત્રણવાર આપે ફર્માવ્યું, તો એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમને અમારામાંથી બુરા ભલાની ખબર આપો. તો ફર્માવ્યું કે તમારામાં ભલો તે છે જેનાથી ભલાઈની ઉમ્મીદ રાખવામાં અને તેની બુરાઈથી ઈત્મિનાન રાખવામાં (નંચિત રહેવામાં) આવે. અને તમારામાંથી બુરા તે શખ્સ છે જેનાથી ખૈરની (ભલાઈની) ઉમ્મીદ ન કરવામાં આવે અને તેની બુરાઈથી ઈત્મિનાન ન હોય. (તિર્મિઝી, બયહકી, શોઅબુલ ઈમાન, અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ છે. –મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબિહ, ૬/૪૯૯૩)

હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ આ હદીષની શરહમાં ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺ સહાબાની એક મજલિસમાં પહોંચ્યા તો ત્યાં ઉભા રહ્યા અને થોભીને પ્રથમ લોકોને સવાલ કર્યો કે તમારામાં સારા બુરા વિશે જાણવા માગો છો ? જેથી આકર્ષણ તથા એટેન્શન સાથે તાલીમ આપવામાં આવે કે જેથી દિલોમાં જામી જાય. **હવે આપણે ખુદ પોતાના વિશે વિચારી લઈએ કે આપણી ગણના શામાં થાય ? ભલા માણસમાં કે બુરામાં ? આપણે લોકોનુ ભલુ ઈચ્છીએ, ભલુ કરીએ છીએ કે આપણાથી લોકો પરેશાન થઈ રહ્યા છે ?!** જેના દિલમાં આખેરતની ફિકર હોય તેણે ભલો માણસ બનવા પ્રયત્નો કરવા જોઈએ. લોકોને ભલાઈ પહોંચાડનારને રસૂલુલ્લાહ ﷺએ ભલો માણસ કહેલ છે. તો રસૂલુલ્લાહ ﷺની નજરમાં ભલા સાબિત થયા તો આપણી બંનેવ દુનિયા આબાદ છે !

### ★ અલ્લાહ દુનિયવી ફિક્રોથી બેનિયાઝ (બેપરવા) કરી દે છે ! ★

આજે લોકો દુનિયાની ફિકરોમાં એવા અને એટલા અટવાય જાય છે કે તેમને નમાઝની કે દીની મેહફિલોની દાવત આપીએ તો કહે છે કે, "યાર ! ખૂબ જ ટેન્શન ચાલે છે યાર ! કાંઈ ટેન્શનો દૂર થાય તો જોઈશું !" તેવા ખયાલોના લોકોએ દુનિયાની સર્વ વ્યક્તિઓ કરતાં આપણુ અધિક ભલુ ચાહનાર અલ્લાહના પ્યારા ! હબીબ ﷺના આ ફર્માનને દિલો દિમાગમાં બેસાડી લેવું જોઈએ કે :–

www.barkatekhwaja.net

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. તેમણે ફર્માવ્યું, "મેં તમારા નબી ﷺથી સાંભળ્યું. આપ ફર્માવી રહ્યા હતા, "જે શખ્સ સર્વ ફિકરોને (ચિંતાઓને) ભેગી કરીને એક જ ફિકર એટલે આખેરતની ફિકરમાં ઢાળી લે તો અલ્લાહ તેને દુનિયવી ફિકરોથી બેનિયાઝ કરી દે છે. અને જેને દુનિયવી મામલાઓની ફિકરો વિવિધ ઘાટીઓમાં લઈને ફરે તો અલ્લાહને એની પરવા નથી કે તે (એ ચિંતાઓની) કઈ ઘાટીમાં હલાક થાય છે." *(ઈબ્ને માજહ, પેજ-૬૬૮, હદીષ : ૪૧૦૬)*

**હે આશિક઼ાને રસૂલ** ! વિચારવાની વાત છે કે આપણે ખાવાનું ક્યાંથી છે ? પહેરવું ક્યાંથી છે ? સવારનું તો ખાય લીધુ પણ સાંજનું ક્યાંથી આવશે ? ભવિષ્ય કેવું હશે ? ઘડપણ કેવી રીતે પસાર થશે ? બાળકોનું ભાવિ કેવું હશે ? એક કારોબાર તો ચાલી પડયો છે પણ બીજો કેવી રીતે ચાલશે ? એક જગાએથી સારી આવક થઈ રહી છે તો હવે બીજા ઝરીયા કેવી રીતે ખોલવામાં આવે ? કાર, કોઠી, બંગલા કેવી રીતે મળશે ? કાશ ! હું રાતોરાત અમીર થઈ જઉં ! વગેરે વગેરે હજાર પ્રકારની ફિક઼રો આપણે દિલમાં પાલવી રાખીએ છીએ. એ જ ફિક઼રોમાં સવાર થાય છે, એ જ ફિક઼રોમાં રાત પડે છે અને જિંદગી આમ જ ખતમ થઈ જાય છે.

આપણા આક઼ા ﷺ ફર્માવી રહ્યા છે, જે બંદો એવી ફિક઼રો છોડી દે અને કેવળ એક જ ફિકર તે ફિક્રે આખેરત અપનાવી લે કે મારે કબરમાં જવાનું છે, ક઼યામતમાં જવાનુ છે, પુલસિરાત પરથી પસાર થવાનું છે, જન્નતમાં જવાનુ છે, અલ્લાહ પાકને રાજી કરવાનો છે તો કેવી રીતે કરીશ ?! આ એક ફિક઼ર અપનાવી લે તો અલ્લાહ તેની સર્વ ફિક઼રો માટે પૂરતો થઈ જશે. અને જે બંદો આ એક ફિક઼ર ન અપનાવે બલ્કે કેવળ દુનિયવી ફિકરોમાં જ પડયો રહે તો અલ્લાહ પાકને કોઈ પરવા નથી કે તે કઈ ઘાટીમાં હલાક થાય છે !

## ★ હું તારો સીનો બેપરવાહીથી ભરી દઈશ ! રબનો વાયદો ક્યારે ?! ★

આજે દરેક માણસ કોઈ ન કોઈ ફિકર, ચિંતા, ટેન્શનમાં દિવસો કાઢી રહેલ છે. કોઈને કાંઈ ચિંતા તો કોઈને કાંઈ, અને એને દૂર કરવાનો ઈલાજ પોતાની અપૂર્ણ બુધ્ધિ વડે શોધતો ફરે છે, પણ કાશ ! આપણે રબ તઆલા તરફ પલટીએ તો યકીનન ! આપણને ઈત્મિનાનની દૌલત નસીબ થઈ જશે. સાંભળો ! :–

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરફૂઅન રિવાયત થયેલ છે કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા ફર્માવે છે : "આદમના પુત્ર ! મારી ઈબાદતના માટે ફારિગ (ફ્રી) થઈ જા તો હું તારો સીનો બેપરવાહી (નચિંતતા)થી ભરી દઈશ, અને તારી ગરીબી દૂર કરી દઈશ. અને જો તેં એવું ન કર્યું તો હું તારા સીનાને વ્યસ્તતા (મશગૂલિયત)થી ભરી દઈશ અને તારી તંગદસ્તી દૂર કરીશ નહીં. *(ઈબ્ને માજહ હ: ૪૧૦૭, પેજ-૬૬૮)*

## ★ આખેરતના ચાહનારા બનો ! : ફર્માને હઝરત અલી رضی اللہ عنہ ★

મુસલમાનોના ચોથા ખલીફા હઝરત અલીયે મુર્તઝા શેરે ખુદા رضی اللہ عنہએ ફર્માવ્યું, "આખેરત આવી રહી છે, દુનિયા જઈ રહી છે. એમનામાંથી દરેકના ચાહવાવાળાઓ છે. તમે આખેરતના ચાહવાવાળા બનો ! દુનિયાના ચાહવાવાળા ન બનતા ! બેશક ! આજે અમલનો દિવસ છે, આજે હિસાબ નથી, પણ કાલે હિસાબનો દિવસ હશે અને ત્યાં અમલ નથી." પોતાની ભલાઈને પારખનારા ઈન્સાન માટે આટલા શબ્દો જ બસ છે.

સહાબીએ રસૂલ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે : એક દિવસ અલ્લાહ પાકના આખરી નબી, રસૂલે હાશમી ﷺએ ચોરસ ડબ્બો (બોક્સ) બનાવ્યો. તેની અંદર એક રેખા તાણી. પછી એ રેખા (લીટી)ની બંનેવ

www.barkatekhwaja.net

બાજુ નાની નાની લીટીઓ લગાડી. પછી એ ડબ્બાથી (બોક્સ)થી બહાર એક લીટી તાણી. પછી ફર્માવ્યું, આ (ડબ્બાની અંદરની એક લીટી) માણસ છે અને આ (એટલે તેની આસપાસ ચોરસ ડબ્બો) એ મૌત છે જેણે માણસને ઘેરેલો છે. આ નાની નાની લીટીઓ વિવિધ આફતો છે જે માણસને ચીપકેલ છે. માણસ એકથી બચી જાય છે તો બીજી આફત તેને ડસી લે છે અને તે (ડબ્બાથી બહારવાળી લીટી) માણસની ઉમ્મીદ છે.

પ્યારા દીની ભાઈઓ ! વિચાર કરો ! આ ઈબ્રતનાક હદીષે પાકે આપણી હાલતની સંપૂર્ણ રીતે છબી રજૂ કરી આપી છે. ખરેખર મૌતે આપણને ચારેવ તરફથી ઘેરી લીધેલ છે. આપણે આપણી બાજુ મૌતના સબબો પર વિચારણા કરીએ, જેમ કે : ★ વીજળી મૌતનો ઝરીયો ★ આપણી ગાડી મૌતનો ઝરીયો ★ બીમારી મૌતનો ઝરીયો ★ આપણુ ખાવા આપણામાં ઉતરી ઝહેર પણ બની શકે છે, જેથી એ પણ મૌતનો ઝરીયો છે. આ જ પ્રમાણે વિચારતા ચાલો કે મૌતે આપણને ચારેવ બાજુથી ઘેરી રાખેલા છે અને આપણે વિવિધ પ્રકારની સમસ્યાઓ (ઝંઝટો)માં ફસાયેલા છીએ. ★ ક્યારેક બીમારી આવે છે. ★ ક્યારેક તંગદસ્તી આવે છે ★ ક્યારેક બાળકોની ફિકર ★ ક્યારેક પોતાની ફિકર ★ ક્યારેક ખાવાની ફિકર ..... ★ આપણે હજારો જાતની ફિકરો તથા સમસ્યાઓ અને આફતોમાં ઘેરાયેલા છીએ. જ્યારે કે આપણી ઉમ્મીદો વરસો વરસની (લાંબી લાંબી) છે. આપણને એ નથી ખબર કે કાલનો સૂરજ પણ જોવાનો છે કે નહીં ?! છતાં પ્લાનિંગ આપણી પાસે ૧૦૦ વરસની છે. આપણે લાંબા લાંબા ખ્વાબો જોઈ રાખેલા છે. આહ ! ન જાણે એ ખ્વાબ પૂરા પણ થશે કે નહીં ? વળી જો પૂરા થઈ પણ ગયા છતાં પણ મૌત તો ગમે તેમ પણ આવવાનુ જ છે, કબરમાં તો ઉતરવાનું છે અને છે જ ! ક્યામતના દિવસે બારગાહે ઈલાહીમાં રજૂ તો થવાનું છે ! પણ અફસોસ ! કે ક઼બરની ક઼યામતની આપણી પાસે કોઈ પ્લાનિંગ નથી.

### ★ માણસનું દિલ તેના માલની સાથે રહે છે ★

એકવાર એક શખ્સ બારગાહે રિસાલતમાં હાજર થયા. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને શું થઈ ગયું કે હું મૌતને પસંદ નથી કરતો (એટલે કે મારું દિલ દુનિયાની તરફ ખેંચાયેલું છે. હું મારા દિલમાં આખેરત પ્રતિ આકર્ષણ ઓછુ જોઉં છું અને મૌત જે જન્નત સુધી પહોંચાડવાનો રસ્તો છે, પણ મને એ મૌત પસંદ નથી. સરકારે આ઼લી વક઼ાર ﷺએ ફર્માવ્યું, શું તમારી પાસે માલ છે ? અર્ઝ કરી, જી હા ! ફર્માવ્યું, તમારો માલ (આખેરતના માટે સદક઼ો ખૈરાત કરીને) આગળ મોકલી દો ! કેમ કે માણસનું દિલ પોતાના માલની સાથે હોય છે. જો એ પોતાના માલને આગળ મોકલી આપે (એટલે સદક઼ો ખૈરાત કરી આપે) તો એનાથી મળવા ચાહશે. અને જો માલને પાછળ છોડી આપે તો તેની સાથે પાછળ રહેવા ચાહશે.

### ★ ફિક્રે આખેરત વિશે મુસ્તફા ﷺની દુઆ ★

આખેરતની ફિકર પામવા માટે દુઆ પણ કરો. આપણા પ્યારા નબી ﷺ આ દુઆ માગ્યા કરતા હતા :–

اَللّٰهُمَّ اِنِّیۡ اَعُوۡذُ بِكَ مِنۡ دُنۡیَا تَمۡنَعُ خَیۡرَ الۡاٰخِرَةِ، وَاَعُوۡذُبِكَ مِنۡ حَیَاةٍ تَمۡنَعُ خَیۡرَ الۡمَمَاتِ، وَاَعُوۡذُبِكَ مِنۡ اَمَلٍ یَمۡنَعُ خَیۡرَ الۡعَمَلِ

''હે અલ્લાહ ! હું એવી દુનિયાથી તારી પનાહ ચાહુ છું જે આખેરતની ભલાઈથી રોકી દે. એવી જિંદગીથી તારી પનાહ ચાહું છું જે સારી મૌતથી રોકી દે અને એવી ઉમ્મીદોથી તારી પનાહ ચાહું છું જે નેક અમલોથી રોકી દે.

www.barkatekhwaja.net

# ઈસ્લામમાં સ્ત્રીઓને ચાર પતિની ઈજાઝત કેમ નથી ?

કાર્યાલય

દુનિયાના ઘણાય સમજદાર ગૈર મુસ્લિમોએ જયારે ઈસ્લામનો અભ્યાસ કર્યો તો ઈસ્લામી બંધારણના નિષ્પક્ષપણે અભ્યાસ બાદ તેમણે જાહેર કર્યું કે આખી દુનિયામાં જો ઈસ્લામી બંધારણ લાગુ કરવામાં આવે તો જગતભરમાં અમ્નો શાંતિની સ્થાપ્ના થઈ શકે છે. પણ કેટલાક નામ માત્રના મુસ્લિમ પણ હક઼ીક઼તમાં મુર્તદો એવા પણ છે જેમને (નાસ્તિક જેમ) ઈસ્લામી ક઼ાનૂનનો અભ્યાસ કરવો નથી અને પોતાના છીછરા જ્ઞાન સાથે સસ્તી લોકપ્રિયતા મેળવવા બાહોશ બની વાહ વાહ કમાવા માટે ઈસ્લામી કાનૂનો વિશે વણમાગી સલાહો આપવા માંડે છે. એવા જ ગુમરાહોમાંના એક ફિલ્મી ગીતકાર જાવિદ અખ્તરે ડહાપણ ડહોળ્યું કે "સ્ત્રીને ચાર પતિ રાખવાનો અધિકાર કેમ નહીં ?! પુરૂષ ચાર પત્ની કરી શકે તો સ્ત્રીને પણ ચાર પતિનો અધિકાર હોવો જોઈએ, તો સમાનતા કહેવાશે." આવા બદબખ્તોને અમે કહીએ છીએ કે તમે તમારી પત્ની પુત્રીઓને ઈસ્લામ વિરૂધ્ધ જઈ ચાર નહીં અસંખ્ય પતિઓ કરાવો ! કોઈને શું વાંધો ! પણ જૂઠી, સસ્તી વાહ વાહ કમાવા ઈસ્લામના પવિત્ર ક઼ાનૂનો પર આંગળી ન ચીંધો. આવો ! આ બાબતે ઈસ્લામમાં શું હિકમતો છે તેને જાણીએ.

### ★ ઈસ્લામમાં પણ ચાર પત્ની કોણ રાખી શકે ?! ★

દુનિયાના પૂજારીઓ અને ઈસ્લામના દુશ્મનો તરફથી એક વાંધો એ પણ કરવામાં આવે છે કે ઈસ્લામ પુરૂષોને ચાર શાદીઓનો હક્ક઼ આપીને નફ્સ પરસ્તી અને ઐયાશીની તા'લીમ આપે છે. જો એવું જ હોય તો પછી એકલા મર્દો જ શા માટે ?! સ્ત્રીઓને પણ એની ઈજાઝત મળવી જોઈએ.

**જવાબ** : આ પૂર્વગ્રહનું આંજણ આંજનારાઓને ખબર નથી કે ઈસ્લામનો કોઈપણ ક઼ાનૂન હિકમતથી ખાલી નથી હોતો. સ્ત્રીઓને ચાર શાદીની રજા એટલા માટે નથી આપવામાં આવી કે સ્ત્રીના પેટથી પેદા થનાર બાળકોનો વંશ ગુમનામ થઈ જશે અને તે ખ્વાહિશ કરનારા પુરૂષોમાં પણ ટકરાવ ઉભો થશે. એથી ઉલ્ટુ પુરૂષ બાબતે કે તે ચારમાંથી જેની સાથે ચાહે સંભોગ કરી શકે છે અને એના કારણે વંશની નિશ્ચિતતા પણ સલામત રહે છે. **પરંતુ એ ઈજાઝત પુરૂષને ઈસ્લામે એ સંજોગોમાં આપી છે કે જ્યારે કે તે એ સર્વ પત્નીઓમાં ન્યાય તથા સમાનતા રાખી શકતો હોય. જો ન્યાય તથા સમાનતા કરવાથી લાચાર છે તો ઈસ્લામ ચાર પત્નીઓ કરવાની રજા હરગિઝ નથી આપતો.**

અલ્લાહ તઆલા કુર્આને મુક઼દ્દસમાં ઈર્શાદ ફર્માવે છે :

فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ مَثْنٰى وَ ثُلٰثَ وَ رُبٰعَ

فَاِنْ خِفْتُمْ اَلَّا تَعْدِلُوْا فَوَاحِدَةً

"જે સ્ત્રીઓ તમને પસંદ આવે તેમને નિકાહમાં લાવો, બે–બે, ત્રણ–ત્રણ, ચાર–ચાર. પછી જો ડરો કે ન્યાય તથા સમાનતા નહીં કરી શકો તો એક જ કરો." *(સૂ. નિસાઅ, ૪/૩, કન્ઝુલ ઈમાન)*

### અધિક સંખ્યામાં પત્નીઓ શા માટે ?

૧. સ્ત્રી વાંઝિયી છે અને પુરૂષની ઈચ્છા છે કે બાળ જન્મ થાય.

૨. પ્રથમ પત્નીને એવી બીમારી લાગી ગઈ જેના કારણે

www.barkatekhwaja.net

પતિ પત્નીના વચ્ચે સંભોગ થવો મુશ્કેલ છે.

૩. કોઈ આકસ્મિક સંજોગોના કારણે કોઈનાથી મહોબ્બત થઈ જાય અને સામી બાજુથી તેને સમર્થન હોય.

૪. તંદુરસ્તી તથા ખુશહાલીના સબબે અમુક પુરૂષોમાં વાસના અધિક હોય છે, જો અધિક પત્નીઓની રજા ન હોય તો પુરૂષનું હરામ કામોમાં સપડાઈ જવાનો ભય રહે છે.

૫. જે તલાક઼ પામેલ તથા વિધવા સ્ત્રીઓ હોય છે તેમની શાદીનો મામલો મુશ્કેલ હોય છે, જો પત્નીવાળો પુરૂષ આવી તેણી સાથે શાદી કરી લે તો તે સ્ત્રી સુકૂન તથા ઈત્મિનાનની જિંદગી પસાર કરી શકે છે.

૬. બીજી વાત એ છે કે દુનિયાના ઘણા ઈલાકાઓ યુદ્ધોમાં બર્બાદ થઈ જાય છે, એમાં પુરૂષો જ કામ આવે છે જેથી પુરૂષોની કમી થઈ જાય છે અને સ્ત્રીઓની અધિકતા, તો હવે એ વિધવાઓનો ઈલાજ શું થાય ?!

આ સબબોના કારણે બહુપત્નીત્વ એક ન રોકી શકાય તેવી બાબત છે. પરંતુ સ્ત્રીઓને બહુપતિત્વ આપવામાં આવે તો જીવન વ્યવસ્થા વેર વિખેર થઈ જાય. દા.ત. વંશમાં ભેળસેળ થાત અને ખબર ન પડત કે બાળકનો પિતા કોણ છે ? અને પછી તેના કારણે બાળકની તા'લીમ તથા કેળવણી પર અસર પડત. અને બીજું એ કે એ બહયાઈનું ઉઘાડુ પ્રકરણ છે, જો કોઈ દિવસે ચારેવ પતિ એવો ઈરાદો કરી લેત કે અમારે પત્ની પાસે જવું છે તો એવા સંજોગોમાં તે બીચારીની હાલત અકથ્ય થઈ જાત અને એ પુરૂષોમાં પણ દુશ્મનીનો દરવાજો ખુલી શકતો હતો.

આ સર્વ મસ્લેહતોને નજર સમક્ષ રાખીને ઈસ્લામે પુરૂષોને તો ચાર શાદીની ઈજાઝત આપી અને સ્ત્રીઓને એનાથી મના કર્યું. હવે જો કોઈ બુદ્ધિવાન અને સમજદાર આ સર્વ હિકમતો અને મસ્લેહતોને જોઈને પણ ઈસ્લામના આ ક઼ાનૂન પ્રતિ આંગળી ચીંધે તો એનાથી મોટો બેવકૂફ કોઈ નહીં હોય. *(અશરફ઼િયા મંથલી, મુબારકપુર, ડિસે. ૨૦૦૬ માંથી)*

સામાન્ય બુધ્ધિથી વિચારીશું તો પણ સમજાશે કે, એક સ્ત્રીને ચાર પતિ હોય તો તેની સમજદાર ઔલાદ પણ પોતે શર્મિંદગી અનુભવશે, તેમને અજુગતું લાગશે કે મારા પપ્પા કોણ ?! અને માનસિક તણાવમાં રહેશે, અને લઘુતાગ્રંથિથી પીડાશે, જે એના જીવનના સર્વ ક઼ામોમાં ખલેલ ઉભી કરશે.

સ્ત્રીઓની લાગણી બતાવી મગરના આંસુ સારનાર આવા લોકોને એટલી જ સ્ત્રીઓની લાગણી છે તો જે સ્ત્રીઓ વેશ્યાલયોમાં સબડી રહી છે, તેમને કોઈ એક પતિવાળી તો કરી દો જેથી તેણીને પતિની છત્રછાયામાં ઈજ્જતની જિંદગી મળે. એની કોઈ ચળવળ કેમ નથી ઉપાડતા અને વળી વળીને ઈસ્લામી કાનૂન પર આક્ષેપો કરી એક પતિવાળી સ્ત્રીને ચાર પતિવાળી કરવા મથી રહ્યા છે. વળી ''લીવ ઈન રિલેશન''માં (પણ અસલમાં કોઈ સગાઈ નહીં !) સ્ત્રીઓ જિંદગીઓ તબાહ કરી રહી છે તેને રોકવા કે તેમના હક્કો માટે કેમ કોઈ વિચારતુ નથી ?!

વળી મોટાભાગના મુસલમાનો એકથી વધુ પત્ની કરતા જ નથી, ભાગ્યે જ કોઈક એકાદ પુરૂષ હશે કે જેને બે પત્નીઓ હોય, અને ચાર પત્નીવાળો તો લગભગ દુર્લભ છે, છતાં આજ વાત ક઼ૌમી વૈમનસ્ય ફેલાવનાર ઉછાળતા રહે છે, જ્યારે કે ગૈર મુસ્લિમોમાં કાયદેસર કે ગેર કાયદેસર એકથી અનેક પત્નીઓ કે રખાતો કે લીવ ઈન રિલેશનના ઓઠા હેઠળ નાજાઈઝ તરીકે રખાય છે તે જગ જાહેર છે છતાં ફસાદી દિમાગોને એની સુધારણા માટે કાંઈ જ કરવું નથી.

www.barkatekhwaja.net

## ★ દયાદરામાં સુન્ની ઈજતેમા યોજાયો ★

**દયાદરા** : તા. ૧૮–૧૧–૨૦૨૨ જુમ્આના રોજ ઈશા બાદ જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہના મુબારક અવસરે સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા તરફથી અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા યોજાયો જેમાં શરૂઆતમાં **જનાબ કારી મકસૂદ અશરફી** (પેશ ઈમામ જામા મસ્જિદ–દયાદરા)એ કિરાઅતે કુર્આન પેશ કર્યું બાદમાં હમ્દો નઅતના ગુલદસ્તા પેશ કર્યા. બાદમાં **હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી નૂરી** (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યા–ભરૂચ, સદર મુફ્તી દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) થકી દીની સવાલો જવાબની મેહફિલ થઈ. જેમાં કેટલીય અવામી ગલતફેહમીઓના પણ ખુલાસા કરી ઈલ્મી રોશની ફેલાવવામાં આવી. ત્યાર બાદ **હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ગૌષે પાક رضی اللہ عنہની શાનમાં બયાન કરી તેમની જિંદગીથી આપણે શું બોધ લેવો તેની સમજ આપી. ત્યાર બાદ બુલબુલે બાગે મદીના મશહૂર નઅતખ્વાં **જનાબ વાસિફ રઝા** (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાના અનોખા અંદાઝમાં નઅત તથા મન્કબતે ગૌષ પેશ કરી હતી. મુશ્તાક અકુજી થકી ફૂલ હારથી **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યાર બાદ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી સાહબના U.K.ના 25મા વાર્ષિક ઈજતેમા ૨૦૨૨માં થયેલ બીજા, ત્રીજા દિવસના બયાનો જેને કિતાબી સ્વરૂપમાં **"હર મુસીબતકા ઈલાજ"** નામથી સુન્ની દા'વતે ઈસ્લામી દયાદરાએ છપાવી તેનો રસ્મે ઈજરા હઝરતના હાથે થયો. (જેમાં કુર્આનની અનેક આયતો તથા હદીષો થકી દર્શાવ્યું છે કે આપણા પર મુસીબતો આવવાનો સબબ ગુનાહ છે અને એનો ઈલાજ અલ્લાહનો ઝિક્ર છે. ખૂબ જ અસરકારક બયાનો એમાં છે.) છેવટમાં હઝરતે ગૌષે પાક رضی اللہ عنہની નસીહતો અવામ માટે તથા ખવાસ માટે શું હતી તેને પેશ કરીને સાચા આશિકે ગૌષ હોવ તો તેને અપનાવી ઈસ્લામી પાકીઝા જિંદગી અપનાવવા તાકીદ કરી હતી. છેવટમાં મુરીદ, તાલિબ થવા ઈચ્છનાર ભાઈઓ બહેનોને સિલસિલા કાદરિયામાં દાખલ કર્યા હતા તથા સૌને ગુનાહોથી ઈજતેમાઈ તૌબા કરાવી. સલાતો સલામ બાદ ઈજતેમા ખત્મ થયો હતો.

www.barkatekhvaja.net

## મોતીપુરા "જશ્ને શાદી"માં સૈયદ અમીન અલી કાદરી

**મોતીપુરા** : (તા. ડભોઈ, જિ. વડોદરા) ખાતે જનાબ હાફિઝ હનીફ સાહબ (પેશ ઈમામ : મોતીપુરા મસ્જિદ)ના નેક ફરઝંદ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના શોએબ, પેશ ઈમામ, આદર્શનગર, તરસાલીના ભાઈ) હાફિઝ લુકમાનની શાદી મુબારક અવસરે સાદાતે કિરામ, ઉલમાએ એઝામ, હુફ્ફાઝ, અઈમ્મા હઝરત, મુબલ્લિગીનની હાજરીમાં ઔલાદે ગૌષે આ'ઝમ, આલે રસૂલ ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરા : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ પોતાના આગવા અંદાઝમાં નિકાહ કરવા માટે લોકો કઈ ચીજો પસંદ કરે છે અને ઈસ્લામમાં અલ્લાહના રસૂલ ﷺના કહયાનુસાર કઈ ચીજો જોઈને શાદી કરવી જોઈએ એ વિષય પર શાનદાર, અસરકારક બયાન કર્યું હતું. છેવટમાં હઝરતે દુલ્હાના નિકાહ પઢાવી દુઆઓ આપી હતી. (ખૂબ ખૂબ મુબારકબાદ ! દુલ્હા દુલ્હન કટુંબીજનો સૌને અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનની બેશુમાર ભલાઈઓ નસીબ કરે. (આમીન) *–તંત્રી.*